Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH
15TH AUGUST Happy Independence Day
FRIDAY, 13 AUGUST, 2021 Vol. 18, No. 33 Pages 20 Tel: 416-996-7755 E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## ગજની સહિત 10 પ્રાંતીય રાજધાની પર તાલીબાનોએ કબજો જમાવી દેતાં

# અફઘાન ઘૂંટણીયે, સત્તામાં ભાગીદારીની ઓફર

## શાંતિ મંત્રણા માટે તાલિબાનની એક જ માંગ, રાષ્ટ્રપતિ અશરફ ગની તેમના પદ પરથી રાજીનામું આપે

**કાબુલ**

તાલિબાનને અફઘાનિસ્તાનની સત્તામાં ભાગ મળી શકે છે. અફઘાન સરકારના મધ્યસ્થીઓએ તાલિબાન સાથે શાંતિ મંત્રણા દરમિયાન તેમને આ ઓફર કરી છે. હિંસા રોકવાના બદલામાં અફઘાન સરકાર દ્વારા સત્તાની ભાગીદારીની દરખાસ્ત કરવામાં આવી છે. આ દરખાસ્ત અફઘાનિસ્તાને કતારમાં તાલિબાન સાથેની બેઠક દરમિયાન કરી હતી. સમાચાર એજન્સી એએફપીએ ગુરુવારે આ માહિતી આપી હતી કે, સરકારે કતારને આ ઓફર કરી છે, જે તાલિબાન સાથે વાતચીતમાં મધ્યસ્થી તરીકે કામ કરી રહ્યું છે." પ્રસ્તાવ હેઠળ તાલિબાનને ઓફર કરવામાં આવી છે કે જો તે હિંસા બંધ કરે તો તેને સરકારમાં હિસ્સો આપી શકાય છે.

અમેરિકી દળોને પાછા ખેંચી લીધા પછી, તાલિબાન આક્રમક બન્યું છે અને અત્યાર સુધી હિંસાનાં દમ પર તેણે અફઘાનિસ્તાનનાં 34માંથી 10 પ્રાંતોની રાજધાનીઓ કબજે કરી લીધી છે. ગુરુવારે તાલિબાને રાજધાની કાબુલથી માત્ર 150 કિલોમીટર દૂર આવેલા ગઝની શહેર પર કબજો કર્યો હતો. ત્યારથી, તાલિબાનો દેશ પર કબજો કરે તેવી આશંકા વધી છે. ગઝની, જેને કાબુલના પ્રવેશદ્વાર તરીકે ગણવામાં આવે છે, તેના પર તાલિબાને કબજો કર્યા બાદથી અધિકારીઓએ ચિંતા વ્યક્ત કરી છે. અફઘાન સરકારનાં પ્રવક્તાએ પણ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું કે, "દુશ્મનોએ શહેર પર કબજો જમાવી લીધો છે."



તાલિબાનોએ અફઘાનિસ્તાનનાં ઉત્તરી અને પશ્ચિમ ભાગો પર કબજો જમાવી લીધો છે. અને હવે તે દક્ષિણ તરફ આગળ વધી રહ્યો છે. અફઘાન સરકાર દ્વારા તાલિબાનને ઘણી વખત મંત્રણાની ઓફર કરવામાં આવી હતી, પરંતુ તેઓએ તેનો ઈન્કાર કર્યો હતો. તાલિબાને કહ્યું કે કોઈ પણ વાતચીત ત્યારે જ થઈ શકે છે જ્યારે રાષ્ટ્રપતિ અશરફ ગની તેમના પદ પરથી રાજીનામું આપે. આ વર્ષે મે મહિનામાં વોશિંગ્ટનથી અમેરિકન દળોને પાછા ખેંચવાની જાહેરાત કરવામાં આવી હતી. ત્યારથી અફઘાનિસ્તાનમાં હિંસા નાટકીય રીતે વધી છે.

(વધુ અહેવાલ વાંચો પેજ 18 પર )

**સંસદ બની અખાડો!**

# વિપક્ષે કરી ધમાલ, સાંસદો અને માર્શલ વચ્ચે ઝપાઝપી

**નવી દિલ્હી**

ચોમાસુ સત્રના અંતિમ દિવસે રાજ્યસભામાં જે થયું તેને લઈને સરકાર અને વિપક્ષમાં જોરદાર યુદ્ધ છેડાયું છે. વિપક્ષનો આરોપ છે કે બહારથી માર્શલ બોલાવીને વિપક્ષી સાંસદોની સાથે ખરાબ વ્યવહાર કરવામાં આવ્યો છે. આ દરમિયાન રાજ્યસભાની એ ફૂટેજ સામે આવી છે જેને લઈને આ હોબાળો થયો છે. રાહુલ ગાંધી સહિત 15 વિપક્ષી નેતાઓએ આને લોકશાહીની હત્યા ગણાવી છે.

હવે આ ઘટનાનો વિડીયો સામે આવ્યો છે જેને લઈને વિપક્ષ સતત સરકાર પર પ્રહાર કરી રહી છે. આના જવાબમાં કેન્દ્રીય મંત્રીઓએ ગુરૂવારે બપોરે પ્રેસ કૉન્ફરન્સ કરી હતી. આ દરમિયાન અનુરાગ ઠાકુરે કહ્યું કે, વિપક્ષે કામમાં ખલેલ પાડવાનું કામ કર્યું અને આ માટે તેમણે દેશથી માફી માંગવી જોઈએ. વિપક્ષ મગરના આંસુઓ વહાવી રહ્યું છે. કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, આખો સત્તા પક્ષ ઈચ્છે છે કે સદન ચાલે, પરંતુ વિપક્ષે ગૃહની ગરિમા ઓછી કરી છે. મિનિસ્ટરના હાથમાંથી જવાબ છીનવવામાં આવી રહ્યા છે. પીયૂષ ગોયલે કહ્યું કે, જ્યારે માફીની વાત કહેવામાં આવી તો સ્પષ્ટ કહ્યું કે માફી નહીં માંગીએ. ચેમ્બરમાં બળજબરીપૂર્વક ઘૂસવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. આ દરમિયાન મહિલા માર્શલને ઈજા થઈ તે દુઃખદ છે. અમે આના પર એક્શનની માંગ કરી છે.

## સેક્સ ગુલામ માટે મહિલાઓનું અપહરણ

**કાબુલ :** તાલિબાની આતંકીઓ હવે મહિલાઓ પર અત્યાચાર ગુજારવા લાગ્યા છે. એક રિપોર્ટ અનુસાર તાલિબાન સેક્સ ગુલામ બનાવવા માટે ઘરે ઘરે જઇને યુવતીઓનું અપહરણ કરવા લાગ્યા છે. જેથી ડરના માર્યા અનેક મહિલાઓ સુરક્ષીત સ્થળે ભાગવા મજબુર થઇ છે. મીડિયાના દાવા પ્રમાણે તાલિબાનીઓ હાલ મહિલાઓનું અપહરણ કરી રહ્યા છે. યુવતીઓને પણ ગુલામ બનાવી તેની સાથે સેક્સ કરવા માટે તેમને ઘરે ઘરે જઇને ઉઠાવવા લાગ્યા છે. ખાસ કરીને તાલિબાનના જે કમાંડર આતંકીઓ હોય છે તેઓ આવી યુવતીઓ સાથે લગ્ન કરીને બાદમાં તેને સેક્સ ગુલામ બનાવી રહ્યા છે.

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

સ્વદેશ પરિવાર તરફથી વાંચકો તથા વિજ્ઞાપન દાતાઓને ભારતના ૭૫માં સ્વાતંત્ર્ય દિનની હાર્દિક શુભકામના

– તંત્રી શ્રી

ABOWATH REAL ESTATE GROUP
VALUING RELATIONSHIPS OVER TRANSACTIONS EVERY SINGLE TIME!
RE/MAX
MAAZ ABOWATH
BROKER
416 893 4585
More info on PAGE 2
વધુ માહિતી પાનું ૨ પર
ABOWATH.COM

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે ચશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
#1
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કોવિડના ડર વચ્ચે ઓન્ટેરિયો ફરી ધબકતું થવા તરફ

## પાનખર ઋતુ શરુ થતાં જ કોરોનાના કેસ ઘટવાની આશા : નાગરિકોને સાવચેતી રાખવા તંત્રની અપીલ

ટોરોન્ટો : ઓન્ટેરિયોના ટોચના ડોકટરો કહે છે કે, રોજના કોવિડ-૧૯ના કેસો વધી રહ્યા છે એ મોટી ચિંતા કે ડરનો વિષય નથી. ખરેખર તો એકંદરે સ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને પ્રાંત ધીરે ધીરે રીઓપનિંગ તરફ આગળ વધી રહ્યો છે. કોવિડ પછીના રીઓપનિંગના ત્રીજા પગથિયાને પૂર્ણ કરી રહ્યો છે. જો કે, છેલ્લા પાંચ દિવસથી કોવિડ-૧૯ના કેસનો આંક સતત ૩૦૦થી ઉપરનો રહ્યો છે. જેને કારણે છેલ્લા સાત દિવસની સરેરાશ ૩૦૬ની જોવા મળી હતી.

મંગળવારે બપોરે પત્રકાર પરિષદને સંબોધન કરતા ચીફ મેડિકલ ઓફિસર ઓફ હેલ્થ ડો. કીએરન મૂરે કહ્યું હતું કે, પ્રાંતમાં ધીમી ગતિથી કોવિડ-૧૯નું સંક્રમણ છેલ્લા અઠવાડિયામાં વધ્યું છે. પરંતુ જેવી પાનખર શરૂ થશે કે કેસોમાં ઘટાડો જોવા મળશે. એનો ખ્યાલ દરેક ઓન્ટારિયોવાસીએ રાખવો જોઈએ. આ કોઈ ડર કે ચિંતાની બાબત નથી. કેસોની સંખ્યામાં ઘણીવાર વધઘટ થતી રહી છે. આપણે આગળ વધવા તરફ જ ધ્યાન આપવાનું છે અને સાવચેતી રાખીને સંક્રમણ નહીં વધે એમાં સહકાર આપવાનો છે. એ આપણા બધાના સહિયારા પ્રયાસોથી જ શકય બની શકશે. તેમણે લાંબા વિકેન્ડસ અને ત્રીજા પગલાની શરૂઆત છેલ્લા અઠવાડિયાઓમાં થવાને કારણે કેસોની સંખ્યા વધી હોવાનું પણ જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે ઓગસ્ટમાં કસોની સંખ્યામાં ધીમે ધીમે વધારો જોવા મળ્યો છે અને પછી આપણે ઈન્ડોર પ્રવૃત્તિ તરફ વળ્યા છીએ. જેને કારણે પણ કેસ વધી શકે છે.

જાહેર આરોગ્ય વિભાગની પણ મર્યાદા છે કે, એ કસોને વધતા રોકવાના કોન્ટેકટ ટ્રેસીંગ અને સંક્રમણને ઘટાડવાના પુરતા આયોજનો સમયસર થતા નથી. જો લોકો આગળ આવીને વેકસીનેશનનો લાભ લઈને સુરક્ષિત બને તો હોસ્પિટલનો ભાર પણ ઓછો થઈ શકે અને નાના વયજુથને પણ સુરક્ષિત રાખી શકાય. જો વેકસિનેશનનો વેગ વધારી શકાય, માસ્ક અને સોશિયલ ડીસ્ટન્સીંગનું યોગ્ય પાલન થાય તો હેલ્થકેર સિસ્ટમ પણ સારી રીતે કામ કરી શકે.

તેમણે કહ્યું હતુ કે, ૧૨ વર્ષ અને એથી વધુ વયના લોકોમાં ૮૧ ટકા વેકસિનેટેડ છે. માત્ર ત્રણ ટકા લોકો જ બીજા ડોઝમાં બાકી છે. જે લગભગ આવનારા ૧૦ દિવસમાં થઈ શકશે.

# ઓન્ટેરિયો પ્રાંતના જાણીતા પૂર્વ પ્રિમિયર વિલિયમ ડેવિસનું ૯૨ વર્ષની વયે નિધન

**ટોરોન્ટો**

ઓન્ટેરિયોના ભૂતપૂર્વ પ્રિમિયર વિલિયમ ડેવિસનું ૯૨ વર્ષની જૈફ વયે રવિવારે સવારે બ્રામ્પટન ખાતે અવસાન થયું હોવાનું પરિવારે જાહેર કર્યું હતું. સત્તાવાર જાહેરાતમાં જણાવવામાં આવ્યું હતું કે, આપણા લોકલાડિલા ભૂતપૂર્વ પ્રિમિયર વિલિયમ જી. ડેવિસનું ૯૨ વર્ષની વયે પોતાના વતન બ્રામ્પટન ખાતેના નિવાસ સ્થાને રવિવારે તા. ૮મી ઓગસ્ટે અવસાન થયું છે. તેમના મૃત્યુ સમયે તેમનો પરિવાર ઉપસ્થિત હતો અને તેમનું મૃત્યુ કુદરતી રીતે થયું હતું. તેમણે વર્ષ ૧૯૭૧થી ૧૯૮૫ સુધી ઓન્ટેરિયોના



૧૮માં પ્રિમિયર તરીકે સેવાઓ આપી હતી. તેઓ જોન રોબર્ટસના અનુગામી હતા. પ્રોગ્રેસિવ કન્ઝર્વેટિવ પાર્ટીના ૪૨ વર્ષના શાસનમાં છેલ્લા ૧૪ વર્ષ તેમણે સેવાઓ આપી હતી. ઓન્ટેરિયોની વિધાનસભામાં તેઓ સૌથી પહેલા ૧૯૫૯માં ચૂંટાયા હતા અને શિક્ષણમંત્રી તરીકે સેવા આપી હતી. પ્રિમિયર બનતા પહેલા તેમણે યુનિર્વસીટી મિનીસ્ટરનુ પદ પણ સંભાળ્યું હતું. રવિવારે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ ટવિટરથી પોતાનો શોક સંદેશો પાઠવ્યો હતો. તેમણે લખ્યું હતું કે, ઓન્ટેરિયોના ભૂતપૂર્વ પ્રિમિયરે પોતાના કામોનો મોટો વારસો આપ્યો છે, તેનો લાભ આવનારી પેઢીઓને મળશે એવો મને વિશ્વાસ છે. બ્રામ્પટનના મેયર પેટ્રીક બ્રાઉને પણ રવિવારે સવારે એક નિવેદનથી પોતાનો શોક વ્યકત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ડેવિસ તો બ્રામ્પટનના વરિષ્ઠ નાગરિક હતા અને ઓન્ટેરિયોના સૌથી વધુ સફળ પ્રિમિયર હતા. એમની ખોટ સાલશે.

# ઓન્ટેરિયોમાં કામદારોની અછતને કારણે રેસ્ટોરાંના સમયમાં ઘટાડો

ટોરોન્ટો : ઓન્ટેરિયોના રેસ્ટોરાં ઉદ્યોગને કોવિડ-૧૯ની મોટી અસર થઈ છે. કામદારોની અછતને કારણે રેસ્ટોરાં ખુલ્લા રાખવાના સમયમાં કાપ મુકવાની નોબત આવી છે. ઘણાં રેસ્ટોરાં તો બંધ પણ થઈ ચુકયા છે. આ ઉનાળામાં ઓન્ટેરિયોના રેસ્ટોરાના સમયમાં પણ ફેરફાર આવી ગયો છે. લેકફીલ્ડ ઓન્ટેરિયોની લેકફીલ્ડ રેસ્ટોરાંના જનરલ મેનેજર વેઈન હમ્ફ્રેએ મીડિયાને સોમવારે કહ્યું હતું કે, અમારી સામે જયારે બિઝનેસની તકો છે, ત્યારે અમે એ ચુકી રહ્યા છીએ. રવિવારે અમે પાંચ શિફટ બંધ રાખવી પડી હતી.

સોમ, મંગળ અને બુધવારના લંચ પણ બંધ રાખવા પડયા છે. આ જ સમય છે જયારે અમે થોડી ઘણી કમાણી કરી શકીએ. કાવાર્થાસના સમર કોટેજર્સ પર નિર્ભર રહેનારા પણ સ્ટાફ વધારવા પ્રયાસ કરે છે, પણ વધારે સમય કામ કરવા માટે કામદારો પણ વધુ પગારની આશા રાખે છે. એને કારણે અમારે સમય પર કાપ મુકવો પડે છે. તેમણે એમ પણ કહ્યું કે, કિચનમાં અત્યારે ત્રણ જ રસોઈયાઓ છે. એટલે એમની પાસે પણ વધુ કામની અપેક્ષા રાખી ન શકાય. એટલે એમના કામના અને આરામના સમયને સાચવવો પડે છે. શટડાઉનને કારણે ઘણો સમય ઈન્ડોર ડાઈનીંગ ટોરોન્ટોમાં બંધ હતું. એટલે લેકવ્યુ પણ કાયમ ચાલુ રાખી શકાયું નહોતું. અત્યારે તો કામદારોની તંગીને કારણે સમયમાં કાપ મુકવો પડયો છે.

# સરહદ ખુલ્લી થતાં અમેરિકન પ્રવાસીઓનો નાયેગ્રા સહિતના પ્રવાસન સ્થળોએ ધસારો



**નાયેગ્રા**

સોમવારે એક વર્ષ કરતાં પણ વધુ સમય બાદ ઓન્ટેરિયોના નાયેગ્રા વિસ્તારના જાણીતા ધોધના સ્થળે અમેરિકન સહેલાણીઓ ઉમટી પડયા હતા. તેમને ટૂરીઝમ સેકટરના લોકોએ ઉમળકાભેર આવકાર પણ આપ્યો હતો. કેમ કે, પ્રતિબંધોની સૌથી વધુ અસર આ સેકટર પર થઈ હતી. રેઈનબો ઈન્ટરનેશનલ બ્રિજની પોતાના પરિવાર સાથે મુલાકાત લેનારી જેની સ્ટીવ્સે કહ્યું હતું કે, અમને નાયેગ્રા ફોલ્સમાં જવા મળી રહ્યું છે, એનો ભારે રોમાંચ છે. કેમ કે, અમે પહેલીવાર જ અહીં આવ્યા છીએ અને વ્હર્લપુલ બોટનો પ્રવાસ કરીશું. એ ઈલિનોઈસની રહેવાસી જેનીએ કહ્યું હતું કે, સરહદ પાર કરવામાં અમને ૯૦ મિનીટનો સમય લાગ્યો હતો.

અને બધા અધિકારીઓનું વર્તન ખૂબ જ સારૂં હતું. નોર્થ કેલિફોર્નિયાની એશ્લે એર્લ તેની માતા સાથે સોમવારે પહેલીવાર નાયેગ્રા ધોધ જોવા આવી હતી. તેણે કહ્યું કે, જેવી પ્રતિબંધોમાં છૂટ જાહેર થઈ કે અમે તરત જ એનો લાભ લેવાનું ઠરાવી લીધું હતું. એને કુદરતી સૌંદર્ય માણવાનો શોખ છે. એટલે મહામારી બાદ મળેલી તકને ઝડપી લીધી હતી. વળી, આ દિવસ મારો જન્મદિવસ હોવાથી આ ટુર મારે માટે ખાસ બની છે. બિનઆવશ્યક અમેરિકન પ્રવાસીઓએ હેલ્થ કેનેડાની માન્યતા ધરાવતી વેકસીનનો પુરો ડોઝ લેવો જરૂરી છે અને કોવિડ ટેસ્ટનો પુરાવો પણ જરૂરી છે. ઓન્ટેરિયોના સરહદી વિસ્તારમાં આવેલા નાયેગ્રાના વ્યાપારને પણ સરકારના આ પગલાની પ્રતિક્ષા લાંબા સમયથી હતી. નાયેગ્રા ફોલ્સ ટૂરિઝમ વિભાગના હેડ જેનિસ થોમસે કહ્યું હતું કે, ૧૭ મહિનાના લાંબા ગાળા બાદ પ્રતિબંધો દૂર થતા અમે અમેરીકન પ્રવાસીઓને આવકારતા આનંદ અનુભવી રહ્યા છીએ. કેમ કે, અહીં આવનારા પ્રવાસીઓમાં ૩૦ ટકા હિસ્સો અમેરીકનોનો હોય છે. નાયેગ્રા વાઈન્સ ટૂર્સ ઈન્ટરનેશનલના માલિકે કહ્યું હતું કે, અહીં આવનારાઓનું પ્રમાણ વધશે એવી એમની અપેક્ષા છે. અમે અમેરીકન પ્રવાસીઓને આવકારવા આતુર હતા. એકંદરે નાયેગ્રા ટૂરિઝમ સાથે સંકળાયેલા તમામ અત્યારે ખુશી અનુભવી રહ્યા છે અને સરકારના પગલાને આવકારી રહ્યા છે.

**નાયેગ્રાના વેપારને પણ સરકારના પગલાથી લાભ થવાની આશા**



# કેનેડિયન રોબર્ટ શેલેનબર્ગને મૃત્યુદંડ સામેની અપીલને ચીનની કોર્ટે ફગાવી

## ચીનના વલણને કેનેડિયન સરકારે વખોડ્યું, સજામાં ફેરફાર માટે ફરી અપીલ

**બિજીંગ**

મંગળવારે ચીનની અદાલતે ડ્રગ્સ કેસમાં ગુનેગાર અને મૃત્યુદંડના આરોપી કેનેડિયન રોબર્ટ શેલેનબર્ગની અપીલને ફગાવી દીધી હતી. કેનેડીયન સરકારે ચીનની સરકાર પર આ મૃત્યુદંડની સજા માફ કરાવવા દબાણ કર્યું હતું.

જો કે સામા પક્ષો ચીને પણ પોતાના હુવેઈના એક એકિઝકયુટીવને છોડાવવા દબાણ કર્યુ હતું. શેલેનબર્ગ સામે ડ્રગ્સની દાણચોરીનો કેસ ચાલ્યા બાદ તેને નવેમ્બર ૨૦૧૮માં ૧૫ વર્ષની કેદની સજા ફટકારવામાં આવી હતી. જે પાછળથી ૨૦૧૯માં મૃત્યુદંડમાં ફેરવાઈ ગઈ હતી. કેમ કે, હુવેઈના ચીફ ફાઈનાન્સ ઓફિસરની કેનેડામાં ધરપકડ થઈ હતી. હુવેઈ ટેકનોલોજીસ લિ.ના વાન્કુંવર સ્થિત કાર્યાલયના મેન્ગવાન્ઝોઉની ધરપકડ ડીસેમ્બર



### ૨૨૨ કિ.ગ્રા. ડ્રગ્સની દાણચોરીના કેસમાં કાર્યવાહી થઇ

૨૦૧૮માં થઈ હતી. જે અમેરીકાના આક્ષેપના આધારે થઈ હતી. વાન્ઝોઉએ ઈરાન સાથે કોઈ સોદામાં ભાગ ભજવ્યો હોવાનો આક્ષોપ હતો. ધ હાયર પીપલ્સ કોર્ટ ઓફ લિયાઓનિંગ પ્રોવિન્સે શેલનબર્ગની અપીલને ફગાવીને એ કેસ ચીનની સુપ્રિમ કોર્ટમાં મોકલ્યો હતો.

મૃત્યુદંડના અમલ પહેલા અપીલના અધિકાર હેઠળ આ તક મળી હતી. ચીન ખાતેના કેનેડીયન રાજદૂત ડોમ્નિક બાર્ટને પત્રકારોને કહ્યું હતું કે, ચીને અમારી અપીલ ફગાવી, એને અમે વખોડીએ છીએ અને રોબર્ટને ન્યાય મળે એ માટે ચીનને ફરીથી વિનંતી કરીએ છીએ.

એની સામે ચાલેલા કેસ અને સજામાં ફેરફાર બાબતે અમે સમાધાનની માંગણી કરીશું. કોર્ટમાં સુનાવણી બાદ શેનયાંગથી બાર્ટને ફોન પર જણાવ્યું હતું કે, અમારા પ્રયાસો ચાલતા રહેશે. વિદેશી બાબતોના મંત્રી માર્ક ગ્રેનેઉએ પણ એવો જ પ્રતિભાવ આપતા કહ્યું હતું કે, બધા કેસોમાં મૃત્યુદંડ આપવાના ચીનના પ્રયાસને અમે વખોડીએ છીએ. શેલબર્ગ સામેના કેસમાં એની ઉપર ૨૨૨ કિ.ગ્રા. ડ્રગ્સની દાણચોરીનો આરોપ હતો.

# ગેસની કિંમતમાં ફેરફારનો આધાર ડેલ્ટા વેરિયન્ટના સંક્રમણ પર જ

ઓન્ટેરિયો : કેનેડિયન્સ ફોર એફોર્ડેબલ એનર્જીના પ્રમુખ ડેન મેકટેગ્યુએ કહ્યું હતું કે, ગેસના ભાવોના વધારાનો આધાર કોવિડ -૧૯ના ડેલ્ટા વેરિયન્ટના સંક્રમણ પર આધારીત રહેશે. તેમણે કહ્યું હતું કે, આ વેરિયન્ટને કારણે ચિંતામાં વધારો થયો છે. કેમ કે, ક્રુડ ઓઈલના ભાવો નીચા જઈ રહ્યા હોવાથી અર્થતંત્રના સુધારાને અવળી અસર પડવાની પણ શકયતા છે. મંગળવારે ક્રુડનો ભાવ પ્રતિ બેરલ ૬૮.૬૩ યુએસ ડોલર હતો. જે જુલાઈના ૭૫ ડોલર કરતા ઘણો ઓછો ગણાય. આમ છતાં પણ વપરાશકારોએ તો છેલ્લા અઠવાડિયાઓમાં વધુ ભાવ જ ચુકવવા પડયા છે. કેનેડીયન ડોલર પણ નીચો જઈ રહ્યો હોવાથી પણ અર્થતંત્ર પર એની અસર વધુ જોવા મળી રહી છે. તેઓ માને છે કે, જો ડેલ્ટા વેરિયન્ટનો પ્રભાવ ઓછો થશે અને કેસો ઘટશે અને ક્રુડની માંગ વધશે તો એના ભાવો વધી શકશે. ઘણા દેશો આ તકનો લાભ લઈ રહ્યા છે. આ વર્ષે ક્રુડના ભાવમાં સૌથી વધુ ઉછાળો જુલાઈમાં વાન્કુંવરમાં જોવા મળ્યો હતો. જયારે ૧.૭૪ યુએસ ડોલર પ્રતિ લિટરનો ભાવ હતો. જો કે, સીઆઈબીસી એસેટ મેનેજમેન્ટના પોર્ટફોલિયો મેનેજર ક્રેગ જેરૂસલિમ કહે છે કે, ઓપેક સાથેનો છેલ્લો સોદો અને ઉત્પાદન વધારવાના પગલાથી ભાવવધારા પર નિયંત્રણ આવી શકશે અને પ્રતિ બેરલ ૯૦થી ૧૦૦ યુએસ ડોલર સુધી નહીં પહોંચે એનું ધ્યાન રખાશે.



### કેનેડીયન ડોલર પણ નીચો જઈ રહ્યો હોવાથી પણ અર્થતંત્રને અસર

# બાપ્સ ચેરીટીઝ કેનેડા દ્વારા ભારતને $ 2,00,000ની સહાય

## આર્થિક સહાય સાથે મેડિકલ ઉપકરણો તથા ફુડ બેંકમાં દાન પહોંચાડાયું, ટોરોન્ટોમાં કોવિડ વેકસીનેશ ક્લિનિકનું આયોજન કરાયું

ઓન્ટેરિયો : કોવિડ મહામારીની અસર સમગ્ર વિશ્વના તમામ સમુદાયો પર પડી છે. અનેક લોકોએ સ્વજનો ગુમાવ્યા છે. વિશ્વભરના આરોગ્ય સંભાળ ક્ષેત્રો, તથા અર્થવ્યવસ્થા સ્થિતિ વિકટ બની ગઈ છે. કોવિડના બીજી લહેરથી ભારતને ગંભીર સંકટનો સામનો કરવો પડ્યો હતો. જયારે ઘણા અસરગ્રસ્ત દર્દીઓને સારવાર અને સંભાળની જરૂર પડી, ત્યારે સ્થાનિક હોસ્પિટલો, આરોગ્ય સંભાળ સાથે જોડાયેલા કર્મચારીઓ અને ભારતના આરોગ્ય સંભાળ વિભાગે ક્ષમતા ઉપરાંત કામ કર્યું હતુ. બાપ્સ ચેરીટીઝ કેનેડાના પ્રેસિડેન્ટ યોગેશ પટેલે જણાવ્યું હતું કે, 'આ દાન સમગ્ર કેનેડાના અનેક દાતાઓ અને સંસ્થાઓની ઉદારતાથી શક્ય બન્યું





છે. અમે Indo-Canadian Psychiatric Association, ગુજરાતી મંડળ ઓફ કેલગેરી અને પંચાલ સમાજ ઓફ ઓન્ટેરિયોની સહાયની પ્રશંસા સાથે આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ. અમે ICICI બેંકના પણ આભારી છીએ જેમણે ભારતમાં ફંડ ટ્રાન્સફર કરવામાં મદદ કરી છે.'

કોવિડના કપરા સમયમાં બાપ્સ ચેરીટીઝ કેનેડાએ હોસ્પિટલોમાં પીપીઈનું દાન કરીને, કેર પેકેજીસનું વિતરણ કરીને ફુડબેંકમાં દાન આપ્યું હતુ અને ટોરોન્ટોમાં કોવિડ વેકસીનેશ ક્લિનિકનું આયોજન કરીને કોવિડ રાહતકાર્યો કર્યાં છે. ઉલ્લેખનીય છે કે, બાપ્સ ચેરીટીઝ સમગ્ર વિશ્વમાં વિવિધ રાહત કાર્યો કરી રહી છે. તેમાંની એક પ્રવૃત્તિ છે "In the Joy of Others વોક રન 2021" છે. આ વોક રનનું આયોજન 15 ઓગસ્ટ, 2021 સુધી કરવામાં આવ્યું છે. આ વોક રન વીલીયસ ઓસલેર હેલ્થ સિસ્ટમ, સીએનઆઈબી ફાઉન્ડેશન, સ્કારબોરો હેલ્થ નેટવર્ક અને વીકટોરિયા જનરલ હોસ્પિટલને લાભાર્થે સમગ્ર કેનેડામાં વર્ચ્યુઅલી યોજવામાં આવી છે.

# કોરોનાનો ભય છતાં વેકસિનેટેડ અમેરિકનો અને PRને આવકારાશે

**વોશિંગ્ટન**

જે અમેરિકનોએ વેકસિનના બંને ડોઝ લીધા હોય, તેમને હવે કેનેડામાં પ્રવેશ મળી શકશે. ઓટાવાએ કરેલી પહેલને પગલે ૧૭ માસના ગાળા બાદ ફરીથી કેનેડામાં પ્રવેશ શકય બન્યો છે. સોમવારે સવારથી એનો અમલ શરૂ થઈ ચુકયો છે. હેલ્થ કેનેડાની માન્યતા ધરાવનારી વેકસિનના બંને ડોઝ લીધા હોય તેવા અમેરીકન નાગરિકો અને પરમેનન્ટ રેસિડેન્ટસને પ્રવેશ મળવાની શરૂઆત થઈ છે.

### ઓટાવાએ કરેલી પહેલને પગલે 17 માસના ગાળા બાદ પ્રવાસીઓને છુટછાટ મળશે

ટોરોન્ટોના પીયરસન ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેના સ્ટોપ ઓવર દરમિયાન કાન્સાસના રહેવાસી ટોમ હેન્સને કહ્યું હતું કે, અહીં આવીને મને ઘણું સારૂં લાગી રહયું છે. જો કે, અમુક ફલાઈટસ ઉપલબ્ધ ન હોવાથી લાંબો રૂટ લેવો પડયો હોવાથી થોડો વિલંબ થયો, આમ છતાં એનો લાભ પણ મળ્યો છે. આ છૂટછાટ મેળવનારા અમેરીકન નાગરિકોએ કેનેડાના એરાઈવ કેન નામના એપ કે વેબ પોર્ટલનો ઉપયોગ કરી પોતાની વેકસીનેશનની જાણકારી આપવાની રહે છે. તો જ આ લાભ મળી શકે છે. તેમજ ૭૨ કલાક પહેલાનો ટેસ્ટનો રિપોર્ટ પણ બતાવવો જરૂરી છે. એટલાન્ટાથી ટોરોન્ટો આવનારા ડેવિડ પ્લોટકીનને પોતાની સગર્ભા સાળીની ખબર કાઢવા આ છૂટનો લાભ મળ્યો હતો. તેણે કહ્યું હતું કે, મને ફરીથી કેનેડા આવવા મળ્યુ છે. તેથી મેં પોતે સામાજિક જવાબદારી અદા કર્યાની લાગણી અનુભવી છે.

ફલોરીડાના વતની જોન એડમ્સ પોતાની વાન્કુવર ખાતેની પ્રોપર્ટી પાછી મેળવવા માંગતો હતો અને બંને દેશો વચ્ચેના પ્રવાસ પ્રતિબંધોનો વિરોધ કરી રહ્યો હતો, તેને પણ આ છૂટનો લાભ મળ્યો હતો. તેણે ટેમ્પા એરપોર્ટ પરથી ઈમેલમાં જણાવ્યું હતુ કે, અત્યાર સુધીનો અુભવ સારો રહ્યો છે. જો કે, જરૂરીયાત મુજબના ડોકયુમેન્ટસ હોય તો કોઈ ખાસ તકલીફ પડતી નથી.

# કેનેડામાં ૯૪ હજારથી વધુ નોકરીની તક સર્જાતા બેરોજગારી દર ઘટીને ૭.૫ ટકા

## 18 મહિનામાં તમામ સેકટરોમાં નોકરીની વધુ તક સર્જાવાની ચેમ્બરને આશા

**ટોરોન્ટો**

કેનેડાના અર્થતંત્રએ જુલાઈ માસ દરમિયાન ૯૪ હજારથી વધી રોજગારીની તકનું સર્જન કરી દેતાં બેરોજગારીનો દર ૭.૫ ટકા જેટલો નીચો આવ્યો હતો. સ્ટેટેસ્ટીક કેનેડાના શુક્રવારે આવેલા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, ઓન્ટેરિયોમાં જ ૭૨ હજાર રોજગારો ઉભા થયા હતા. આ ઉપરાંત મેનીટોબા, નોવા સ્કોસીયા અને પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડમાં પણ રોજગારીઓ વધી હતી. જો કે, બીજા વિસ્તારોમાં રોજગારો વધ્યા નહોતા. જો કે, એમાં ઘટાડો પણ થયો નહોતો.

મોટાભાગના નવા રોજગારો પ્રાઈવેટ સેકટરમાં અને પૂર્ણ સમયના હતા. જુલાઈમાં નોકરી ધરાવનારાઓનો આંક ૨૩૧૦૦૦ જેટલો હતો. જેમ જેમ અર્થતંત્ર પાટે ચઢી રહયું છે તેમ તેમ રોજગારીની તકો પણ વધી રહી છે. એ રીતે જ કોવિડ-૧૯ના ત્રીજા વેવ બાદ ફરીથી બધું યથાવત થવા માંડયું છે. અર્થશાત્રીઓના મત મુજબ જો એ આગળ વધશે તો ફાયદો જરૂર થશે. જો કે, અપેક્ષા કરતા ઓછી રોજગારી ઉભી થઈ હોવાનો પણ મત છે. જુલાઈના આંકડાથી એ સ્પષ્ટ થાય છે કે, હજું ૨૪૬૦૦૦ રોજગારી ઉભી થવી જોઈએ. જે ફેબ્રુઆરી ૨૦૨૦ પહેલાની સ્થિતિને આધારે અપેક્ષિત છે. મહામારીને કારણે એમાં ઘટાડો થયો છે. સ્ટેટેસ્ટીક કેનેડાના આ અહેવાલથી ઘણાએ નારાજગી પણ વ્યકત કરી છે. કેમ કે, જેટલી મોટી અપેક્ષા રાખવામાં આવી હતી એની સામે રોજગારી ઓછી ઉભી




થઈ શકી છે. જો કે એકંદરે બેરોજગારીના દરને નીચો લાવવામાં મળેલી સફળતા ભવિષ્યમાં વધુ રોજગારીની આશા દર્શાવે છે. કેનેડા ચેમ્બર ઓફ કોમર્સના લેહ નોર્ડ કહે છે કે, જુલાઈના રોજગારીના આંકડાઓ દર્શાવી રહ્યા છે કે, ધીમી પણ મક્કમ ગતિએ અર્થતંત્ર આગળ વધી રહયું છે. જે મહામારી બાદની સારી સફળતા ગણી શકાય. તેમણે આશા વ્યકત કરી હતી કે, આવનારા ૧૮ માસમાં બધા સેકટરોમાં ફરીથી રોજગારીની તકો ઉભી થશે અને અર્થતંત્રમાં સક્ષમ લોકોને એનો લાભ જરૂરથી થશે. નવી ટેલેન્ટને વધુ તકો પણ મળશે.

તંત્રી સ્થાનેથી

# નીરજ ચોપરા : આત્મવિશ્વાસથી છલકાતો એક ભારતીય ખેલાડી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

જાપાનની રાજધાની ટોક્યોમાં રમાઈ રહેલી ઑલિમ્પિક ગેઈમ્સમાં અંતે ભારતના ખાતામાં એક ગોલ્ડ મેડલ આવ્યો છે. આખી દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવતો દેશ હોવા છતાં ભારત ઑલિમ્પિક્સમાં એક ગોલ્ડ મેડલ જીતી શકતુ નથી એ મહેણું પણ ભંગાયું છે. નીરજ ચોપરાએ ભાલાફેંકમાં ગોલ્ડ મેડલ જીતીને આખી દુનિયામાં ભારતને ગોરવવંતુ કર્યું છે. ભારતે હોકીમાં ૮ ઑલિમ્પિક્સ ગોલ્ડ મેડલ જીત્યા છે પણ વ્યક્તિગત સ્પર્ધાઓમાં આ પહેલાં માત્ર શૂટિંગમા ગોલ્ડ મેડલ જીત્યો હતો. અભિનવ બિંદ્રાએ ૨૦૦૮માં ચીનની રાજધાની બીજિંગમાં યોજાયેલા ઑલિમ્પિક્સમાં ગોલ્ડ મેડલ જીત્યો પછી કોઈ ભારતીય ગોલ્ડ નહોતો જીતી શક્યો. બલ્કે બિંદ્રાનો ગોલ્ડ મેડલ ભારત માટે શનિવાર લગી વ્યક્તિગત સ્પર્ધાઓમાં પહેલો અને છેલ્લો ગોલ્ડ મેડલ હતો. નીરજ ચોપરાએ એ મહેણું પણ ભાંગ્યું અને ભારતને વ્યક્તિગત સ્પર્ધાઓમાં બીજો ગોલ્ડ મેડલ અપાવીને ઈતિહાસ રચ્યો. નીરજ ચોપરાની જીત બહુ મોટી છે કેમ કે, નીરજે એથ્લેટિક્સમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. ટ્રેક એન્ડ ફિલ્ડ એટલે કે એથ્લેટિક્સ અસલી સ્પોર્ટસ મનાય છે કેમ કે એથ્લેટિક્સમાં મેન્ટલ અને ફિઝિકલ બંને સ્ટ્રેન્થ જોઈએ, ટેકનિક જોઈએ, ગજબનાક રીફ્લેક્શન્સ જોઈએ. દેશ આઝાદ થયો એ પહેલાં આપણે બ્રિટિશ ભારત કહેવાતા અને બ્રિટિશ ભારત તરફથી રમતા નોર્મન પ્રિચાર્ડે ૧૯૦૦ની રોમ ઑલિમ્પિકમાં એથ્લેટિક્સમાં બે મેડલ જીત્યા હતા. ભારત તરફથી જીતાયેલા એ પહેલા બે ઑલિમ્પિક મેડલ હતા. પરંતુ નોર્મન પ્રિચાર્ડ અંગ્રેજ હતા. પ્રિચાર્ડ ભારતીય નહોતા. ભારતમાં રહેતા હોવાથી તેઓ બ્રિટિશ ભારત વતી રમવા ગયા હતા. ત્યારબાદ ઘણા ભારતીયોએ એથ્લેટિક્સમાં ભારત વતી ભાગ લીધો હતો. જો કે, કોઈ મેડલ જીતી શક્યું ન હતુ.

ઑલિમ્પિક્સમાં એથ્લેટિક્સમાં અત્યાર સુધી મિલ્ખાસિંહ અને પી.ટી. ઉષાના નામનો ગર્વ લઈ શકાતો હતો. મિલ્ખા અને ઉષા બંને ઑલિમ્પિક્સમાં મેડલ નહોતાં જીતી શક્યાં, પણ ચોથા નંબરે આવ્યા હતા. ટોક્યો ઑલિમ્પિક્સ પહેલાં મિલ્ખા અને ઉષા સિવાય બીજા કોઈ ભારતીય એથ્લેટ ઑલિમ્પિક્સની ફાઈનલમાં પણ નહોતા પહોંચ્યા. પણ કમલપ્રીત કૌરે એ મહેણું ભાંગેલું. કમલપ્રીત કૌરે ચક્રફેંકના ક્વોલિફાઈંગ રાઉન્ડમાં જોરદાર દેખાવ કરીને ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. પરંતુ ફાઈનલમાં કમલપ્રીત ૧૨ સ્પર્ધકોમાં છઠ્ઠા નંબરે રહી અને મેડલ ના લાવી શકી. નીરજે આ તમામ ખેલાડીથી આગળ વધીને ગોલ્ડ મેડલ જીતીને બધું સરભર કરી નાખ્યું છે. નીરજે એકદમ સ્ટાઈલમાં આ ગોલ્ડ જીત્યો છે અને તેના આત્મવિશ્રવાસ માટે તેને સલામ કરવી પડે તેમ છે. વર્લ્ડ રેસલિંગ ચેમ્પિયનશિપમાં ૩ મેડલ જીતનારો બજરંગ પુનિયા તો ગોલ્ડનો દાવેદાર ગણાતો હતો પણ પુનિયા બ્રોન્ઝ જ જીતી શક્યો. વિનેશ પાસેથી તો બ્રોન્ઝ પણ ના મળ્યો. તિરંદાજીમાં દીપિકા કુમારી અને અતાનુ દાસ, બોક્સિંગમાં એમ.સી. મેરી કોમ, ટેનિસમાં સાનિયા મિર્ઝા, શૂટિંગમાં સુભાષ ચૌધરી, અભિષેક વર્મા, મનુ ભાકર, મીરાબાઈ ચાનુ, પી.વી. સિંધુ વગેરે ગોલ્ડ મેડલનાં દાવેદાર હતાં. નીરજે ટોક્યોમાં પગ મૂક્યો ત્યારથી એ આશાને ફળીભૂત કરવાના બુલંદ ઈરાદા સાથે ઊતર્યો હોય એવો દેખાવ કર્યો હતો. ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ૮૬.૬૫ મીટર થ્રો કરીને નીરજ ગ્રુપ એ અને ગ્રુપ બી બંનેમાં પહેલો રહ્યો હતો. નીરજ ફાઈનલમાં આવ્યો ત્યારે સૌને તેનું પણ કમલપ્રીત જેવું ના થાય તેની ચિંતા હતી. પણ નીરજે કોઈ તબક્કે લોકોને નિરાશ ના કર્યા. નીરજે પહેલા પ્રયાસમાં ૮૭.૦૩ મીટર દૂર ભાલો ફેંક્યો અને ટોપ પર રહ્યો. બીજા થ્રોમાં નીરજે પોતાનો દેખાવ અડધો મીટર સુધારીને ૮૭.૫૮ મીટર કર્યો અને પોતાની સરસાઈ વધારી. નીરજે ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ૮૬.૬૫ મીટર દૂર ભાલો ફેંક્યો હતો. પહેલા બે રાઉન્ડમાં જ વધુ દૂર ભાલો ફેંકીને નીરજે અહેસાસ કરાવી દીધો કે એ ગજબનાક આત્મવિશ્વાસ સાથે મેદાનમાં ઊતર્યો છે.

હરિયાણાના પાણીપત જિલ્લાના કેંદ્રા ગામમાં ખેડૂત પરિવારના ઘરે ૨૪ ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ નીરજનો જન્મ થયો હતો. નીરજે ચંડીગઢમાં અભ્યાસ કર્યો હતો. નીરજે વર્ષ ૨૦૧૬માં પોલેન્ડમાં યોજાયેલી ચેમ્પિયનશિપમાં ૮૬.૪૮ મીટર ભાલાફેંકમાં ગોલ્ડમેડલ મેળવ્યો હતો. નીરજની કહાણી પાનીપતના એક નાનકડા ગામડાથી શરૂ થાય છે, જ્યાં નાની ઉંમરે નીરજ ભારે ભરખમ શરીરવાળો હતો. લગભગ ૮૦ કિલોગ્રામ વજન હતું. નીરજનું. કુર્તો અને પાયજામો પહેરેલાં નીરજને બધા સરપંચ કહીને બોલાવતા હતા. ૧૧ વર્ષની ઉંમરે નીરજ મેદસ્વિતાનો ભોગ બન્યો હતો. તેના વધી રહેલા વજનને જોતાં પરિવારે વજન ઓછું કરવા નીરજને રમત-ગમતમાં ભાગ લેવા સલાહ આપી હતી. ત્યારબાદ વજન ઓછું કરવા માટે પાણીપતના શિવાજી સ્ટેડિયમમાં જવા લાગ્યો હતો. એક ભારતીય કિશોરની માફક તેની પ્રથમ પસંદગી પણ ક્રિકેટ હતી. જો કે, સ્ટેડિયમમાં જેવલિન થ્રોની પ્રેક્ટિસ કરનારા ખેલાડીઓને જોઈ તેમના મનમાં પણ વિચાર આવ્યો કે, તેમની તુલનામાં પોતે ભાલો વધારે દૂર સુધી ફેંકી શકે છે. એક વખત કેટલાંક બાળકો સ્ટેડિયમમાં ભાલા ફેંકી રહ્યાં હતાં. નીરજ ત્યાં ગયો અને કોચે તેને ભાલો ફેંકવાનું કહ્યું.

નીરજે ભાલો ફેંક્યો અને તે ઘણે દૂર જઈને પડ્યો. ત્યાર બાદ કોચે તેને નિયમિત પ્રેક્ટિસ માટે આવવાનું કહ્યું હતું. આ સંજોગોમાં ક્રિકેટ મગજમાંથી વિસરાઈ ગયું અને અન્યોની સલાહ પર ભાલાફેંકની રમતમાં હાથ અજમાવ્યો હતો. ત્યાંથી જ તેમની આ સફરની શરૂઆત થઈ હતી. ૨૦૧૬માં ભારત પી.વી. સિંધુ અને સાક્ષી મલિકના મેડલ ખુશી મનાવી રહ્યું હતું ત્યા ઍથ્લેટિક્સની દુનિયામાં ક્યાં બીજે એક નવા સિતારાનો ઉદય થઈ રહ્યો હતો. નીરજે પોલૅન્ડમાં વિશ્વ ચૅમ્પિયનશિપમાં ગોલ્ડ મેળવ્યો હતો. તેમણે ગોલ્ડ કોસ્ટમાં રાષ્ટ્રમંડળ રમતોમાં ૮૬.૪૭ મીટર દૂર ભાલો ફેંકી ગોલ્ડમેડલ જીત્યો હતો. તેમજ વર્ષ ૨૦૧૮માં એશિયન રમતોમાં ૮૮.૦૭ મીટર લાંબે ભાલો ફેંકી રાષ્ટ્રીય રેકર્ડ બનાવ્યો હતો અને ગોલ્ડમેડલ જીત્યો હતો.

નીરજ પહેલો ભારતીય છે, જેણે એશિયન ગેમ્સમાં ગોલ જીત્યો છે. એશિયન ગેમ્સના ઈતિહાસમાં ૨ ભાલાફેંકમાં અત્યાર સુધી ભારતને માત્ર બે મેડલ જ મળ્યા છે. નીરજથી પહેલાં ૧૯૮૨માં ગુરતેજ સિંહે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ૨૦૧૮માં એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ નોની ગેમ્સમાં શાનદાર પ્રદર્શન કર્યા પછી નીરજના ખભા પરઈજા થઈ હતી. તેથી તે રમી ન શક્યો અને સર્જરી બાદ ઘણા મહિના સુધી આરામ કરવો પડ્યો હતો. નીરજે આંતરરાષ્ટ્રીય સ્તરની છ મોટી ટુર્નામેન્ટમાં મેડલ જીત્યા છે. ૨૦૧૮માં જકાર્તા એશિયન ગેમ્સ, ગોલ્ડ કોસ્ટ કોમનવેલ્થ ગેમ્સ, ૨૦૧૭માં એશિયન ચેમ્પિયનશિપ, ૨૦૧૬માં સાઉથ એશિયન ગેમ્સ, ૨૦૧૭માં જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપમાં ગોલ્ડમેડલ જીતી ચૂક્યો છે. ૨૦૧૬માં જુનિયર એશિયન ચેમ્પિયનશિપમાં તેણે સિલ્વરમેંડલ જીત્યો હતો.

manoj1968@yahoo.ca






# ગોવર્ધન થાળ

## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax
10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber



Franchise Opportunity in GTA

Call us for details

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.




Quarantine
Special
Package
$73 Per Day



Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# સત્યના પારખા કરાવવા કચ્છમાં સસરા સહિત 6ના હાથ ઉકળતા તેલમાં બોળાવ્યા

## મહિલા ઘરેથી ભાગી જતાં જમાઈએ સસરા તથા સાળાઓને બોલાવી કૃત્ય કર્યું

**કચ્છ**

કચ્છતાલુકાના ગેડી ગામે પારકરા વાંઢમાં રહેતો ધના ઢીલા કોલી થોડા સમય પહેલાં પત્ની સાથે હમીરપર ભગતવાળી વાંઢ ખાતે સાસરિયામાં ગયો હતો. જ્યાંથી ધનો પરત ગેડી ચાલ્યો ગયો હતો. જ્યારે તેની પત્ની પિયરમાં રોકાઈ હતી અને બાદમાં મહિલા ભાગી ગઈ હતી. જેમાં મહિલાના પિતા સહિતે મદદગારી કરીને ભગાડી દીધી હોવાની શંકા રાખીને ઘટનાને અંજામ અપાયો હતો.

મહિલા ભાગી જતાં જમાઈ ધનાએ સસરા હીરા ધરમશી કોલી અને તેના પાંચ ભાઈઓને સમાધાન માટે ગેડી ગામે બોલાવ્યા હતા. જેથી છ ભાઈઓ ગેડી જતાં આરોપી તમામને ગામમાં મેલડી માતાજીના મંદિરે લઈ ગયો હતો. જ્યાં સત્યના પારખા કરાવવા માટે આરોપીએ છ ભાઈઓને ઉકળતા તેલમાં હાથ નાખવા કહ્યું હતું, પરંતુ હીરા કોલી અને તેના ભાઈઓએ તેલમાં હાથ બોળવાની ના પાડતાં જમાઈ સહિતના આરોપીએ તેમને ધાકધમકી કરી ઉકળતા તેલમાં હાથ બોળાવ્યા હતા. કળતા તેલમાં હાથ નાખતા ફરિયાદી ઉપરાંત બાબુભાઈ, મોહનભાઈ, પોપટભાઈ અને સુરેશભાઈ સહિત છ ભાઈઓ ગંભીર પ્રકારે દાઝી ગયા હતા, જેથી આજે સવારના અરસામાં સારવાર અર્થે રાપર હોસ્પિટલમાં ગયા હતા, પરિણામે સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં રાપર પોલીસ હોસ્પિટલમાં દોડી ગઈ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સોમનાથ મહાદેવને 31 ધ્વજા ચડાવાઈ, 35000એ દર્શન કર્યા

**સોમનાથ**

ભગવાન ભોળાનાથને અને શિવભક્તોને પ્રિય શ્રાવણ માસનો આજે શ્રાવણી સોમવારે હર હર મહાદેવ, ઓમ નમઃશિવાયના નાદ વચ્ચે સૌરાષ્ટ્રમાં ભારે ઉત્સાહ અને શ્રધ્ધા સાથે પ્રારંભ થયો હતો. સૌરાષ્ટ્રના વિશ્વપ્રસિધ્ધ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરમાં પાસ વગર પ્રવેશ નહીં આપવાનો નિયમ વચ્ચે પણ રાત્રિ સુધીમાં ૩૫ હજાર ભાવિકોએ દર્શન કર્યા હતા જે કોરોના ન હોય ત્યારે સંખ્યા એક લાખને આંબી જતી હોય છે. આજે એક દિવસમાં જ ભાવિકોએ ૩૧ ધ્વજા ચડાવી હતી અને ૧૨ તત્કાલ મહાપૂજા કરી હતી. તો અન્ય પ્રસિધ્ધ મંદિરોએ વહેલી સવારથી જ ભાવિકોની ડિસ્ટન્સ સાથે પણ ભારે ભીડ જોવા મળી હતી. સોમનાથ મહાદેવને બોરસલીના શ્રૂંગાર કરાયા હતા, હજારો ભાવિકોએ નોંધાવેલ પૂજાવિધિ ૨૦૦થી વધુ ભુદેવો દ્વારા કરાઈ હતી. લાખો લોકોએ ઓનલાઈન દર્શન કર્યા છે. તો સૌરાષ્ટ્રભરમાં આવેલા શિવ મંદિરોમાં મહાદેવને દિવ્ય શણગાર કરવામાં આવ્યા હતા. ઘરમાં જ મહાદેવને હાજરાહજુર ગણી મોટાભાગના લોકોએ ઘરે શિવલિંગ પર દૂધ,જળનો અભિષેક, બિલ્વપત્રથી વિશેષ પૂજન કર્યું હતું.

# પ્રાઈડ ઓફ ગુજરાત : રાજ્યમાં સિંહોની સંખ્યા વધીને 674 થઈ

**ગીર સોમનાથ**

સોરઠ ગીર પ્રદેશના સાવજની સાથે સૃથાનિક લોકોનુ ભાવનાત્મક જોડાણ ઉપરાંત સિંહના જતન માટે સાર્થક પ્રયાસોને કારણે સિંહોની સંખ્યામાં વધારો થયો છે. ગુજરાતમાં સિંહોની સંખ્યા વધીને 674 થઈ છે. વર્ષ 2015માં સિંહોની સંખ્યા 529 હતી. રાજ્યમાં સિંહોની સંખ્યામાં 29 ટકાની વૃધ્ધિ થઈ છે. આગામી દિવસોમાં ગીર સાસણમાં સ્ટેટ ઓફ આર્ટ હોસ્પિટલ શરૂ કરવા રાજ્ય સરકારની નેમ છે. ગુજરાતના ગૌરવ સમાન એશિયાટિક સિંહ વિશ્વસ્તરે ઉજાગર થાય તે માટે સરકારે પ્રયાસો હાથ ધર્યા છે.

# સાવરકુંડલા-મહુવા હાઈ-વે પર ટ્રક ઝૂંપડામાં ઘૂસી જતાં 8 લોકોનાં મોત

**અમરેલી**

સાવરકુંડલાથી આઠ કિલોમીટર દૂર શુક્રવારે મધરાત્રે એક ગમખ્વાર અકસ્માત બન્યો હતો, જેમાં એક જ પરિવારના ચાર વ્યકિત સહિત કુલ આઠ લોકોનાં મોત થયા છે. સાવરકુંડલાથી પીપાવાવ-જાફરાબાદ તરફ વ્હીકલ ટો કરવા જઈ રહેલો એક ટ્રક (મોડી ફાઈડ ક્રેઈન) બાઢડા નજીક પહોંચ્યો ત્યારે ડ્રાયવરને ઝોકું આવી જતાં ટ્રક પૂરપાટ વેગે જ રોડ ક્રોસ કરી, ત્રણ ફૂટ નીચે સરકીને ત્યાં છાપરાં બાંધીને રહેતા શ્રમિક પરિવારના ખોરડામાં ઘૂસી ગયો હતો.

મૃતકોમાં પૂજાબેન સોલંકી, લક્ષ્મીબેન સોલંકી, શુકનબેન સોલંકી, હેમરાજભાઈ સોલંકી,



નરશીભાઈ સાંખલા, નવઘણભાઈ સાંખલા, વિરમભાઈ છગનભાઈ રાઠોડ, દાદુભાઈ રાઠોડનો સમાવેશ થાય છે. બનાવની જાણ થતાં સાવરકુંડલા 108 એમ્બ્યુલન્સ તેમજ સાવરકુંડલા રૂરલ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

# રાજકોટથી જેતપુર સુધી સિક્સ લેન રોડને મંજુરી

**રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા શાસનના પાંચ વર્ષની ઉજવણી અંતર્ગત મંગળવારે વિકાસ દિવસની થીમ પર રાજ્યમાં જુદા જુદા સ્થળે લોકાર્પણ ખાતમુહુર્ત સાથે રાજકોટમાં કેન્દ્રીય ગૃહમંત્રી, મુખ્યમંત્રી સહિતનાની સ્ક્રીન ઉપર વર્ચ્યુઅલ ઉપસ્થિતિ, સંબોધન સાથે રૂ.૧૩ કરોડના રસ્તાકામોનું લોકાર્પણ કરાયું હતું જેમાં કેન્દ્રીય પરિવહન મંત્રીએ ગીચ ટ્રાફિક ધરાવતા રાજકોટ-જેતપુર વચ્ચેના નેશનલ હાઈવેને સિક્સલેન, એક્સપ્રેસ વે અને નવા બ્રિજની મંજુરી અપાયાનું જાહેર કર્યું હતું તો મુખ્યમંત્રીએ સત્તા એ ભોગવવા માટે નથી તે અમારો મંત્ર સાથે અમારી સરકાર આગળ વધી રહ્યાનુ જણાવ્યું હતું.



# દહેજમાં વાયુ પ્રદૂષણથી 70,000 હેક્ટર કપાસનો પાક ખતમ થયો

## ભરૂચમાં લોકોના આરોગ્ય સામે પણ ખતરાનો ભય

**ભરૂચ**

દહેજ અને વિલાયત ઔદ્યોગિક વસાહતમાંથી છોડવામાં આવનતા ફેનોક્સિ 2, 4ડી અને 2, 4ડીબી તરીકે ઓળખાતા વાયુની અસરને પરિણામે ભરૂચ જિલ્લાના વિલાયત અને દહેજ જીઆઈડીસીની પરિસરમાં આવેલી ખેડૂતોની 70,000 હેક્ટર જમીનમાં ઉગાડવામાં આવેલા કપાસનો પાક ખતમ થઈ ગયો છે. વાગરા, આમોદ, ભરૂચ, જંબુસર, કરજણ તાલુકામાં તેની સૌથી વધુ અસર જોવા મળી રહી છે. કપાસ ઉપરાંત તુવેરના પાકને પણ ખાસ્સું નુકસાન થયું છે.

પ્રધાનમંત્રી કાર્યાલયને પણ આ અંગે એક લેખિત ફરિયાદ પાઠવવામાં આવી છે જેમાં જણાવ્યા પ્રમાણે 1000 ચોરસ કિલોમીટર વિસ્તારની ખેતી પર તેની અસર પડી છે. ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ પાસે દહેજ અને વિલાયત જીઆઈડીસીની પરિસરના વાતાવરણમાં ફેલાઈ રહેલા ઝેરી ફેનોક્સિ 2, 4ડી વાયુને માપવાની



કોઈ જ સિસ્ટમ ન હોવાથી સ્થાનિક પર્યાવરણને ખાસ્સું નુકસાન થઈ રહ્યું છે.

આ ઔદ્યોગિક વસાહતમાં કેટલાક એવા કેમિકલ્સનું પણ ઉત્પાદન કરવામાં આવે છે જેનું ઉત્પાદન કરવા પર અન્યથા ઘણાં દેશમાં કે શહેરમાં પ્રતિબંધ લગાવવામાં આવેલો છે. પરિણામે ફેનોક્સિ તરીકે ઓળખાતા કેમિકલના કમ્પાઉન્ડ્સ હવામાં છૂટતા હોવાથી સમગ્ર ભરૂચ વિસ્તારના પાકને મોટું નુકસાન થઈ રહ્યું છે. ખેડૂતોનો પાક ખરાબ થઈ જતાં તેને કાઢી નાખવાની ખેડૂતોને ફરજ પડી છે. કેમિકલના વાયુ પ્રદુષણને પરિણામે છોડવાઓ સૂકાઈ રહ્યા છે.

# નવસારીમાં માત્ર 7 વર્ષની બાળકીએ સર્જ્યો વિશ્વ વિક્રમ

**નવસારી**

નવસારીની સાત વર્ષીય દ્રષ્ટિ જયસ્વાલે વિશ્વ વિક્રમ સર્જ્યો છે. નવસારીની દીકરીએ એક મિનિટમાં 64 વાર ફોરવર્ડ વોક કરી આ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. દ્રષ્ટિનો વિક્રમ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયો છે. ગત 4 એપ્રિલના રોજ દ્રષ્ટિએ રેકોર્ડ માટે પ્રયાસ કર્યો હતો. અને આ એટેમ્પટ બાદ ગિનીઝ બુકની ટીમને 120થી વધુ પુરાવા મોકલાયા હતા. પુરાવાઓની ચકાસણી બાદ ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં માન્યતા આપી હતી. દ્રષ્ટિએ એક મિનિટની અંદર જ 64 વાર ફોરવર્ડ વોક કરી આ સિદ્ધિ હાંસલ કરી હતી. 4 એપ્રિલે દ્રષ્ટિએ આ પ્રયાસ કર્યો હતો. પણ તેણે આપેલાં પુરાવાઓનો અભ્યાસ કરીને ચાર ઓગસ્ટના રોજ ગિનીઝ બુક દ્વારા તેના રેકોર્ડને માન્યતા આપવામાં આવી હતી. દ્રષ્ટિએ હાંસલ કરેલી આ સિદ્ધિ પાછળ અથાગ મહેનત પણ છે. માત્ર સાત વર્ષની ઉંમરે તેણે આ વર્લ્ડ રેકોર્ડ સર્જવા માટે દરરોજ છ કલાક સુધીની પ્રેક્ટિસ કરતી હતી.

# લેઉવા પટેલ સમાજના યુવાનનું અંગદાન, 4ને નવજીવન મળ્યું

## અંગોને ચેન્નઈ, અમદાવાદ, ઈન્દોરના ખાતે મોકલાયા

**સુરત**

કામરેજના પાસોદરા ખાતે લેઉવા પટેલ સમાજના યુવાન રત્નકલાકારે ફેફસા, કિડની, લીવર અને ચક્ષુનું દાન કરી ચાર વ્યક્તિઓને નવજીવન મળ્યુ છે. પરિવારે અંગદાનનો નિર્ણય લઈ માનવતાની મહેક ફેલાવી સમાજને નવી દિશા બતાવી છે.

મૂળ અમરેલીના ધારી તાલુકાના ચલાલા ગામમાં વતની અને હાલમાં કામરેજ ખાતે પાસોદરા રોડ પર ઓપેરા પ્રિન્સમાં રહેતા 35 વર્ષીય મનસુખભાઈ ઝીણાભાઈ કાથરોટીયા રત્નકલાકાર તરીકે કામ કરતા હતા. ગત તા.2જી એ રાત્રે બ્રેઈનસ્ટ્રોકનો હુમલો આવતા પરિવારજનોએ તાકીદે સારવાર માટે કામરેજની હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ત્યાં નિદાન માટે સીટી સ્કેન અને એમ.આર.આઈ કરાવતા લકવાનો હુમલો થયો હોવાનું નિદાન થયું હતું. ત્યાંથી વધુ સારવાર માટે ગત તા.4 થી એ વધુ સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ગત તા.6થી એ ડોક્ટરોએ તેમની બ્રેનડેડ જાહેર કર્યા હતા. ડોનેટ લાઈફના સંપર્ક બાદ તેનો પરિવાર અંગદાન માટે સંમત થયો હતો. સુરતથી ચેન્નાઈનું 1610 કિ.મીનું અંતર 160 મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા ફેફસાંનું ટ્રાન્સપ્લાન્ટ ઈન્દોરની રહેવાસી 51 વર્ષીય મહિલામાં ચેન્નાઈની હોસ્પિટલમાં ડોક્ટરની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ મહિલાના ફેફસાં કોવીડ ન્યુમોનિયાને કારણે ખરાબ થઈ ગયા હોવાથી તે છેલ્લા 76 દિવસથી ઈ.સી.એચ.ઓ મશીન અને વેન્ટીલેટરના સપોર્ટ પર હતી. જ્યારે તેમનું લિવર અમદાવાદના રહેતા 54 વર્ષીય વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું. જયારે દાનમાં મેળવવામાં આવેલી કિડનીમાં લોહીના ગઠ્ઠા જમા થઈ ગયા હોવાને કારણે બંને કિડની ખરાબ થઈ ગઈ હતી તેને કારણે કિડનીઓનું ટ્રાન્સપ્લાન્ટ થઈ શક્યું નહોતું.

# સુરતમાં દેશનું પહેલું ડાયમંડ ઓક્શન હાઉસ બન્યું, 16 ઓગસ્ટે ઉદઘાટન થશે

સુરત :દેશનું સૌથી પ્રથમ ઓક્શન હાઉસ બનીને તૈયાર થઈ ગયુ છે. જોકે, તેનુ ગૌરવ પણ ગુજરાતને મળે તેવુ છે. કારણ કે, દેશનુ પહેલુ ઓક્શન હાઉસ સુરત શહેરમાં બન્યુ છે. આલિશાન બનાવાયેલા આ ઓક્શન હાઉસનુ એક દિવસનું ભાડુ જ એક લાખ રૂપિયા છે. 16 ઓગસ્ટના રોજ આ ઓક્શન હાઉસનું ઉદઘાટન થવાનું છે.

આ ઓક્શન હાઉસ સુરતના જીજેઈપીસી દ્વારા વેસુ વિસ્તારના ટાઈટેનિયમ સ્કેવર બિલ્ડીંગ તૈયાર કરવામાં આવ્યુ છે. આ ઓક્શન હાઉસમાં ડાયમંડની હરાજી થશે. જેમાં રફ-પોલિશ્ડ ડાયમંડ, જ્વેલરી અને જેમ્સ સ્ટોનની ખરીદી, વેચાણ અને હરાજી કરી શકાશે. દેશના પહેલા ઓક્શન હાઉસનું પહેલુ બુકિંગ 18 ઓગસ્ટના રોજ થઈ ચૂક્યુ છે. જેથી ઉદઘાટનના એક દિવસ બાદથી જ તે કાર્યરત થઈ જશે.

આ ઓક્શન હાઉસ તૈયાર થઈ જવાથી અનેક વેપારીઓ તેનો ફાયદો લઈ શકશે. ખાસ કરીને સૌરાષ્ટ્રના જ્વેલરીના વેપારીઓ માટે પણ ઓક્શન હાઉસ ઉપયોગી બની રહેશે. હીરા વેપાર સાથે સંકળાયેલ કોઈ પણ વેપારી માટે આ ઓક્શન હાઉસ વેપાર કરવાનું મહત્વનું સ્થળ બની રહેશે.

ઓક્શન હાઉસમાં એક દિવસનું ભાડુ 1 લાખ રૂપિયા રહેશે. આ ઉપરાતં તેને બનાવવા ખર્ચ 4 કરોડના ખર્ચ કરાયો છે. આ ઓક્શ હાઉસ 2200 સ્ક્વેરફૂટમાં નિર્માણ પામ્યું છે.


**લગ્નવિષયક**

કેનેડા PR ચરોતર લેઉઆ પટેલ ઉ.વ ૨૮, ઉંચાઈ ૫'.૧૦''
અભ્યાસ BE (Indian) & P. G. in IT (Canada)
હાલ એજન્સી મારફતે ટી.ડી., બેંકમાં સોફટવેર ડેવલોપરની
જોબ ટોરન્ટોમાં or working as Software
Developers in Canada માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતી
સ્ટુડન્ટ વિઝા / Work Permit / PR / Canada &
US Citizen. ફક્ત કુંવારી, વેજીટેરિયન, સંસ્કારી યુવતીના
વાલીઓ તરફથી જન્માક્ષર સહીત બાયોડેટા,
ફોટોગ્રાફ સાથે આવકાર્ય છે.
Email : patelmarriage365@gmail.com



**Imperial PEST CONTROL**

Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:

1 Spray Services
2 Fogging Services
3 Sanitation Services

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# બનાસકાંઠામાં ભાજપના સાંસદ પરબત પટેલની કથિત અશ્લિલ ક્લિપ વાયરલ

## યુવતી સાથે કઢંગી હાલતમાં દેખાતા પુરૂષ સાંસદ પરબત પટેલ હોવાની ચર્ચા

**બનાસકાંઠા**

બનાસકાંઠાથી ભાજપના સાંસદ પરબત પટેલની સોશિયલ મીડિયામાં કથિત સેક્સ ક્લિપ વાયરલ થતાં ખળભળાટ મચી ગયો છે. જોકે, પરબત પટેલ દ્વારા દાવો કરાયો છે કે તેમના ફોટા સાથે એડિટિંગ કરીને ખોટો વિડીયો બનાવવામાં આવ્યો છે. આમ આદમી પાર્ટીના કાર્યકતા મઘાપટેલે થોડા સમય અગાઉ સોશિયલ મીડિયામાં એવી પોસ્ટ મૂકી હતી કે, 'નેતાજીનો સેક્સ વિડીયો 4.6 મિનીટનો છે, તેમાંથી 1 મિનિટનો કટિંગ વિડીયો 15 ઓગસ્ટના દિવસે 12:39 કલાકે સોશિયલ મીડિયાના માધ્યમથી વાયરલ કરાશે. વિડીયોમાં દેખાતી આ કથિત વ્યક્તિને બનાસકાંઠાના સાંસદ તરીકે ચીતરવાનો ગંભીર આક્ષેપ કરાયો છે, જેની કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. આ કથિત ક્લિપ વર્ષ 2016માં પાલનપુરના સર્કિટ હાઉસની હોવાની ચર્ચાય છે.

### તેમનું ચરિત્ર શુદ્ધ છે : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

બનાસકાંઠા ભાજપના સાંસદ પરબત પટેલના પુત્ર શૈલેશ પટેલે થરાદ પોલીસ મથકે મુકેશભાઈ લાખાભાઈ રાજપૂત અને મઘાભાઈ અરજણભાઈ પટેલ સામે સાંસદને બદનામ કરવાના હેતુથી વીડિયો એડિટ કરી વાઇરલ કરવા બદલ ગુનો નોંધાવ્યો હતો. બીજી તરફ મંત્રી ચુડાસમાએ કહ્યું કે, પરવટ પટેલનું ચારિત્ર્ય શુદ્ધ છે. માત્ર તેમને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

# મંડળીના સભ્ય તરીકે વિપુલ ચૌધરીને ગેરલાયક ઠેરવવાની નોટિસ સામે સ્ટે

**મહેસાણા**

મહેસાણાની દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીને માણસા તાલુકાની ચરાડા ગામની દૂધ ઉત્પાદન મંડળીના કારોબારી સભ્ય તરીકે ગેરલાયક ઠેરવવા અંગેની ગાધીનગર જિલ્લા રજિસ્ટ્રારની નોટિસ પર ગુજરાત હાઈકોર્ટે વચગાળાનો સ્ટે આપ્યો છે. આદેશ સાથે હાઈકોર્ટે શરત મૂકી છે કે કોઈપણ સહકારી સંસ્થામાં ચૂંટણી લડતા પહેલાં કે ઉમેદવારી નોંધવાતા પહેલાં તેમણે હાઈકોર્ટની મંજૂરી લેવાની રહેશે. મહેસાણા ડેરીમાં ગેરરીતિના આરોપસર વિપુલ ચૌધરી સામે સહકારી બાબતોના રજિસ્ટ્રારે વર્ષ ૨૦૧૫માં આદેશ કર્યો હતો કે વિપુલ ચૌધરી છ વર્ષ સુધી કોઈપણ સહકારી સંસ્થામાં હોદ્દો ધારણી કરી શકશે અને અને આ માટે તેમને ગેરલાયક ઠેરવતો હુકમ કરવામાં આવ્યો હતો અને ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટે પણ આ નિર્ણય યથાવત્ રાખ્યો હતો.આમ છતાં ગાંધીનગરના જિલ્લા રજિસ્ટ્રારના ધ્યાને આવ્યું હતું કે ૨૦૧૫ના આદેશ છતાં વિપુલ ચૌધરી માણતા તાલુકાના ચરાડા ગામની મંડળીમાં કારોબારી સભ્ય તરીકે ચાલુ રહ્યા હતા અને જુલાઈ-૨૦૧૭ની કારોબારી સમિતિની ચૂંટણીમાં ભાગ લઈ હોદ્દો પણ ધારણ કર્યો હતો.

# ડાકોર રણછોડરાયીને શ્રાવણની ત્રીજ નિમિત્તે ઠકુરાણીનો શણગાર

**ડાકોર**

દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ મહિનાની ત્રીજ નિમિત્તે ડાકોરના રણછોડરાયજીને ઠકુરાણીનો શણગાર કરવામાં આવ્યો હતો.ભગવાન શ્રીકૃષ્ણે તેમની પ્રિય પત્નીને વર્ષમાં એકવાર રાધાજીનું સ્વરુપ ધારણ કરવાનું વચન આપ્યું હતું, અને વચન પ્રમાણે ભગવાન શ્રાવણ માસની ત્રીજે આ રુપ ધારણ કરતા હોવાથી આ દિવસ ઠકુરાણી ત્રીજ તરીકે પણ ઓળખાય છે. જેથી ડાકોરમાં પણ આ દિવસે ભગવાનને રાધાજીનો શણગાર કરવામાં આવે છે જેમાં ખાસ સુંદર હીરાજડિત નથ પહેરાવામાં આવે છે. આ દિવસે ભગવાનના અલૌકિક દર્શન રાધાના રુપે થતા હોવાથી મોટી સંખ્યામાં ભક્તો મંદિરે આવે છે.

# લુણાવાડામાં ભાજપ નેતા અને પત્નીની રૂપિયાની લેતીદેતીમાં મિત્રએ જ કરી હત્યા

**મહિસાગર**

લુણાવાડાના ગોલાના પાલ્લા ગામે ભાજપના અગ્રણી ત્રિભોવનદાસ પંચાલ અને તેમની પત્નીની હત્યાના છઠ્ઠા દિવસે હત્યાનો ભેદ ઉકેલાયો છે. જેમાં નાણાની લેતીદેતીના ઝઘડામાં દંપતીને મોતને ઘાટ ઉતારનાર ત્રિભોવનદાસના મિત્ર ભીખાભાઈ બુધાભાઈ પેટલની ધરપકડ કરી વધુ પૂછપરછ કરી છે. મહીસાગર જિલ્લાના ગોલાના પાલ્લા ગામના ડબલ મર્ડર કેસની ઘટનાના આજે છઠ્ઠા દિવસે પોલીસે હત્યાના આરોપી ભીખાભાઈ ધુળાભાઈ પટેલની ધરપકડ કરી હત્યાનો ભેદ ઉકેલ્યો છે. જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું હતું કે ગુનાવાળી જગ્યાની




આજુબાજુ રહેતા રહીશોની તેમજ શકમંદ વ્યક્તિઓની પૂછપરછ કરી હતી આ ઉપરાંત ટેકનિકલ સોર્સના આધારે જાણવા મળ્યું હતું કે, તેમના ગામના ભીખાભાઈ ધુળાભાઈ પટેલને મૃતક સાથે પૈસાની લેવડ દેવડ છે જેથી શંકાના આધારે ભીખાભાઈની પૂછપરછ કરતાં ગુનાની કબુલાત કરી હતી.

# અંબાજી મંદિરને ભક્તો દ્વારા 1 કિલો સોનું, પાંચ કિલો ચાંદી અર્પણ કરાઈ

**અંબાજી**

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મંદિરને ભારતભરમાં સૌ પ્રથમ સંપૂર્ણ સુવર્ણમય બનાવવાના ભાગરૂપે મંદિર ટ્રસ્ટ દ્વારા યાત્રિકો નિર્માણ કાર્યમાં પોતાની યથાશક્તિ મુજબ સોનાનું દાન આપી શકે તે માટે સુવર્ણમય યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. જેમાં આજે એક માઈભક્ત દ્વારા અંબાજી મંદિરને એક કિલો સોનુઅને પાંચ કિલો ચાંદી અર્પણ કરાઈ હતી. યાત્રાધામ અંબાજી મંદિરને સંપૂર્ણ સુવર્ણમય બનાવવાની કામગીરી હાલમાં ચાલી રહી છે જેમાં અત્યાર સુધી ૬૧ ફૂટની કામગીરી પૂર્ણ થયેલ છે. આ કામમાં ૧૪૦ કિલો ૪૩૫ ગ્રામ સોનાનો ઉપયોગ કરવામાં આવેલ છે.

# સ્વીટી હત્યા કેસઃ આંગળીના અસ્થિ, મંગળસૂત્ર, બ્રેસલેટ, પાંચ દાંત મળ્યાં

## લાશ જ્યાં સળગાવાઈ ત્યાંથી 43 અસ્થિ સહિત પુરાવા કબજે કરાયા

**વડોદરા**

વડોદરા ગ્રામ્ય એસઓજીમાં પીઆઈની ફરજ બજાવતા, લગ્ન જીવનમાં સતત વિખવાદ ધરાવતાં અને હાલ સસ્પેન્ડ થયેલા અજય પટેલે પત્ની સ્વીટી પટેલની અત્યંત ઠંડા કલેજે હત્યા કરી તેના જડબેસલાક ફોરેન્સિક પુરાવા પોલીસે શોધી કાઢ્યા છે.

જેમાં સ્વીટીની હત્યા કરી જ્યાં તેના મૃતદેહને સળગાવી દેવાયો હતો તે ભરૂચ અને દહેજ હાઈવે નજીકના અટાલી ગામના પાટિયા પાસેની હોટેલના પાછલા ભાગમાંથી સ્વીટી પટેલના હાથ-પગની આંગળીઓ, ખોપરીની નીચેના ભાગ અને કરોડરજ્જુના મણકાના અસ્થિ, સ્વીટીએ છેલ્લા શ્વાસ સુધી પહેરી રાખેલા મંગળસૂત્ર અને બ્રેસલેટનો સમાવેશ થાય છે. પોલીસ પાસે રહેલા ફોટોગ્રાફ્સ પરથી મંગળસૂત્ર અને બ્રેસલેટ સ્વીટીના જ હોવાના પુરવાર થયું છે. અજય પટેલની ધરપકડ કરી તેની થોડી જ ક્ષણોમાં તેણે ગુનાની કબૂલાત કરી લીધી હતી. છતાં પણ જ્યારે કેસ ટ્રાયલ પર આવે અને આરોપી કોર્ટમાં ફરી જાય કે તે આવું કશું જ બોલ્યો નથી, તે સંભાવનાને ધ્યાને રાખી માત્ર તેના કન્ફેશન પર મદાર ન રાખી પોલીસે તેનો ગુનો પુરવાર કરવા તમામ નક્કર પુરાવા ભેગા કરવા તપાસ આરંભી. જેના ભાગરૂપે એફએસએલ દ્વારા તેના સસ્પેક્ટ ડિટેક્શન ટેસ્ટ અને પોલિગ્રાફ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ બંને ટેસ્ટના રિઝલ્ટ પોઝિટિવ આવ્યા હતા. જે સ્પષ્ટ દર્શાવે છે કે, અજય પટેલ જ પ્રાઈમ સસ્પેક્ટ છે અને તે અનેક સંવેદનશીલ પ્રશ્નોના ખોટા જવાબ આપી રહ્યો છે. આ કેસમાં આરોપી પી.આઈ અજય દેસાઈ કાયદાનો જાણકાર હોવાથી પોલીસને તપાસમાં સહકાર આપતો નહોતો.

# કલોલમાં મોબાઈલની દુકાનમાં ચોરી કરવા ઘૂસેલા ચોરનું ગળું પતરામાં ફસાતાં મોત

**કલોલ**

કોરોના મહામારી અને તે દરમિયાન લોકડાઉનની અસરથી ચોરીના બનાવોમાં ઉતરોત્તર વધારો થઈ રહ્યો છે. ચોરીના બનાવોથી લઈ લૂંટની ઘટનાઓ સામે આવી રહી છે. કેટલાક ચોર તો હાઈટેક બનીને ચોરીની ઘટનાને અંજામ આપી ફરાર થઈ જાય છે પરંતુ ગઈ કાલે કલોલ તાલુકાના છત્રાલ ગામે ચોર ચોરી કરીને ફરાર થાય તે પહેલા જ તેને મોત મળ્યું છે. કલોલ તાલુકાના છત્રાલ ગામ ખાતેનો આ બનાવ આશ્ચર્યચકીત કરે તેવો છે. કલોલ તાલુકાના છત્રાલ ગામખાતેના આ બનાવમાં ચોર ચોરી કરવા આવતા જ તેને મોત મળ્યું છે. છત્રાલ જીઆઈડીસીમાં મોબાઈલ શોપના છાપરા પર ચડી ચોરી કરવાના પ્રયાસ કરતા ચોરને મોત મળ્યું છે. ખરેખર અહીં ચોર એક મોબાઈલની દુકાનમાં ચોરી કરવા ઘૂસ્યોહતો પરંતુ પતરામાં તેવું ગળું ફસાઈ જતા ચોર મોતને ભેટ્યો હતો. જોકે મોબાઈલ દુકાનના માલિકે સવારે શટર ઉચું કરતા ચોર છત પર લટકતો જોવા મળ્યો હતો.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ

**Brampton (West)**
519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, Opposite Vegetables Market.
Phone 647-761-1317, 647-657-9631
------: MON-FRI : ------
11.00 AM to 7.00 PM
: SAT-SUN :
1.00 PM to 6.00 PM

**Scarborough**
WE ARE RE-OPENING
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-761-1317 647-657-9631 905-673-9631
------: MON-THU : ------
2.00 PM to 7.00 PM
FRIDAY CLOSED
: SAT-SUN :
11.00 AM to 6.00 PM

**Mississauga**
2960 Drew Road, Unit-158, Mississauga ON L4T 045
Great Punjab Plaza, Next to Malton Gurudwara.
: Phone :
905-673-9631
647-761-1317
647-657-9631
------: MON-FRI : ------
9.30 AM to 8.00 PM

૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com



## પ્રકાશ રાજને અકસ્માતમાં ફ્રેકચર

મુંબઇ : પ્રકાશ રાજ બોલીવૂડમાં જાણીતું નામ છે. મોટા ભાગે તેણે વિલનના રોલ ભજવીને દર્શકોના દિલમાં પોતાનું સ્થાન જમાવી દીધું છે. હાલમાં પ્રકાશ રાજનો એક નાનો અકસ્માત થઇ જતા તેમને ફ્રેકચર થઇ ગયું છે. હવે તેમની સર્જરી કરવી પડશે. તેમની સર્જરી હૈદરાબાદમાં કરવામાં આવશે. જોકે આ કોઇ ગંભીર સર્જરી ન હોવાથી ચિંતા ન કરવાનું પણ તેમણે કહ્યું છે.

## કરીનાએ પોતાના બીજા પુત્રનું નામ જહાંગીર રાખતા ટ્રોલ થઇ



મુંબઈ : કરીના કપૂર ખાન અને સૈફ અલી ખાનના પહેલા પુત્ર તૈમુરના નામ પર બહુ ટીપ્પણીઓ અને વિવાદ થયો હતો. તેથી આ વખતે બીજા પુત્રનું નામ આ યુગલે છેક હવે બહાર પાડયું છે. થોડા દિવસો પહેલા એમ કહેવાયું હતું કે, કરીના પોતાના બીજા પુત્રને જેહ નામથી બોલાવે છે. જોકે હવે તેમણે પોતાના નાના પુત્રનું નામ મોગલ બાદશાહ જહાંગીર પરથી રાખ્યું છે.

કરીના અને સૈફના નાના દીકરાના નામ જહાંગીર હોવાનું જાણતાં જ ફરી સોશિયલ મીડિયા પર તેને ટ્રોલ કરવામાં આવી છે. ટ્રોલસ એ કહીને કરીનાને ટ્રોલ કરી રહ્યા છે, કે ત્રીજા દીકરાનું નામ ઔરંગઝેબ રાખજે. કરીનાએ ૨૦૨૧ના ફેબુરઆરીના રોજ બીજા પુત્રને જન્મ આપ્યો હતો.



## તન-મનની ફિટનેસ માટે પોલ ડાન્સ ઉત્તમઃ કૃતિ ખરબંદા

બોલીવૂડની ગણીગાંઠી અભિનેત્રીઓ પોલ ડાન્સમાં પારંગત છે. આ યાદીમાં મલાઈકા અરોરા, જેકલીન ફર્નાન્ડીસ, દીપિકા પાદુકોણ જેવી અદાકારાઓ ઉપરાંત કૃતિ ખરબંદાનું નામ પણ સામેલ છે. આ અદાકારાઓ ફિટનેસ જાળવવા માટે પણ પોલ ડાન્સ કરવાનું પસંદ કરે છે. કૃતિ ખરબંદાએ અગાઉ પોતાના પોલ ડાન્સના ઘણાં ફોટા સોશ્યલ મીડિયા પર મૂક્યા હતા. અને હવે તે એક વર્ષથી પણ વધુ સમય બાદ આ ડાન્સ તરફ પરત ફરી છે. અભિનેત્રી કહે છે કે મેં છેલ્લા દોઢ વર્ષથી પોલ ડાન્સ નથી કર્યો. કોરોના મહામારીને કારણે મારા આ ડાન્સને બ્રેક લાગી ગઈ હતી. પરંતુ હવે મને એમ થાય છે કે હું ગમે તેમ કરીને તેની પ્રેક્ટિસ જારી રાખવા પોલ સુધી પહોંચી શકી હોત તો કેટલું સારું થાત. અલબત્ત, હવે હું બહુ ખુશ છું. અભિનેત્રીને લાગે છે કે ફિટનેસ કેળવવા માટે પોલ ડાન્સ શ્રેષ્ઠ છે. તેની પ્રેક્ટિસ તમારા અંગેઅંગને સશક્ત બનાવે છે. વળી તે એકાગ્રતા કેળવવામાં પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેનું કારણ એ છે કે પળભરનું ધ્યાનચૂક તમને મોટી ઈજા પમાડી શકે. આ ડાન્સ તમારી કાયાને સુંદર આકાર આપે છે.



## હું મારા પતિ ગૌતમ સાથે સલામતી અનુભવું છુંઃ કાજલ

કાજલ અગ્રવાલે ઓક્ટોબર, ૨૦૨૦માં એન્ટ્રેપ્રેનર ગૌતમ કિટ્શુલુ સાથે લગ્ન કર્યા. અત્યારે તે કોલકાતામાં તથાગત સિંહની ફિલ્મ 'ઉમા'નું શુટિંગ કરી રહી છે. કાજલ અગ્રવાલ તાજેતરમાં જ 'મુંબઈ સાંગા' ફિલ્મમાં નજરે પડી હતી. અહીં કાજલે લગ્ન પછી કોવિદ-કાઈસીસમાં કેવું જીવન વિતાવ્યું અને મહામારીમાં કેવી રીતે પોઝિટિવ રહી શકી એ માટે વાતો કરી છે, જે ઘણી રસપ્રદ છે. લગ્નજીવન કેવું ચાલી રહ્યું છે, એ અંગે જણાવતા કાજલ અગ્રવાલ કહે છે, 'વન્ડરફૂલ. મને ખરેખર ખૂબ જ પ્રેમાળ, સંરક્ષક, સમજુ અને અમેઝિંગ સાથીદાર મળ્યો છે એ માટે ખુશખુશાલ છું. ગૌતમ શ્રેષ્ઠ મિત્ર છે. હું તેની સાથે સલામતીની ભાવના અનુભવું છું એ શ્રેષ્ઠ વ્યક્તિ છે, હું તેના થકી સંપૂર્ણતાની લાગણી અનુભવું છું.













હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

### ક્રિપ્ટો કરન્સીના ટ્રેડિંગ માટે ભારતીયો પાસે 340 પ્લેટફોર્મ, 4000 કરોડની થાય છે લેવડ-દેવડ

# ક્રિપ્ટો કરન્સીમાં ભારતીયોનું અધધધ.. રોકાણ

**પ્રાસંગિક**

ધવલ શુક્લ

છેલ્લાં એક દાયકમાં દુનિયામાં ક્રિપ્ટો કરન્સીનું ચલણ વર્તાયું છે. મોડે મોડે આ ચલણ વિરુદ્ધ ચીને આક્રમકતા દાખવી છે. પરંતુ ભારત સહિતના અનેક દેશો હજી વેઈટ એન્ડ વોચની ભૂમિકામાં જ છે. ભારત સરકારનું આ વલણ એટલા માટે છે કે, ભારતીયોએ આ ક્રિપ્ટો કરન્સીમાં અધધ રોકાણ કરી નાંખ્યું છે. અમેરિકા અને જાપાનમાં બિટકોઈન મિલકત ગણાય છે, અમેરિકામાં બિટકોઈનમાં આર્થિક વ્યવહાર કરવાનીય છૂટ છે, જોકે તે લિગલ ટેન્ડર નથી. દુનિયાના ધનવાનોમાં જાણીતા એલન મસ્કે પહેલી જુલાઈએ એક ટ્વીટ કરી અને બેબી ડોજી કોઈનના ભાવમાં ૧.૪ ગણો વધારો થઈ ગયો હતો. યસ, જેમ ડોજી કોઈન છે. તેમ બેબી ડોજી કોઈન પણ છે. બંને મીમ પરથી બનેલા છે, પણ બેયના માલિક અલગ-અલગ છે. એલન મસ્ક એવી હસ્તી છે જે ટ્વીટ દ્વારા માર્કેટને પ્રભાવિત કરી શકે છે અને એ જ તેઓ કરી રહ્યા છે. તેઓ ઈરાદાપુર્વક એકાદા કોઈન વિશે ટ્વીટ કરે છે, તેને ચગાવે છે. આ પહેલા તેમણે બીટ કોઈનમાં આવું કર્યું હતુ. ત્યારબાદ ડોજી કોઈનનું નામ લીધુ અને હવે બેબી ડોજી કોઈનનું નામ લીધુ છે. પૈસા કમાવાના તેમના વિવિધ રસ્તાઓમાં હવે એક ક્રિપ્ટો કરન્સીનું ટ્રેડિંગ પણ છે. આ રીતે તેઓ પોતાની ગુડવીલ એન્કેશ કરી રહ્યા છે. જો કે, તેઓ આ રીતે સતત ઈન્ફ્લુઅન્સ કરવાની સાર્વજનિક કોશિષ કરતા રહેશે તો તેમની કોશિષો ભવિષ્યમાં બેઅસર થઈ જશે.

ક્રિપ્ટો કરન્સી અતિશય વોલેટાઈલ છે. તેમાં રીસ્ક ફેક્ટર સૌથી વધારે છે. તેમ છતાં વધતી બેરોજગારીના જમાનામાં ઈંડિયામાં ક્રિપ્ટો કરન્સીમાં કિસ્મત અજમાવનારા લોકોની સંખ્યા વધતી જાય છે. ભારતમાં જે લોકો પાસે અઢળક નાણા છે તેઓએ રોકાણના હેતુથી તેમાં ઝંપલાવ્યું છે. ફેબ્રુઆરી ૨૦૧૯માં નાણાં મંત્રાલય દ્વારા નીમવામાં આવેલી એક સમિતિએ ક્રિપ્ટો કરન્સી પ્રતિબંધિત કરવાની ભલામણ કરી હતી. એ પહેલા આરબીઆઈએ એપ્રિલ ૨૦૧૮માં ક્રિપ્ટો કરન્સી પર પ્રતિબંધ મૂકયો હતો. તેથી ઘણા બધા સ્ટેક હોલ્ડર્સના પૈસા ફસાઈ ગયા હતા. આવા લોકોએ સુપ્રીમ કોર્ટના દરવાજે અપીલ કરી તો સુપ્રીમે માર્ચ ૨૦૨૦માં પ્રતિબંધ હટાવી લીધો હતો. પરિણામે તે પછીના એક જ મહિનામાં ભારતમાં ક્રિપ્ટો કરન્સીની લે-વેચ સાતથી આઠ ગણી વધી ગઈ હતી.

ચીને ક્રિપ્ટો માઈનિંગ પર તવાઈ બોલાવી એવું ભારત સરકાર ન કરી શકે. કારણ કે, એક તો ભારતનું અર્થતંત્ર કોરોનાકાળથી સાવ




મંદીમાંથી પસાર થઈ રહ્યું છે. ચીન તો ભારત કરતા પાંચ ગણી મોટી ઈકોનોમી છે. જયારે ભારતે હજી આ સિદ્ધિ હાંસલ કરવાની બાકી છે. ભારત સરકાર ક્રિપ્ટો પર બ્લેન્કેટ બેન મૂકે તો કમસેકમ એક કરોડ લોકોને આર્થિક ફટકો પડે. કોવિડ, મંદી, બેરોજગારીનો માર ખાઈ રહેલા લોકોમાં વધુ એક કરોડનો ઉમેરો થાય તો દેશમાં આર્થિક ગતિવિધિઓને મોટાપાયે અસર થાય તેમ છે. ભારતમાં અત્યારે ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગ માટે ૩૪૦ પ્લેટફોર્મ છે અને કમસેકમ ૧ કરોડ લોકો તેમાં ખરીદ-વેચાણ કરી રહ્યા છે.

મે ૨૦૧૦માં લાઝલો હેન્યેઝે બિટકોઈનથી દુનિયાનું પહેલું કોમર્શિયલ ટ્રાન્ઝેક્શન કર્યું હતુ. ૧૦,૦૦૦ બિટકોઈન ચૂકવીને બે પીત્ઝાની ખરીદીથી શરુ થયેલી આ પ્રથા હવે દુનિયાના અનેક દેશો સુધી પહોંચી છે. તે સમયે લાઝલો હેન્યેઝે દુનિયાના સૌથી મોંઘા પીત્ઝા ખાધા હતા. ક્રિપ્ટો કરન્સી અર્થ જગતનું એક નવું સોપાન છે. મોટા-મોટા દેશો હજુ તેને સમજી શકતા નથી. ભારત સરકાર પણ એટલે જ વેઈટ એન્ડ વોચ કરી રહી છે, સ્ટડી કરી રહી છે, શીખી રહી છે. છાતી ઠોકીને કોઈ નિર્ણય લેવાનું ટાળી રહી છે. ભારતના રોકાણકારો અત્યારે રૂા.૧૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦થી રૂા. ૧,૫૦,૦૦,૦૦,૦૦,૦૦૦ તેમાં રોકીને બેઠા છે.

ભારતમાં દેશમાં રોજ ક્રોપ્ટો કરન્સીની રૂા.૩,૦૦૦ કરોડથી રૂા.૪,૦૦૦ કરોડની લે-વેચ થાય છે. હમણા અલ સાલ્વાડોરે બિટકોઈનને લીગલ ટેન્ડર ઘોષિત કર્યો. મતલબ બિટકોઈનમાં ખરીદ-વેચાણ કરી શકાય. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ જણાવે છે કે, ૨૦૨૫ સુધીમાં વૈશ્વિક જીડીપીમાં ૧૦ ટકા આર્થિક વ્યવહારો બ્લોક ચેઈનમાં હશે. મતલબ રૂપિયા કે, ડોલર કે બીજી કરન્સીને બદલે ક્રિપ્ટો કરન્સીની મદદથી થયેલી ઈકોનોમિક એક્ટિવિટી.

ચીને ૨૦૧૭માં ક્રિપ્ટો કરન્સી ટ્રેડિંગ ઉપર પ્રતિબંધ મૂકી દેતા ત્યાંના કોઈન એક્સેચન્જીસ જાપાન પગ કરી ગયા. આજે બિટકોઈનનું સૌથી મોટું માર્કેટ જાપાન છે. જાપાને ક્રિપ્ટો કરન્સીને પ્રોપર્ટી તરીકે લીગલાઈઝ કરી છે. જાપાન બાદ બિટ કોઈનનું સર્વાધિક ટ્રેડિંગ અમેરિકામાં થાય છે. ત્યાં પણ બિટ કોઈનને લીગલ ટેન્ડર નહીં, પણ કેપિટલ એસેટ તરીકે સ્વીકારવામાં આવે છે. અમેરિકામાં ક્રિપ્ટો કરન્સીની મદદથી ચીજવસ્તુનું વેચાણ કરી શકાય છે, પરંતુ કમ્પલસરી નથી. સ્વિત્ઝરલેન્ડમાં એટીએમ પરથી બિટકોઈન ખરીદી શકાય છે અને ટિકિટ વેન્ડિંગ મશીન પર ચૂકવી શકાય છે. દક્ષિણ કોરિયા અને જર્મની પણ ક્રિપ્ટો કરન્સીને લીગલ ટેન્ડર માનતા નથી, પરંતુ તેના ખરીદ-વેચાણ-રોકાણની છૂટ આપે છે. સિંગાપોર ક્રિપ્ટો કરન્સી પર તેના ઉપયોગ પ્રમાણે ટેક્સ લગાવે છે. કોઈન માઈનિંગ અને કોઈન એક્સચેન્જ પર પણ ટેક્સ લાગે છે. સિંગાપોરમાં લાંબા સમય સુધી રોકાણ કરવામાં આવે તો કેપિટલ ગેઈન્સ ટેક્સમાંથી મુક્તિ મળે છે.

> **ક્રિપ્ટો કરન્સીમાં રીસ્ક ફેક્ટર સૌથી વધું હોવા છતાં વધતી બેરોજગારીને કારણે ભારતમાં ક્રિપ્ટો કરન્સીમાં કિસ્મત અજમાવવાનું ચલણ વધ્યું છે**

કંપનીઓ બિટકોઈનને એસેટ તરીકે રાખવા માંડી છે. ટેસ્લાએ ફેબ્રુઆરી ૨૦૨૧માં ૧.૫ અબજ ડોલરના બિટકોઈન ખરીદેલા. તેની રોકડ અનામતના ૧૦ ટકા. ટ્વિટરના સ્થાપક જેક ડોર્સીની ફાઈનાન્સ કંપની સ્ક્વેરે ૨૦૨૦માં પાંચ કરોડ ડોલરના બિટકોઈન ખરીદ્યા હતા. જે બાદ ફેબ્રુઆરી ૨૦૨૧માં વધુ ૧૭ કરોડ ડોલરના ખરીદ્યા. વર્જિનિયાની કંપની માઈક્રો સ્ટ્રેટજી પાસે ૪.૫ અબજ ડોલરના બિટકોઈન છે. શરૂઆતમાં તેણે ૨.૧ અબજના બિટકોઈન લીધા, જયારે માર્ચ ૨૦૨૧માં વધુ એક કરોડ ડોલરના લીધા. ક્રિપ્ટો કરન્સીઝ પર આરોપ એ મુકાય છે કે તેનો ઉપયોગ બ્લેક મની માટે અને ટેરર ફંડિંગ માટે થાય છે, પણ આ ડર વધારે પડતો છે. આપણે જેટલું વધારે માનીએ છીએ એટલું નથી. કારણ કે, જ્યારે ક્રિપ્ટો નહોતી ત્યારે પણ ત્રાસવાદીઓ, હવાલાવાળા, માફિયાઓ, અંડરવર્લ્ડવાળા પોતાનું કામ ચલાવતા જ હતા. ત્યારે રૂપિયા, ડોલર અને બીજી કરન્સીઝમાં ચાલતું હતું.

એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ બ્લેકના વાઈટ કરવા મામલે ભારતના ક્રિપ્ટો એક્સચેન્જ વઝીરેક્સ સામે તપાસ કરી રહી છે. રૂા.૨,૭૯૦.૭૪ કરોડના શંકાસ્પદ વ્યવહારો બાબતે ફેમા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ૨૦૧૬માં એક ત્રાસવાદી સંગઠને બિટકોઈનમાં ઑનલાઈન ફંડ રેઈઝિંગ શરૂ કર્યું હતું. ૨૦૧૫માં વર્જિનિયાના એક ટીનેજરે ઈસ્લામિક સ્ટેટને બિટ કોઈનમાં કઈ રીતે ડોનેટ કરવું તે વિશેની વિગતો ટ્વિટ્ટર પર મૂકેલી. ૨૦૧૭માં વોલસ્ટ્રીટ જર્નલે નોંધ્યું હતુ કે, સિરિયાનો એક ત્રાસવાદી ઈન્ડોનેશિયામાંથી પેપાલ અને બિટકોઈનનો ઉપયોગ કરીને ઈસ્લામિક સ્ટેટને ફંડ પહોંચાડી રહ્યો હતો. ડિસેમ્બર ૨૦૧૭માં પણ કેટલીક પ્રો આઈએસ વેબસાઈટ બિટકોઈન મારફતે ભંડોળ ભેગું કરી રહી હતી.

તેનો અર્થ એ નથી કે બિટ કોઈન દૂષણ છે. સીઆઈએ આ વાતનો ઈનકાર કરે છે. અમેરિકાની ઈન્ટેલિજન્સ એજન્સી કહે છે, ૨૦૧૭થી ૨૦૨૦ દરમિયાન ક્રિપ્ટોમાં જેટલા વ્યવહાર થયા, તેમાંથી માત્ર એક ટકા ક્રિમિનલ હતા. સાઈફર ટ્રાન્સ કહે છે કે, બિટકોઈનના કુલ વોલ્યુમમાંથી માત્ર ૦.૫ ટકા જ ગુનાઈત પ્રવૃત્તિ માટે ઉપયોગી થાય છે. આટલું પ્રમાણ તો બીજી કોઈ કરન્સીમાં પણ હોઈ શકે છે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES

iccrc crcic

# CANADA IMMIGRATION



## Specialized in :

Job Offer & LMIA / Entrepreneur / Investor Business/ Self Employed / Farm Investor

- LMIA/WORK PERMIT
- EXPRESS ENTRY
- CANADIAN EXPERIENCE CLASS
- SUPER VISA & VISITOR VISA
- STUDY & WORK PERMIT
- Work / Study /Visitor Permit Extension
- PARENTS/CHILD/SPOUSAL SPONSORSHIP
- REFUGEES/APPEALS / DETENTION REVIEWS / CRIMINAL PARDONS
- POST GRADUATION WORK PERMIT
- CITIZENSHIP & PR CARD RENEWAL APPLICATIONS

**AMI MEHTA**
IMMIGRATION PRACTIONER

BUSINESS IMMIGRATION TO CANADA REQUIRES 3 CR NET WORTH/ 1.5 CR INVESTMENT/ BUSINESS OWNERSHIP/ MANAGEMENT EXP

REJECTION CASES SPECIALIST

ONLINE IELTS SPOKEN ENGLISH CLASSES ON ZOOM

**SUPER VISA INSURANCE / TRAVEL INSURANCE / PR 90 DAYS INSURANCE**

| | |
|---|---|
| CANADA | 94- 499 MAIN STREET SOUTH, SHOPPERS WORLD MALL, BRAMPTON, ONT. PH : 416-745-2466, 905-230-7855 |
| VADODARA | 101-102 Siddharth Complex, Beside Express Hotel, Alkapuri, Vadodara 390007. Ph : 91-94289 73911, 91-95121 57817 |
| AHMEDABAD | 139 Iscon Emporio, Beside Star Bazaar Satellite Ahmedabad 380015. Ph : 91-94289 73911, 91-98256 79911 |

Email.: info@siis.ca Website.: www.siis.ca

## શ્રાવણમાં ભોલેનાથની વિશેષ પૂજા

# બિલ્વ પત્ર સાથે શિવલિંગ પર કરો આ વસ્તુઓ અર્પણ

**શાસ્ત્રોમાં, પુરાણોમાં ધર્મગ્રંથોમાં કહેવાયું છે કે - 'શ્રાવણે પૂજયેત શિવમ'. એટલે કે શ્રાવણ મહિનામાં શિવ ઉપાસના વિશેષ ફળદાયી છે. મહાકાલ વિશે એટલે કે ભગવાન શિવ વિશે લખવામાં આવ્યું છે કે - 'રુદ્ર બધા દેવોના આત્મામાં હાજર છે અને બધા દેવો રુદ્રના આત્મા છે'. એટલે ભગવાન આશુતોષ તમામ દુ: ખનો નાશ કરે છે. ભગવાન શિવને પ્રિય એવા બિલ્વપત્રનો ઉલ્લેખ શિવપુરાણમાં છે. એવુ કહેવાય છે કે જે કોઈને પ્રિય નથી તે ભોલેનાથને પ્રિય છે. શિવજી પર પાંચ એવી વનસ્પતિ ચડાવવામાં આવે છે જે કોઈ પર ચડતી નથી.**

### ભાંગના પાન

એવુ કહેવાય છે કે ભાંગ ભોલેનાથને ખુબ પ્રિય છે. શિવલિંગ પર ભાંગના પાન ચડાવવાથી આપણા મનની વિકૃતિઓ અને દુષણો દૂર થાય છે. ભાંગ એક દવા છે. એવું માનવામાં આવે છે કે જ્યારે ભગવાન શિવે વીષ પાન કર્યુ હતુ, ત્યારે દેવોએ ઝેરથી ઝેરને મટાડવા માટે ભાંગના પાંદડાઓનો ઉપયોગ કર્યો હતો.

### ખીજડાના પાન

સામાન્ય રીતે શમીના પાંદડા માત્ર શનિદેવને ચડાવવામાં આવે છે, પરંતુ આ પાંદડા શિવલિંગને પણ ચાવવામાં આવે છે. દરરોજ સવારે શિવલિંગ પર ગંગાજળ અર્પણ કરો અને તે પછી શમીના પાંદડા બિલ્વ સાથે ચડાવો આમ કરવાથી ભોલેનાથની સાથે શનિદેવની કૃપા પણ રહેશે.

### દુર્વા

દુર્વા એટલે કે દર્ભ સાદી ભાષામાં તેને દાભડો કહે છે આ દર્ભનું મહત્વ શાસ્ત્રોમાં જણાવવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે તેમાં અમૃત રહે છે. દુર્વા ભગવાન શિવ અને તેમના પુત્ર ગણેશજીને ખૂબ જ પ્રિય છે.



ભગવાન શિવને દુર્વા અર્પણ કરવાથી અકાળ મૃત્યુનો ભય દૂર થાય છે.

### આંબાના પાન

ભગવાન શિવને આંબાના પાન ચડાવવાથી તે પોતાના ભક્તોની મનોકામના પૂર્ણ કરે છે, સાથે સાથે ધન અને લાભની શક્યતાઓ પણ સર્જાય છે.

### ધતુરો

ધતુરાના ફળ અને પાનનો ઉપયોગ દવા તરીકે પણ થાય છે. શિવપુરાણમાં ઉલ્લેખ છે કે ધતુરો શિવને ખૂબ પ્રિય છે. આ શિવલિંગ પર અર્પણ કરવાથી ભક્તના તમામ ખરાબ વિચારો નાશ પામે છે અને વિચાર સકારાત્મક બને છે.

# સ્પામ કોલ કે બાઝા કોલ




ખોટી રીતે ચાલતા કોલ સેન્ટર દ્વારા અનેક યુઝર્સના ડિવાઈસમાં માલવેર ફેલાવવામાં તથા રેન્સમવેર ફોર્સ-ફૂલી ડાઉનલોડ કરાવી ફસાવવામાં આવે છે. આ એક સોસીઅલ એન્જિનિયરિંગ તકનીકનો પ્રકાર છે જેને બાઝાકોલ (BazaCall) તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વિશિંગ દ્વારા લિંક (URL) ના રૂપમાં માલવેર છુપાયેલું હોય છે. આ કોલ સેન્ટર યુઝર્સના સબ્સ્ક્રિપ્શની માહિતી રાખે છે અને યુઝર્સને રીન્યુઅલ સંબધિત ઈ-મેઈલ મોકલવામાં આવે છે. ત્યારબાદ રીમાઈન્ડર તરીકે અનેક કોલ કરે છે.

કોલ સેન્ટરના ઓપરેટર યુઝર્સ પાસે થી જરૂરી માહિતી લઈ તેમને કોઈ પણ રીતે બાઝા-લોડર (BazaLoader) માલવેર જેને બાઝાર-બેકડોર (BazarBackdoor) તરીકે પણ ઓળખવામાં આવે છે, તેને ડાઉનલોડ કરવાની સૂચના આપે છે. બાઝા-લોડર એ એક C++ પ્રોગ્રામિંગ આધારિત ડાઉનલોડર છે જે ડિવાઈસમાં વિવિધ પ્રકારના દુષિત (મેલીસીયસ) પ્રોગ્રામ્સ ઈન્સ્ટોલ કરવાની ક્ષમતા ધરાવે છે. જેમાં યુઝર્સની સીસ્ટમ માંથી ડેટા ચોરવા માટે રેન્સમવેર અને અન્ય દુષિત માલવેરનો ઉપયોગ કરવામાં આવે છે. એપ્રિલ, 2020 માં સૌપ્રથમ કરાયેલ અવલોકન મુજબ બાઝા-લોડર નો ઉપયોગ વિવિધ રીતે ધમકી આપવા માટે કરવામાં આવતો હતો. જેને ર્યુક (Ryuk) અને કોન્ટી (Conti) રેન્સમવેર તરીકે ઓળખવામાં આવે છે.

માઈક્રોસોફ્ટ 365 ડિફેન્ડર થ્રેટ ઈન્ટેલિજન્સ ટીમ એ ગત અઠવાડિયે પ્રકાશિત કરેલા અહેવાલમાં જણાવ્યું હતું કે, બાઝાકોલ ધમકીથી ઉદ્દભવતા હુમલા નેટવર્કમાં ઝડપથી આગળ વધી શકે છે જે ડેટા તથા યુઝર્સના ક્રેડેન્સીયલ ચોરી કરી શકે છે. કારણ કે આ માલવેરની મેસેજ બોડીમાં લિંક અથવા ડોક્યુમેન્ટ ઉમેરવામાં આવતું નથી પરતું લાલચભર્યું કન્ટેન્ટ મુકવામાં આવે છે જેથી હુમલાખોરો વિન્ડોઝની સિક્યુરીટી થી બચી શકે.

મૂવી સ્ટ્રીમીંગ સબ્સ્ક્રિપ્શન (BravoMovies) તથા ઈ-બુક (World Book) સાથે સંકળાયેલી વેબસાઈટનો બાઝા-લોડર માલવેર અભ્યાસ કરે છે અને વિગત મેળવ્યા બાદ સ્પ્રેડશીટ બનાવે છે. જે કોલ એજન્ટ ઉપયોગમાં લઈ યુઝર્સને ફસાવવાનો પ્રયાસ કરે છે. જેથી મોબાઈલ ઉપયોગકર્તા એ બધા જ કોલ વિષે માહિતી રાખવી જરૂરી છે જેથી વિશિંગનો શિકાર ન બને.

@beinghumanmj

# લિપ ટિન્ટથી હોટને બનાવો આકર્ષક



કોરોના આવ્યો અને સાથે સાથે અનેક સમસ્યા લાવ્યો. આમ તો હવે જનજીવન નોર્મલ થતું ચાલ્યું છે, પણ નોર્મલ થયા બાદ હજી આપણે કોરોના પહેલાં જેમ જીવતાં હતા તેમ નથી જીવી શકતા. સ્ત્રીઓની જ વાત કરીએ તો માસ્કના કારણે તેમની બ્યુટીને કેટલી સમસ્યા ભોગવવી પડે છે. ઓફિસ જતી સ્ત્રી અપ ટૂ ડેટ તૈયાર થઈને જાય છે ત્યારે માસ્ક તેને નડતરરૃપ લાગે જ છે, તેમ છતાં તેને પહેરવું પડે છે. આ માસ્કની મોટી સમસ્યા એ છે કે તે પહેરવાથી લિપ સ્ટિક કરી નથી શકાતી ને જો કરી હોય તો માસ્ક પહેરો એટલે પાંચ જ મિનિટમાં તે ભૂંસાઈ જાય છે. જોકે મનુષ્ય પાસે દરેક સમસ્યાનો ઉપાય છે. કોરોનાકાળ દરમિયાન લિપ ટિન્ટનો ક્રેઝ સ્ત્રીઓમાં ખાસ જોવા મળી રહ્યો છે. લિપ ટિન્ટ એક પ્રકારની ગ્લોસી લિપસ્ટિક છે, તે લગાવવાથી હોઠ ગ્લોસી લાગે છે, તે લિપ સ્ટિકની ગરજ સારે છે, સાથે સાથે તે ભૂંસાતી પણ નથી. જેને મેટ લિપસ્ટિક ન પસંદ હોય તે આ લિપ ટિન્ટનો ઉપયોગ કરી શકે છે, ટિન્ટની બીજી ખાસિયત એ છે કે તે બ્લશર અને આઈશેડ તરીકે પણ વપરાય છે.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# રાજ્યમાં ડ્રગ્સના ઓવરડોઝથી 49 મોત, દેશમાં 3 વર્ષમાં 2324 લોકોના જીવ ગયા

**અમદાવાદ**

ડ્રગ્સના ઓવરડોઝથી દેશમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૨૩૨૪ લોકોના મોત થયાના સરકારી આંકડા રજૂ થયા જેમાં ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં ડ્રગ્સના ઓવરડોઝને કારણે ૧૧૨ લોકોના મોત થયા જેમાં ૨૦૧૯માં જ ૪૯ લોકો મોતને ભેટયા છે. દેશમાં ડ્રગ્સના ઓવરડોઝથી મોત થવાના મામલે ગુજરાત ઉડતા પંજાબ કરતા પણ આગળ નીકળી ગયું છે. ૨૦૧૯માં પંજાબમાં ડ્રગ્સના ઓવરડોઝથી ૪૫ લોકો તો ગુજરાતમાં ૪૯ લોકોના મોત થયા છે. દેશમાં ડ્રગ્સ લેવાથી ૧૪ વર્ષથી નાની ઉમરના ૫૫ બાળકો તેમજ ૧૪ થી ૧૮ વર્ષની ઉમરના ૭૦ ટીનએજર્સ મળીને કુલ ૧૨૫ બાળકોએ જીવ ગુમાવ્યો છે. સમગ્ર દેશમાં તમીલનાડુ, કર્ણાટક, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન પછી ગુજરાતનો ડ્રગ્સના ઓવરડોઝ મામલે પાંચમો ક્રમ આવે છે. આમ, ગુજરાતમાં પણ ડ્રગ્સનું સતત વધી રહ્યાની સ્પષ્ટતા સરકારી આંકડા પરથી મળી રહી છે.

દેશમાં ૨૦૧૭ થી ૨૦૧૯ દરમિયાન ડ્રગ્સના ઓવરડોઝથી મોતને ભેટેલા કુલ ૨૩૨૪ લોકોમાંથી સૌથી વધુ રાજસ્થાનમાં ૩૩૮ લોકોના મોત થયા છે. કર્ણાટક, ઉત્તરપ્રદેશ, તમીલનાડુ, પંજાબ, હરિયાણા, મધ્યપ્રદેશ અને બાદમાં ગુજરાતનો ક્રમ આવે છે. દેશની યુવાપેઢી આ દુષણમાં બરબાદ થઈ રહ્યાની વિગતો સરકારી રેકર્ડ જોતા સ્પષ્ટ થઈ રહી છે. ૧૮ થી ૪૫ વર્ષના ૧૪૦૮ યુવાનોએ છેલ્લા ત્રણ વર્ષમાં જીવ ગુમાવ્યો જ્યારે ૪૫થી વધુ ઉમરના ૭૯૧ લોકો ડ્રગ્સના કારણે મોતને ભેટયા છે. ગુજરાતમાં આ સ્થીતી સુધરવાની જગ્યાએ સતત બગડી રહી છે.

# ગુજરાતમાં ચૂંટણી બોન્ડથી વિવિધ રાજકીય પક્ષોએ 229 કરોડ મેળવ્યા

**ગાંધીનગર**

દેશમાં રાજકીય પાર્ટીઓને ઉદ્યોગગૃહો, સંસ્થાઓ તરફથી તથા વ્યક્તિગત રીતે કહેવાતું દાન મેળવવા માટે ચૂંટણી બોન્ડ સ્કીમ, ૨૦૧૮ લાગુ થઈ એ પછી માર્ચ, ૨૦૧૮થી માંડીને જુલાઈ, ૨૦૨૧ સુધીમાં કુલ ૧૪,૩૯૩ બોન્ડ ખરીદીને ઉદ્યોગગૃહોએ ૭,૩૮૦.૬૩૮ કરોડનું દાન રાજકીય પક્ષોને કર્યું છે, જે પૈકી રૂ. ૨૨૮.૫૦ કરોડનું દાન ગુજરાતમાંથી થયું હોવાનું એસોસિયેશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ-એડીઆર એ જાહેર કર્યું હતું. સ્વાભાવિક રીતે સત્તાધારી પાર્ટી સૌથી વધુ લાભ આ સ્કીમ દ્વારા મેળવે છે.

ગુજરાતમાંથી ચૂંટણી બોન્ડ ખરીદી રાજકીય પક્ષોને ચૂંટણી ફંડ આપવા માટે ગાંધીનગરની એસબીઆઈ નિયુક્તિ થયેલી છે, જ્યાંથી ઉક્ત સમયગાળા દરમિયાન રૂ. ૧૦ લાખના એક એવા ૧૬૫ બોન્ડ થકી રૂ. ૧૬.૫૦ કરોડનું અને રૂ. ૧ કરોડના એક એવા ૨૧૨ બોન્ડ થકી રૂ. ૨૧૨ કરોડનું દાન થયું હતું. સ્કીમ શરૂ થઈ ત્યારથી માંડીને અત્યાર સુધી ગુજરાતમાંથી આ દાન થયું છે. ચૂંટણી બોન્ડ દ્વારા કઈ પાર્ટીને કેટલું દાન મળે છે તે સિફતપૂર્વક જાહેર થાય છે, પણ પ્રત્યેક બોન્ડ કોણ ખરીદે છે અને કઈ પાર્ટીને દાન અપાય છે તે બાબત જાણીબૂજીને આ સ્કીમમાં છુપાવાય છે.

# ગુજરાતના 6 IASની કેન્દ્રમાં જોઈન્ટ સેક્રેટરીપદે નિયુક્તિ

**અમદાવાદ :** કેન્દ્ર સરકારે દેશના કુલ 49 આઈએએસ અધિકારીઓને સંયુક્ત સચિવપદે નિમણૂંક કરી છે જેમાં ગુજરાત કેડરના છ આઈએએસનો સમાવેશ થાય છે. આઈએએસ અધિકારી બંછાનિધી પાની, હર્ષદ પટેલ, કે.કે.નિરાલા, પી.ભારતી, રણજીતકુમાર, શાલીની અગ્રવાલને કેન્દ્ર સરકારમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે નિમણૂંક કરવામાં આવી છે.કોરોનાકાળમાં સુરતમાં નોંધનીય કામગીરી કરનારાં બંછાનીધી પાનીની કેન્દ્ર સરકારે નોંધ લીધી છે. ઉલ્લેખ થોડાક દિવસો પહેલાં જ કુલ 77 આઈએએસ અધિકારીઓની બદલીઓ કરવામાં આવી હતી

# સ્ટુડન્ટને કેનેડા જવાની એરટિકિટ અને ખર્ચમાં 3 ગણો ધરખમ વધારો ઝીંકાયો

## રજૂઆતો છતાં કેનેડા સરકાર પર દબાણ લાવી ન શકાતા સ્ટુડન્ટ, વાલીઓને આર્થિક દંડ

**અમદાવાદ**

વિદેશમાં ભણવા જવાની ઘેલછા ધરાવતા ગુજરાતના સ્ટુડન્ટસને કેનેડા ભણવા જવા માટે એરટિકિટ અને ખર્ચમાં ત્રણ ગણો ધરખમ વધારાનો ખર્ચ ભોગવવો પડશે. સપ્ટેમ્બર મહિનાથી અભ્યાસક્રમ શરૂ થઈ રહ્યો છે ત્યારે સીધી ફ્લાઈટ શરૂ કરવામાં ન આવતાં સ્ટુડન્ટસ અને વાલીઓએ દંડ ભોગવવાનો વખત આવ્યો છે.

અમેરિકા અને યુ.કે.એ ભારતીયોની અવરજવરમાં છૂટછાટ આપી છે. પરંતુ, દોઢ મહિનાથી ગુજરાતમાંથી રજૂઆતો છતાં કેનેડા સરકાર દબાણ લાવી ન શકાતાં આ સ્થિતિ સર્જાઈ છે. કોરોનાના ડેલ્ટા વેરિએન્ટના ડરના નામે ભારતથી સીધી ફ્લાઈટ શરૂ ન કરવામાં આવતાં સ્ટુડન્ટસ દોહા-કતાર, મેક્સિકો રૂટથી જવા માટે મજબૂર બન્યાં છે. કેનેડામાં ગુજરાત અને ભારતના જે વિદ્યાર્થીઓએ એડમિશન લીધાં છે અમદાવાદથી કેનેડાના કોઈપણ શહેરમાં જવા માટે અંદાજે એક લાખ રૂપિયા ટિકિટનો ખર્ચ થતો હતો. પણ, કોરોનાના ડેલ્ટા વેરિએન્ટનું બહાનું કરી કેનેડાએ સીધી ફ્લાઈટ શરૂ કરી ન હોવાથી સ્ટુડન્ટસે કતાર-દોહા, માલદિવ્સ અને મેક્સિકોના રૂટથી ફરતા-ફરતાં જવું પડે છે. એર ટિકિટ બૂક કરતાં ઓપરેટર્સ હવે સ્ટુડન્ટસને અઢીથી ત્રણ લાખના પેકેજ આપવા લાગ્યાં છે. અમદાવાદથી ફ્લાઈટ રવાના થાય એટલે વચ્ચે ત્રીજા કોઈ દેશમાં ક્વોરન્ટાઈન, આરટીપીસીઆર અને હોટલનો ખર્ચ વગેરે મળીને ઓછામાં ઓછા ત્રણેક લાખ થશે તેવી ઓફર બૂકીંગ કરતાં એજન્ટસ આપી રહ્યાં છે.

# વરસાદે હાથતાળી આપતા ગુજરાતમાં જળસંકટ, અડધોઅડધ ડેમો ખાલી

**અમદાવાદ**

ભરચોમાસામાં મેઘરાજાએ હાથતાળી આપી છે જેના કારણે ગુજરાતમાં ખેડૂતોની ચિંતા વધી છે સાથે સાથે રાજ્યમાં જળસંકટના ઓળા ઉતર્યા છે. હજુ વરસાદના કોઇ એંધાણ નથી ત્યારે ગુજરાતના અડધો અડધ ડેમો ખાલીખમ પડયા છે. જો આ જ સ્થિતિ રહી તો રાજ્યમાં આ વર્ષે પીવાના પાણીનું સંકટ સર્જાઇ શકે છે. ખાસ કરીને ઉત્તર ગુજરાત અને કચ્છમાં અત્યારથી પાણીના પોકાર પડી રહ્યા છે. ઉલ્લેખનીય છેકે, આ સ્થિતીને પગલે જ ખેતી બચાવવા માટે રાજ્ય સરકારે ડેમોમાંથી પાણી છોડવા નિર્ણય લેવો પડયો છે. છેલ્લા કેટલાંક દિવસોથી મેઘરાજાના રિસાયા છે જેના કારણે ખેડૂતો ચિંતાતુર બન્યા છે.

# અમદાવાદમાં બિલાડી શોધી આપવા પરિવારે ૨૧ હજારનું ઈનામ રાખ્યું

**અમદાવાદ**

અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતા જીતેન્દ્ર દિવાસી અને પૂજા ગુલહારે છેલ્લા ૪ દિવસ થી દુઃખી છે કારણ કે તેમને તેમની બિલાડી નથી મળતી. ચાર મહિના પહેલા બોપલની સોસાયટીમાં રહેતા દંપતિએ પર્શિયન કેટની જોડી પાળી હતી જેમાં ફીમેલ કેટ ક્યાંક ગુમ થઈ ગઈ છે, જેનું નામ છે બિજલી. વિદેશી બ્રિડની આ બિલાડીની કિંમત લાખોમાં છે. પરિવારના જીતેન્દ્ર દેવસીનું કહેવું છે કે આ બિલાડી સાથે તેમની લાગણી જોડાયેલી છે. પરિવારે બિલાડી શોધી આપનાર માટે ૨૧ હજારનું ઈનામ આપવાનું પણ નક્કી કર્યુ છે. આ પરિવારે પેમ્પલેટ છપાવી તેમના વિસ્તારમાં લગાવ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અમદાવાદ રોગચાળાના ભરડામાં!, સિવિલમાં કેસ વધતાં OPDમાં એક મહિનામાં જ 64 હજાર દર્દીઓ



કોરોના અને મ્યુકર માઈકોસિસના કેસમાં ઘટાડો નોંધાયો છે ત્યાં અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પાણીજન્ય-મચ્છર જન્ય રોગચાળાએ માથું ઊંચક્યું છે, વાયરલ ઈન્ફેક્શન, શરદી, ખાંસી, તાવ, ડેન્ગ્યુ, મેલેરિયા સહિત અન્ય રોગના દર્દીઓ વધતાં સિવિલની ઓપીડીમાં જુલાઈ મહિનામાં જ ૬૪ હજાર દર્દીઓ નોંધાયા છે, જે પૈકી ૭ હજાર જેટલા દર્દીને દાખલ કરવા પડયા હતા. સિવિલના એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, સિવિલમાં અત્યારે દૈનિક ધોરણે બે હજારથી ૨૮૦૦ જેટલા દર્દી ઓપીડીમાં નોંધાઇ રહ્યા છે. ઓપીડીમાં આવતાં દર્દીઓ પૈકી રોજના ૨૫૦ જેટલા દર્દીઓને વધુ સારવારની જરૂર હોવાથી દાખલ કરવામાં આવી રહ્યા છે.

### સચિવાલયમાં કોંગી ધારાસભ્યો-પોલીસ વચ્ચે ઘર્ષણ

**અમદાવાદ :** ગુજરાતના દરિયાકિંઠે વાવાઝોડાએ ભારે તબાહી સર્જી હતી જેના પગલે રાજ્ય સરકારે ખાસ રાહત પેકેજ જાહેર કર્યુ હતુ પણ નુકસાનનો પુનઃ સર્વે કરવાની માંગ સાથે કોંગ્રેસના ધારાસભ્યોએ સચિવાલયના પ્રાંગણમાં પોસ્ટરો સાથે વિરોધ પ્રદર્શન કર્યુ હતું તે વખતે પોલીસ સાથે ઘર્ષણ પણ થયુ હતું. પોલીસ સાથે ઝપાઝપીમાં વિપક્ષના નેતા પરેશ ધાનાણી લોહીલુહાણ થયા હતાં. જોકે, રાજ્ય સરકારે નુકશાનનો અંદાજ મેળવવા રિ સર્વે કરવાની વિપક્ષની માંગ ઠુકરાવી દીધી છે. તા.17મી મેએ ટૌટે વાવાઝોડાએ ગુજરાતના દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર પંથકમાં વિનાશ વેર્યો હતો. ભારે નુકશાન થતાં રૂપાણી સરકારે રાહત પેકેજની જાહેરાત કરી હતી પણ માછીમારોથી માંડીને અન્ય અસરગ્રસ્તોએ ઓછી રાહત મળી છે તેવી ફરિયાદો કરી છે. આ બાજુ, કોંગ્રેસે પણ આ મુદ્દાને લઇને ભાજપ સરકારને ઘેરવા પ્રયાસ કર્યો છે. મંગળવારે વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યોએ પોસ્ટરો સાથે દેખાવો કર્યા હતાં.વિધાનસભા સંકુલથી રેલી સ્વરૂપે ધારાસભ્યો સચિવાલય પ્રાંગણમાં આવેલી મહાત્મા ગાંધીની પ્રતિમા તરફ જઇ રહ્યા હતાં ત્યારે પોલીસે અધવચ્ચે ધારાસભ્યોને અટકાવતા બબાલ થઈ હતી.

### એરપોર્ટ ઉપરથી 20 કરોડના કોકેઈન સાથે એક પકડાયો

**અમદાવાદ:** ગુજરાતનાં નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી) એ અમદાવાદ એરપોર્ટમાંથી ૪.૨ કિલો કોકેઇન સાથે એક વિદેશી નાગરિકને ઘરપકડ કરી છે, આ શખ્શની ઓળખ ટેરીક પિલ્લાઈ તરીકે થઇ છે, એનસીબીએ ઇમિગ્રેશન ડિપાર્ટમેન્ટમાંથી કોકેઇનનાં જથ્થા સાથે પિલ્લાઈને ઝડપી લીધો છે. આ કોકેઇનની કિંમત આંતરરાષ્ટ્રીય બજાર ભાવ પ્રમાણે ૨૦ કરોડ રૂપિયા જેટલી થાય છે. હાલ પોલીસે તેની વિરૃધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે, ૩૮ વર્ષિય પિલ્લાઇ દક્ષિણ આફ્રિકાનો પાસપોર્ટ ધરાવે છે, અને તે દોહાથી ભારત આવતો હતો, નશાકારક દ્રવ્યોની તસ્કરીને રોકવા માટે સતત પ્રયત્નશીલ એનસીબીની આ મોટી સફળતા છે. આફ્રિકન ડ્રગ પેડલર ડેરિક પિલ્લાઈ કોકેઈનના જથ્થા સાથે એનસીબીની ટીમે અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપી લીધા બાદ હવે ડ્રગ તસ્કરી અંગે પોલીસને વધુ માહિતી મળી શકશે.

### સપ્ટે.ના પ્રથમ સપ્તાહમાં વિધાનસભાનું સત્ર મળશે

**અમદાવાદ :** આગામી સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં વિધાનસભાનુ સત્ર મળે તેવી સંભાવના છે. પાંચ દિવસનું વિધાનસભાનુ ચોમાસુ સત્ર ધમાકેદાર બની શકે છે. વિવિધ મુદ્દાઓને લઇને વિપક્ષ સરકારને ઘેરવા અત્યારથી સજ્જ બની છે. સૂત્રોનું કહેવુ છેકે, વિધાનસભાનુ ચોમાસુ સત્ર આગામી સપ્ટેમ્બર મહિનામાં મળે તેમ છે. સપ્ટેમ્બરના પ્રથમ અઠવાડિયામાં મળનાર ચોમાસુ સત્ર પાંચ દિવસનું જ હશે. કોરોનાની બીજી લહેરે વિદાય લીધી છે અને સંભવિત ત્રીજી લહેરની આશંકા વચ્ચે વિધાનસભાનુ ચોમાસુ સત્ર યોજાનાર છે. સત્ર અગાઉ કામકાજ સલાહકાર સમિતીની બેઠક મળશે. ચોમાસા સત્રને પગલે વિપક્ષે રાજ્ય સરકારને ઘેરવા તૈયારીઓ કરી છે. કોરોનાની નિષ્ફળ કામગીરી, ટૌટે વાવાઝોડામાં માછીમારોને અપાયેલાં પેકેજમાં અપુરતી અસહાય, પેટ્રોલ-ડિઝલના ભાવો સહિત મોંઘવારી, શિક્ષણ,બેરોજગારી સહિતના મુદ્દાઓ વિધાનસભામાં ગજવી વિપક્ષ સરકારને ઘેરશે. ટૂંકમાં, વિધાનસભાનુ ચોમાસુ સત્ર તોફાની બને તેવા અણસાર છે.

### સ્કૂલ ઓફ એક્સલન્ટ કંટ્રોલરૂમનું થશે ઉદઘાટન

**અમદાવાદ :** આગામી તા.૬મી સપ્ટેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે આવી શકે છે. શિક્ષક દિન નિમિત્તે મોદીને ગુજરાત આવવા રાજ્ય શિક્ષણ વિભાગે આમંત્રણ પાઠવ્યુ છે. નરેન્દ્ર મોદી પાટનગર ગાંધીનગરમાં રૂા.૭ કરોડ કરોડના ખર્ચે તૈયાર થયેલાં સ્કુલ ઓફ એક્સલેન્ટ કંટ્રોલરૂમનુ લોકાર્પણ કરે તેવી શક્યતા છે. ગુજરાતના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન મોદી ગાંધીનગર રેલ્વે સ્ટેશન ઉપરાંત સાયન્સ સિટીની ય મુલાકાત લેશે.

### આણંદ જિલ્લામાં લેન્ડ ગ્રેબિંગની 281 ફરિયાદ

**વલ્લભવિદ્યાનગર :** આણંદ જિલ્લામાં લેન્ડગ્રેબિંગ જમીન અને મિલ્કતના કબ્જાના મુદ્દે ૨૮૧ ફરિયાદોનો કલેક્ટરાલય કચેરીએ ખડકલો થયો છે. ખુબજ ટુંકાગાળામાં અરજીઓનો ભરાવો થતાં તંત્રએ સમયમર્યાદામા અરજીનો નિકાલ કરવાનો હોઇ યુદ્ધના ધોરણે ફાઇલોની તપાસ હાથ ધરી છે. જેમાં અત્યાર સુધીમાં મળેલી ૪ અરજીમાં કસુરવારો સામે ગુનો નોધાયો છે. ૧૪૨ અરજીઓની પોલીસ, મામલતદાર દ્વારા તપાસ ચાલી રહી છે. જ્યારે ૧૩૫ અરજીઓનો નિકાલ-દફતરે કરાઇ હોવાનુ જાણવા મળ્યુ છે.

# હિમાચલમાં ભેખડો ધસી પડી: 13નાં મોત, 60 ફસાયા

## બસ, ટ્રક સાથે છ ખાનગી વાહનો દટાયા, 13ને બચાવાયા, કાટમાળમાં સપડાયેલી ટાટા સુમોમાંથી આઠ મૃતદેહ મળ્યા



**કિન્નોર**

હિમાચલ પ્રદેશના કિન્નોર જિલ્લામાં જમીન ધસી પડવાની ઘટનામાં 13ના મોત થયા છે અને 13ને બચાવી લેવાયા છે. આ દુર્ઘટના કિન્નોરના નિગુલસરી વિસ્તારમાં નેશનલ હાઈવે નંબર પાંચ પર પહાડ ધસી પડવાના લીધે બુધવારે સવારે 12 વાગ્યાની આસપાસ બની હતી.

આ સમાચાર મળવાના પગલે આઈટીબીપીના લગભગ 300 જવાનોની એક ટુકડી ઘટનાસ્થળે ધસી ગઈ હતી અને બચાવ તથા રાહતકાર્ય શરૂ કરી દીધું હતું. જો કે તે સમયે થોડા સમય સુધી પથૃથરો પડતા રહેવાના લીધે બચાવકાર્યમાં વિઘ્ન નડયું હતું.

પહાડ ધસી પડવાની ઘટના બની ત્યારે તેમાં હિમાચલ પ્રદેશ ટુરિઝમની એક બસ પણ ફસાઈ ગઈ હતી. તેમા કુલ 24 યાત્રીઓ હોવાનું કહેવાય છે. ભૂસ્ખલનની ઘટનામાં એક બસ અને એક ટ્રકની સાથે બીજા કુલ પાંચેક વાહનો ફસાયા હોવાનું કહેવાય છે. જો કે બસના ડ્રાઈવર અને કંડક્ટરને બચાવી લેવાયા છે. તેઓએ જ જણાવ્યું હતું કે બસમાં 24 પ્રવાસીઓ છે.

આમ બસનો ફક્ત ડ્રાઈવર અને કંડક્ટર જ બચ્યા છે, બધા પ્રવાસીઓ કાટમાળમાં ફસાયેલા છે. બસ હરિદ્વારથી જઈ રહી હતી. જિલ્લા વહીવટીતંત્ર અને અન્ય અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. આ ઉપરાંત સ્થાનિકો પણ બચાવકાર્યમાં મદદ કરી રહ્યા છે. મુખ્યપ્રધાન જયરામ ઠાકુર પોતે પણ દુર્ઘટનાની સ્થિતિની સમીક્ષા કરવા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. એનડીઆરએફની ટીમે 13 લોકોને બચાવ્યા છે અને 13ના શબ મળી આવ્યા છે. બચાવકાર્ય જારી છે, પરંતુ થોડી-થોડી વારે મોટા-મોટા પથ્થરો પડી રહ્યા હોવાના લીધે બચાવકાર્ય પર અસર પડી રહી છે. આઈટીબીપીના પ્રવક્તા વિવેક પાંડે મુજબ હજી પણ લગભગ 60 લોકો ફસાયા હોવાની શંકા છે.

# દેશમાં બે વર્ષમાં સાંસદો તેમજ ધારાસભ્યો સામેના કેસમાં વધારો

**નવી દિલ્હી, તા. ૧૦**

સુપ્રીમના આકરા નિરીક્ષણો અને નિર્દેશો છતાં રાજકારણનું અપરાધીકરણ અટક્યું નથી. છેલ્લા બે વર્ષમાં સાંસદો અને ધારાસભ્યો સામેના કેસમાં નોંધપાત્ર વધારો થયો છે તેમ મંગળવારે સુપ્રીમ કોર્ટને જણાવાયું હતું. સુપ્રીમ કોર્ટને મંગળવારે અપાયેલી વિગતો મુજબ ડિસેમ્બર ૨૦૧૮માં સાંસદો અને ધારાસભ્યો સામે કુલ ૪,૧૨૨ કેસ પેન્ડિંગ હતા, જે સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં વધીને ૪,૮૫૯ થઈ ગયા હતા. નેતાઓ સામેના ગૂનાઈત કેસોને ફાસ્ટ ટ્રેક કરવા માટે દાખલ કરેલી એક પીઆઈએલમાં સુપ્રીમ કોર્ટ દ્વારા એમિકસ ક્યુરી તરીકે નિયુક્ત વરિષ્ઠ વકીલ વિજય હનસારિયાએ પેન્ડિંગ કેસોમાં વધારા માટે કેટલાક કારણો જણાવ્યા હતા. તેમણે કહ્યું કે, ધારાસભ્યો સામેના કેસો પાછા ખેંચવા રાજ્ય સરકારોના આદેશ, વિશેષ અદાલતોના જ્યુરિસડિક્શન અને સાંસદો તથા ધારાસભ્યો માટે વિશેષ અદાલતોમાં જ્યુડિશિયલ અધિકારીઓ માટે બે વર્ષની ફિક્સ મુદત જેવા પરીબળો નેતાઓ સામેના પેન્ડિંગ કેસો માટે કારણભૂત છે. એમિકસ ક્યુરીના રિપોર્ટ મુજબ બિહારમાં સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં ૫૫૭ કેસ પેન્ડિંગ હતા.

# ઈસરોના મિશનને ઝટકો : લોન્ચિંગની ઘડીએ જ EOS-3 સેટેલાઈટનું એન્જિન બંધ થઈ ગયું

**બેંગ્લોર**

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ઈસરો 12 ઓગષ્ટની સવારે 5:45 કલાકે એક નવો ઈતિહાસ રચવાથી ચૂકી ગયું હતું. અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ (EOS-3) સાથે GSLV-F10 રોકેટે ઉડાન તો ભરી પરંતુ મિશન સમયથી 10 સેકન્ડ પહેલા જ ખરાબ થઈ ગયું. મિશન કંટ્રોલ સેન્ટરને રોકેટના ત્રીજા સ્ટેજમાં લાગેલા ક્રાયોજેનિક એન્જિનથી 6:29 મિનિટે સિગ્નલ અને આંકડા મળવા બંધ થઈ ગયા હતા. ત્યાર બાદ મિશન કંટ્રોલ સેન્ટરમાં વૈજ્ઞાનિકોના ચહેરા પર તણાવની રેખાઓ દેખાવા લાગી હતી. વૈજ્ઞાનિકોએ થોડા સમય સુધી આંકડાઓ મળે કે વધુ માહિતી મળે તે માટે રાહ જોઈ હતી. બાદમાં મિશન ડાયરેક્ટરે સેન્ટરમાં બેઠેલા ઈસરો ચીફ ડો. કે. સિવનને તમામ માહિતી આપી હતી. ત્યાર બાદ



ઈસરો પ્રમુખે જણાવ્યું કે, ક્રાયોજેનિક એન્જિનમાં તકનિકી ખામી જાણવા મળી છે. આ કારણે મિશન સંપૂર્ણપણે સફળ નથી થઈ શક્યું.

# રૂપિયા ૭૫ કરોડની જીએસટી ચોરી બદલ SNK પાનમસાલાના માલિકની ધરપકડ

## નવીન કુરલે અને અવિનાશ મોદીની ધરપકડ કરાયાનો GST અધિકારીઓનો દાવો

**કાનપુર**

ડીજીજીઆઈ, મેરઠની ટીમે એસએનકે પાન મસાલાના માલિક નવીન કુરેલે અને ડાયરેક્ટર અવિનાશ મોદીની ધરપકડ કરી છે. ૨૪ કલાક સુધી ચાલેલી તપાસ પછી આ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસ ૭૫ કરોડ રૂપિયાની જીએસટી ચોરી સાથે જોડાયેલો છે. આ કેસમાં અન્ય લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ જીએસટી એક્ટની કલમ ૧૩૨(૧) હેઠળ કરવામાં આવી છે. જીએસટી લાગુ થયા પછી કોઈ મોટા ઉદ્યોગપતિ શહેરમાં કરવામાં આવેલી આ પ્રથમ ધરપકડ છે.

જીએસટીની કલમ ૧૩૨થી મોટા મોટા ઉદ્યોગપતિ ગભરાય છે કારણકે આ કલમ હેઠળ જ જીએસટી અધિકારીઓને ધરપકડ કરવાની સત્તા મળી છે. પાન મસાલાના મોટા ઉદ્યોગપતિ નવીન કુરેલે અને અવિનાશ મોદીની ધરપકડ આ કાયદાના ભંગ બલ જ કરવામાં આવી છે. તેમના પર બિલ વગર ૭૫ કરોડ રૂપિયાનો માલ વેચવાનો આરોપ છે.

મેરઠ કમિશનરની ટીમે કલમ ૧૩૨(૧) એ હેઠળ કેસ દાખલ કર્યો છે. જો જીએસટી કમિશનરની પાસે એવા કારણ છે જેનાથી પ્રમાણિત થાય છે કે ઉદ્યોગપતિએ કલમ ૧૩૨ની પેટા કલમ એ, બી, સી અને ડીમાં ઉલ્લેખિત કર ચોરીનો અપરાધ કર્યો છે તો જીએસટી કમિશનર આવા વિશેષ કેસોમાં જ્યાં કર ચોરીની રકમ બે કરોડ રૂપિયાથી વધારે હોય તો ધરપકડના આદેશ આપી શકે છે.

# રાજકારણના અપરાધીકરણ મુદ્દે 9 પક્ષ દોષિત ઠર્યા, 8ને દંડ કરાયો

**નવી દિલ્હી, તા.૧૦**

રાજકારણ અને ચૂંટણીમાં અપરાધીકરણના મુદ્દે સુપ્રીમ કોર્ટે મંગળવારે આકરું વલણ અપનાવતાં બિહારમાં ભાજપ અને કોંગ્રેસ જેવા રાષ્ટ્રીય પક્ષો સહિત કુલ નવ પક્ષોને કોર્ટની અવમાનના બદલ દોષિત ઠેરવ્યા હતા અને આઠ પક્ષોને દંડ ફટકાર્યો હતો. બિહાર ચૂંટણીના સંદર્ભમાં સુપ્રીમ કોર્ટની આ આકરી કાર્યવાહી બધા જ રાજ્યો અને કેન્દ્રીય સ્તરે બધા જ પક્ષો માટે આંખ ઉઘાડનારી છે. બિહાર ચૂંટણીમાં ઉમેદવારોનો ગૂનાઈત ઈતિહાસ જાહેર કરવાના આદેશનું પાલન ના કરવા બદલ સુપ્રીમ કોર્ટે આ આકરું પગલું ઉઠાવ્યું છે. સુપ્રીમે ભાજપ અને કોંગ્રેસ સહિત નવ રાજકીય પક્ષોને અવમાનના બદલ દોષિત ઠેરવ્યા છે. સુપ્રીમ કોર્ટે એનસીપી અને સીપીએમ પર પાંચ-પાંચ લાખ રૂપિયા જ્યારે કોંગ્રેસ અને ભાજપને એક-એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. રાષ્ટ્રીય જનતા દળ, જનતા દળ, લોક જનશક્તિ પાર્ટી અને સીપીઆઈને પણ એક-એક લાખ રૂપિયાનો દંડ કરાયો છે. સુપ્રીમ કોર્ટે ચાર સપ્તાહની અંદર ચૂંટણી પંચને દંડની રકમ જમા કરવા માટે કહ્યું છે. સાથે જ ચેતવણી આપી છે કે ભવિષ્યમાં તે સુપ્રીમ કોર્ટના આદેશોનું પાલન કરે. નહીં તો આ બાબતને ગંભીરતાથી લેવામાં આવશે.

# હવે મધ્યપ્રદેશમાં ગેરકાયદે દારૂ વેચનારાને થશે ફાંસી, આબકારી બિલને મંજૂરી

**ભોપાલ**

મધ્યપ્રદેશ કેબિનેટે ગેરકાયદેસર દારૂ વેચતા લોકોને મોતની સજા આપતા સુધારા બિલ 'મધ્યપ્રદેશ આબકારી(સુધારા)બિલ ૨૦૨૧'ને મંજૂરી આપી દીધી હતી. આ નવા સુધારા બિલમાં ગેરકાયદેસર દારૂ વેચતા આરોપી પર ૨૦ લાખ રૂપિયા સુધીના દંડ અને ફાંસીની સજાની જોગવાઈ કરવામાં આવી છે. નાણાં અને આબકારી મંત્રી જગદીશ દેવડાએ વિધાનસભામાં આ બિલને રજૂ કર્યું હતું જેને ચર્ચા વગર બહુમતીએ મંજૂર કરી દેવામાં આવ્યું હતું. હવે આ બિલને રાજ્યપાલ મંગુભાઈ પટેલ પાસે મંજૂરી માટે મોકલવામાં આવશે તેઓની મંજૂરી મળ્યા બાદ આ કાયદો અમલી બની જશે.

# હાઇકોર્ટોમાં જજની 41 ટકા જગ્યા ખાલી, ટ્રિબ્યુનલોમાં પણ તેવી જ સ્થિતિ

**નવી દિલ્હી**

દેશભરની હાઈકોર્ટોમાં ન્યાયાધીશોની જગ્યાઓ ભરવાના મામલે ઠાગાઠૈયા કરતી કેન્દ્ર સરકારનો ઉધડો લેતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર ન્યાયાધીશોની નિમણૂકો ન કરીને લોકશાહીના ત્રીજા સ્તંભને ઠપ કરી રહી છે. જો સરકારનો આ જ અભિગમ ચાલુ રહ્યો તો એક દિવસ સરકારનું વહીવટીતંત્ર પણ ઠપ થઈ જશે.

જસ્ટિસ સંજય કિશન કૌલ અને જસ્ટિસ ઋષિકેશ રોયની બનેલી બેન્ચે સરકારને જણાવ્યું હતું કે સરકારી ઓથોરિટીએ સમજવું જોઈએ કે આ રીતે કામ ન ચાલે. જો કમે ન્યાયતંત્રને ઠપ કરવા માગતા હો તો તમારી સિસ્ટમ પણ ઠપ થઈ જશે. સરકારે તેની મર્યાદા પાર કરી નાંખી છે. તમે લોકશાહીના ત્રીજા સ્થંભને ઠપ ન થવા દઈ શકો.

કેન્દ્ર સરકાર વતી પેરવી કરનાર એડિશનલ સોલિસીટર જનરલ માધવી દિવાનને બેન્ચે જણાવ્યું હતું કે ન્યાયાધીશોની મોટી તંગી છે પણ તમને કશો રસ નથી. જો ન્યાયતંત્ર ઠપ થઈ જશે તો તમારી વહીવટ યંત્રણા પણ ઠપ થઈ જશે. સરકારે હવે આ બાબતે વાસ્તવમાં કેળવવાનો સમય પાકી ગયો છે.

# દિલ્હી એરપોર્ટ પર રૂ. 53 કરોડના હેરોઈન સાથે બે અફઘાનીઓની ધરપકડ

**નવી દિલ્હી**

નવી દિલ્હી : નવી દિલ્હીના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર 53 કરોડ રૂપિયાના હેરોઈનની દાણચોરી કરવા બદલ બે અફઘાન નાગરિકોની ધરપકડ કરવામાં આવી છે. કસ્ટમના અધિકારીઓના જણાવ્યા અનુસાર શેમ્પુ અને હેર કલરની બોટલમાં હેરોઈન સંતાડીને લાવવામાં આવ્યું હતું. અફઘાનિસ્તાનના આ બંને નાગરિકો તેહરાનથી વાયા દુબઈ થઈને ભારત આવ્યા હતાં. કસ્ટમ વિભાગે એક નિવેદનમાં જણાવ્યું છે કે યાત્રીઓની બેગ ચેક કરતી વખતે અફઘાન નાગરિકોની બેગમાં શંકાસ્પદ વસ્તુઓ જોવા મળી હતી. આ અંગે વધુ તપાસ હાથ ધરતા જાણવા મળ્યું હતું કે હેર કલર અને શેમ્પુની બોટલોમાં હેરોઈન છે.


# મણિબહેને સભા સ્થળે જાહેરાત કરી કે મોરારજીભાઈને સાંભળવા આવતા લોકોને બળપૂર્વક રોકવામાં આવે છે

**ગતાંકથી શરૂ...**

તેઓ આ દરમિયાન વૉર્ડમાં ફરીને કર્ફ્યુ બરાબર પળાય તે જુએ તેમ નક્કી કર્યું. જિતેન્દ્રભાઈ મહેતાની સહીથી આ કર્ફ્યુ પાસ અપાયા. આવા જ કર્ફ્યુ પાસ વિદ્યાર્થી સમિતિએ પણ પોતાના કાર્યકરોને આપીને આંદોલનની પાછળ કોઈ ગુંડાતત્ત્વો નથી, પરંતુ નાગરિકોનું સ્વયંભૂ આંદોલન છે તેનો પડઘો આ રીતે જ આપી શકાય તેમ પ્રજાએ પણ માની લીધું. તેથી જીવન જરૂરી ચીજવસ્તુ ખરીદવા પણ કોઈ બહાર ન આવે તેવું અગાઉથી જણાવી દીધું.

**એક ચમત્કાર**

૧૯મી ઑગસ્ટે દેશ તેમજ દુનિયાને ચમત્કારનાં દર્શન કરાવેલાં. શહેરના લત્તે લત્તે નાકા ઉપર જુવાનો ગોઠવાઈ ગયા. જાહેર રાજમાર્ગ ઉપર પોલીસ કે કોઈ પણ ફરે તેને કોઈ માણસ નજરે જ ન પડે તેવી વ્યવસ્થા ગોઠવાઈ. લોકો પોતાની પોળ કે લત્તામાં જ રહ્યા. લત્તાની અંદર ગલીઓમાં છોકરાઓ અને યુવાનો ક્રિકેટ વગેરે રમતો રમવા માંડયા, પરંતુ હિંદુ કે મુસલમાનો કોઈ પણ બંદોબસ્ત વગર સૌએ જનતા કર્ફ્યુ પાળ્યો. આ સમાચારથી હકીકતમાં આખી દુનિયા ચકિત થઈ ગઈ. આ દિવસે દેશ-વિદેશના જેવા કે ઈંગ્લૅન્ડ, જર્મની, અમેરિકા, પેરિસ, ઑસ્ટ્રેલિયા, કેનેડા, દિલ્હી, મદ્રાસ, કોલકાતાના પત્રકારો અમદાવાદ આવી પહોંચેલા. તેમને કુતૂહલ થયેલું કે આ જનતા કર્ફ્યુ શું છે ? તેઓ શહેરભરમાં ફર્યા અને ફરવાની કર્ફ્યુ પરમિટ વિદ્યાર્થી સમિતિના આગેવાન બ્રહ્મકુમાર ભટ્ટ અને કરસનદાસ પરમારને પણ કર્ફ્યુનો અસરકારક અમલ જોવાની જવાબદારી આપી હતી. સૌ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. સૌને ખાતરી થઈ કે આ આંદોલનને વ્યવસ્થિત સંગઠનનું સ્વરૂપ આપવામાં આવે તો આ પ્રજાની તાકાતની સામે સત્તા ટક્કર લઈ શકશે નહીં. તે દરમિયાન જે પોલીસ અધિકારીઓ મળ્યા તે તો આશ્ચર્યમાં જ ડૂબી ગયેલા, કેમ કે જે શહેરમાં પોલીસ કર્ફ્યુ દરમિયાન હજારોની સંખ્યામાં લોકો નીકળીને હુકમોનો ભંગ કરતા હતા ત્યારે અહીં જડબેસલાક શાંત કર્ફ્યુ હતો. તે જે શહેરમાં આવા જનતા કર્ફ્યુના અમલમાં પોલીસને કશું કરવાનું જ ન હોય. તેમને માત્ર બેસી રહેવાનું અને રસ્તા સાવ નિર્જન અને સૂમસામ એવું દશ્ય સર્જાયું.



પ્રકરણ 5

**સભાનો કરુણ રકાસ**

મોરારજીભાઈ જે સ્થળે સભાને સંબોધવાના હતા ત્યાં બરાબર સાંજના પાંચ વાગે મિટિંગના સ્થળે વાંસવળીઓ બાંધી વિભાગો પાડવામાં આવ્યા. મોટી સંખ્યામાં લાઉડ સ્પીકરો બાંધી દેવાયાં. હજારો લોકો આવશે તેવી અપેક્ષા સાથે સભાની તૈયારી કરવામાં આવી હતી. કોંગ્રેસ ભવનમાંથી થોડા કોંગ્રેસી આગેવાનો અને સેવાદળના સૈનિકો જ આવ્યા. સરકારે મોટી સંખ્યામાં પોલીસ દળ સાદાં વસ્ત્રોમાં ખડકી દીધું હતું, પરંતુ લોકો આવ્યા નહીં. સભાની કરુણ પરિસ્થિતિની જાણ કોંગ્રેસ હાઉસમાં ચાલતી બેઠકમાં મોરારજીભાઈને કરવામાં આવી તેથી તેઓ સભા સ્થળે આવ્યા જ નહીં. પરંતુ સરદાર સાહેબનાં પુત્રી કુ. મણિબહેન પટેલે સભા સ્થળે એવી જાહેરાત કરી કે મોરારજીભાઈને સાંભળવા આવતા લોકોને બળપૂર્વક રોકવામાં આવે છે તેથી મોરારજીભાઈ ઉપવાસ પર ઊતરી ગયા છે. આ જાહેરાતથી સન્નાટો મચી ગયો. સભા રદ થઈ છે તેવી જાહેરાત કરવામાં આવી. આ પ્રસંગનો ઉલ્લેખ મહાગુજરાતની ચળવળના આગેવાન બ્રહ્મકુમાર ભટ્ટે 'લે કે રહેંગેમહાગુજરાત'માં વિસ્તૃત રીતે કર્યો છે.

> પોલીસ અધિકારીઓ આશ્ચર્યમાં મુકાયા કારણ કે જે શહેરમાં કર્ફ્યુ હતો ત્યાં હજારોની સંખ્યામાં લોકો નીકળીને હુકમોનો ભંગ કરતા હતા અને અહીં જડબેસલાક કર્ફ્યુ હતો.

**દેવેન્દ્ર પટેલ**
સંપર્ક
+91 98792 07102

# પાલનહાર અલ્લાહે કુરાન મજીદમાં સમસ્ત માનવજાત માટે વર્ણન કરેલ પોતાની કાર્યશક્તિની અગણિત નિશાનીઓ થકી માનવજાત માટે બોધગ્રહણ

ભાગ-૨

અમુક બીજા વિશિષ્ટ બોધવચનો આ પ્રમાણે છેઃ-

"તે (અલ્લાહ)ની નિશાનીઓ પૈકી એક નિશાની આ છે કે તેણે તમારૂં માટી માંથી સર્જન કર્યું. પછી તમે એકાએક મનુષ્ય થઈ ધરતીમાં ફેલાતા જઈ રહ્યા છો. અને તેની નિશાનીઓ પૈકી એક નિશાની આ છે કે તેણે તમારા માટે તમારી જ જાતિ માંથી પત્નીઓ બનાવી, જેથી તમે તેમની પાસે આરામ મેળવી શકો. અને તેણે (અલ્લાહે)તમારી વચ્ચે પ્રેમ અને દયા પેદા કરી દીધા. ખચિત આમાં ઘણી નિશાનીઓ છે એ લોકો માટે જેઓ વિચાર ગહન કરે છે. અને તેની નિશાનીઓ પૈકી આકાશો અને ધરતીનું સર્જન અને તમારી જુદી જુદી ભાષાઓ તથા તમારા રંગોમાં ભિન્નતા છે. ખચિત આમાં ઘણી નિશાનીઓ છે સમજદાર લોકો માટે. અને તેની નિશાનીઓ પૈકી તમારૂં રાત્રિમાં અને દિવસમાં ઉંઘવુ અને તમારૂં તેની કૃપા (ફઝલ) શોધવું છે. ખચિત આમા ઘણી નિશાનીઓ છે એ લોકો માટે જેઓ ધ્યાનપૂર્વક સાંભળે છે. અને તેની નિશાનીઓ પૈકી એક નિશાની આ છે કે તે (અલ્લાહ) તમને વિજળીનો ચમકારો દેખાડે છે, ભય સાથે પણ અને આશા સાથે પણ, અને આકાશ માંથી પાણી વરસાવે છે. પછી તેના વડે ધરતીને તેના મૃત્યુ પછી (સુકી થઈ ગયા પછી) જીવન બક્ષે છે (હરીયાળી કરી દે છે). ખચિત આમાં પણ ઘણી નિશાનીઓ છે એ લોકો માટે જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે. અને તેની નિશાનીઓ પૈકી એક નિશાની આ છે કે આકાશો અને ધરતી તેના (અલ્લાહના) આદેશથી સ્થાપિત (કાયમ) છે. પછી જેવા તે તમને ધરતી માંથી પોકારશે, બસ એક જ પોકાર માંથી તમે એકાએક નીકળી આવશો."(પ્રકરણ ૩૦, શ્લોક ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫)

ઉપર આપેલા છ બોધવચનોમાં પાલનહાર અલ્લાહે પોતાની જુદી જુદી કાર્ય શક્તિઓની નિશાનીઓ વિષે વર્ણન કરેલ છે અને તે બોધવચનોના અંતિમ ભાગમાં ભારપુર્વક જણાવેલ છે કે આ નિશાનીઓ એ લોકો માટે બોધગ્રહણ કરવા કાજે છે, જેઓ વિચાર ગહન કરે છે, જેઓ સમજદાર છે, જેઓ ધ્યાનપૂર્વક સાંભળે છે તથા જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે.


મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

બીજા બોધવચનો આ પ્રમાણે છે :-

"તે (અલ્લાહ) જ છે જેણે આકાશ માંથી તમારા માટે પાણી વરસાવ્યું, જેનાથી તમે પોતે પણ તૃપ્ત થાવ છો અને તેના થકી તમારા પશુઓ માટે પણ ઘાસચારો થાય છે. તે (અલ્લાહ) આ પાણી વડે ખેતી પેદા કરે છે અને ઝયતુન (ઓલીવ) અને ખજૂર અને દ્રાક્ષ અને અન્ય પ્રકારના બીજા ફળો પેદા કરે છે. ખચિત આમા એક મોટી નિશાની છે એ લોકો માટે જેઓ વિચાર ગહન કરે છે. તેણે (અલ્લાહે) તમારી ભલાઈ માટે રાત્રિ અને દિવસ ને તથા સુર્ય અને ચંદ્રને કામે લગાડેલ છે, અને બધા તારાઓ પણ તેનાજ આદેશથી કામે લાગેલા છે. આમા ઘણી નિશાનીઓ છે એ લોકો માટે જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે. અને આ જે રંગબેરંગી વસ્તુઓ તેણે (અલ્લાહે) તમારા માટે ધરતીમાં પેદા કરેલ છે, એમાં પણ ચોક્કસ નિશાનીઓ છે કે એ લોકો માટે જેઓ બોધગ્રહણ કરનારાઓ છે." (પ્રકરણ ૧૬, શ્લોક ૧૦, ૧૧, ૧૨ અને ૧૩)

**ઈસ્લામની આરસી**
કાસિમ અબ્બાસ

ઉપર આપેલા ચાર બોધવચનોમાં પાલનહાર અલ્લાહે પોતાની જુદી જુદી કાર્ય શક્તિઓની નિશાનીઓ વિષે વર્ણન કરેલ છે અને બોધવચનોના અંતિમ ભાગમાં જણાવેલ છે કે આ સર્વે નિશાનીઓથી એ લોકો બોધગ્રહણ કરે છે જેઓ વિચાર મનન કરે છે, જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે અને જેઓ ખરેખર બોધગ્રહણ કરનારાઓ માંના છે.

અમુક બીજા બોધવચનો આ પ્રમાણે છે :-

"અને અમે આ ધર્મગ્રંથ (કુરાન મજીદ) તમારા ઉપર એટલા માટે ઉતારેલ છે કે તમે એ મતભેદોની હકીકત તેમની સામે સ્પષ્ટ કરી દો, જેઓ તેમાં પડેલા છે.આ ધર્મગ્રંથ (કુરાન મજીદ) માર્ગદર્શન અને કૃપા બનીને ઉતરેલ છે એ લોકો માટે જેઓ શ્રધ્ધા ધરાવે છે (ઈમાન લાવે છે). (તમે દરેક વર્ષાઋતુમાં જુઓ છો કે) અલ્લાહે આકાશ માંથી પાણી વરસાવ્યું અને એકાએક મૃત પડેલી (સુકાયેલી) ધરતીમાં તેના વડે પ્રાણ પુરી દીધા (હરીયાળી બનાવી દીધી). ખચિત આમાં એક નિશાની છે તે લોકો માટે જેઓ ધ્યાનપૂર્વક સાંભળે છે. અને તમારા માટે પશુઓમાં પણ એક બોધપાઠ રહેલો છે. તેમના પેટમાંથી છાણ અને લોહીના વચ્ચેથી એક વસ્તુ (દુધ) અમે તમને પીવડાવીએ છીએ, જે પીનારાઓ માટે અત્યંત સ્વાદિષ્ટ હોય છે. આવી જ રીતે ખજુરના વૃક્ષો તથા દ્રાક્ષના વેલાઓ માંથી પણ એક વસ્તુ તમને પીવડાવીએ છીએ, જેને તમે કેફી પણ બનાવી લો છો, અને શુદ્ધ ખોરાક પણ. ખચિત આમા પણ એક નિશાની છે એ લોકો માટે જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે." (પ્રકરણ ૧૬, શ્લોક ૬૪, ૬૫, ૬૬ અને ૬૭)

ઉપર આપેલા બોધવચનોમાં પાલનહાર અલ્લાહે પોતાની જુદી જુદી કાર્યશક્તિઓની નિશાનીઓનું વર્ણન કરેલ છે અને બોધવચનોના અંતિમ ભાગમાં જણાવેલ છે કે આ સર્વે નિશાનીઓ એ લોકો માટે બોધપાઠ સમાન છે, જેઓ શ્રધ્ધા ધરાવે છે (ઈમાન લાવે છે), જેઓ ધ્યાનપૂર્વક સાંભળે છે અને જેઓ બુદ્ધિનો ઉપયોગ કરે છે.

કુરાન મજીદમાં આ પ્રકારના અસંખ્ય બોધવચનો આપવામાં આવેલ છે, જેમાં પાલનહાર અલ્લાહ પોતાની જુદી જુદી કાર્ય શક્તિઓનું વર્ણન કરે છે અને જણાવે છે કે તેની આ સર્વે કાર્યશક્તિઓમાં નિશાનીઓ છે, જેથી શ્રધ્ધાળુઓ, સમજદાર લોકો, બુદ્ધિનો ઉપયોગ કરનારાઓ વગેરે આ નિશાનીઓ થકી બોધગ્રહણ કરી શકે.

તે માટે મનુષ્યને આ સર્વે નિશાનીઓ થકી બોધગ્રહણ કરવો જોઈએ અને પાલનહાર અલ્લાહ તરફ આભાર વ્યક્ત કરવો જોઈએ કે આ સર્વે વસ્તુઓ તેણે માનવજાતના ફાયદા માટે બનાવેલ છે અને તે માટે તેણે પાલનહાર અલ્લાહના આદેશોનું ચુસ્તપણે પાલન કરવું જોઈએ, જેથી તેના બંને જીવનો સફળ થાય.

સમાપ્ત

# દેશમાં ફરી કોરોનાનો ઉપાડો , 41195 સંક્રમિત

## કોરોના વેક્સિનના વધુ 52 લાખ 36 હજાર ડોઝ આપવામાં આવ્યા, 24 કલાકમાં 39069 દર્દી સાજા થયા

**નવી દિલ્હી**

દેશમાં કોરોનાની ત્રીજી લહેરના ડરની વચ્ચે કોવિડ રસીકરણ અભિયાનમાં રોજ સરેરાશ ૪૦ લાખથી વધુ લોકોનું વેક્સીનેશન કરવામાં આવી રહ્યું છે. બુધવાર સાંજ સુધીમાં ૫૨ લાખ ૩૬ હજારથી વધુ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવી ચૂકયા છે. કોરોના સંક્રમિત થતા લોકોની સામે રિકવરી રેટમાં પણ સુધારો આવ્યો છે જેથી રોજ મૃત્યુ પામતા દર્દીઓની સંખ્યા ૫૦૦ની અંદર રહે છે. ગુરૂવાર સવારે સ્વાસ્થ્ય મંત્રાલયે જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૧,૧૯૫ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૪૯૦ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩,૨૦,૭૭,૭૦૬ થઈ ગઈ છે. બીજી તરફ, દેશમાં કુલ ૫૨,૩૬,૭૧,૦૧૯ લોકોને કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. મંગળવારના ૨૪ કલાકમાં ૪૪,૧૯,૬૨૭ કોરોના વેક્સીનના ડોઝ આપવામાં આવ્યા છે. વિશેષમાં, કોરોના વાયરસ મહામારી સામે લડીને ૩ કરોડ ૧૨ લાખ ૬૦ હજાર ૫૦ લોકો સાજા પણ થઈ ચૂકયા છે. ૨૪ કલાકમાં ૩૯,૦૬૯ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

### કેરળમાં રસી લેનારા 40,000થી વધુ સંક્રમિત

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર કેરળમાં કોરોના રસીના બંને ડોઝ લેનારા ૪૦,૦૦૦થી વધુ લોકો ફરી એકવાર કોરોના વાઇરસથી સંક્રમિત થયાં છે. કોરોના રસી લેનારામાં સંક્રમણના અહેવાલોથી ચિંતિત કેન્દ્ર સરકારે કેરળને આ પ્રકારના તમામ કેસ જિનોમ સિક્વન્સિંગ માટે મોકલી આપવા જણાવ્યું છે જેથી વાઇરસ સેમ્પલનું એનાલિસિસ કરી શકાય.

### કોવેક્સિન-કોવિશીલ્ડ મિક્સિંગને DCGIની મંજૂરી

ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ કોવેક્સિન અને કોવિશીલ્ડ વેક્સિનની મિક્સિંગ પર સ્ટડી માટે પોતાની મંજૂરી આપી દીધી છે. આ સ્ટડી અને ક્લીનિકલ ટ્રાયલ કરવાની જવાબદારી વેલ્લોરના ક્રિશ્ચિયન મેડિકલ કોલેજને મળી છે. કેન્દ્રીય દવા નિયમનકારની વિષય નિષ્ણાત સમિતિએ 29 જુલાઈએ સ્ટડી કરાવવા માટે સલાહ આપી હતી. દરમિયાન એક્સપર્ટ કમિટીએ સીએમસી, વેલ્લોરમાં ચોથા તબક્કાના ક્લીનિકલ ટ્રાયલને મંજૂરીની સલાહ આપી હતી.

### બેંગ્લોર, હિમાચલની શાળામાં કેસ મળી આવ્યા

બીજી લહેર હજુ સંપૂર્ણપણે પૂરી નથી થઈ ત્યાં ત્રીજી લહેરે પોતાનો પરચો દેખાડવાનું શરૂ કરી દીધું છે. બેંગલુરૂમાં આશરે ૬ દિવસમાં ૩૦૦ કરતા પણ વધારે બાળકો કોરોનાની લપેટમાં આવ્યા છે. હિમાચલ પ્રદેશમાં આશરે ૬૨ વિદ્યાર્થીઓ કોવિડની લપેટમાં આવ્યા છે. પંજાબમાં પણ ૨૭ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ આવ્યા છે અને હરિયાણાની શાળાઓમાં પણ કોરોનાના કેસ દેખાઈ રહ્યા છે.

# પેગાસસ જાસુસી કાંડ મામલે સુપ્રીમ કોર્ટમાં સોમવાર સુધી સુનાવણી ટળી

**નવી દિલ્હી**

પેગાસસ જાસૂસી મામલે જોડાયેલી નવ અરજીઓ પર સુપ્રીમ કોર્ટમાં આજે થનારી સુનાવણી આગામી સોમવાર સુધી ટળી ગઈ છે. સૉલિસીટર જનરલે કહ્યુ કે ફરિયાદની કૉપી હજુ વંચાઈ રહી છે. કોપી વાંચ્યા બાદ જ પોતાની દલીલ મૂકવામાં આવશે. જે બાદ મુખ્ય ન્યાયાધીશે સોમવાર સુધી સુનાવણી ટાળી. સુપ્રીમ કોર્ટમાં 11 વાગે પેગાસસ પર સુનાવણી શરૂ થઈ. મુખ્ય ન્યાયાધીશ એનવી રમણે પૂછ્યુ કે શુ કૉપી સરકારને આપવામાં આવી? જેની પર સૉલિસીટર જનરલે કહ્યુ કે યશવંત સિન્હાને છોડીને તમામની કૉપી મળી છે, હજુ અમે વાંચી રહ્યા છીએ. જે બાદ સરકાર પાસેથી નિર્દેશ લેશે, તેથી શુક્રવાર સુધીનો સમય આપવામાં આવે. મુખ્ય ન્યાયાધીશે કહ્યુ કે શુક્રવારે અમને કંઈક સમસ્યા છે. સોમવારે સુનાવણી કરી શકશે. આ દરમિયાન મુખ્ય ન્યાયાધીશ એનવી રમણે કહ્યુ કે જે પણ અરજીકર્તા અમારા સામે છે, અમારી સામે જ વાત કરો. અમારા પ્રશ્નોના જવાબ આપે. જો મીડિયા અથવા સોશ્યલ મીડિયા પર જ વાત મૂકવા ઈચ્છે તો અલગ વાત છે. અમે આશા રાખીએ છીએ કે તમે સમાંતર પ્રક્રિયા ન ચલાવો. કંઈક અનુશાસન હોવો જોઈએ.

# પ.બંગાળ: ભાજપ કાર્યકરની મૂક પત્ની ઉપર ટીએમસીના નેતાઓનો ગેંગરેપ

## પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ, બે સગીરની ધરપકડઃ મમતા સરકાર મુશ્કેલીમાં

**પશ્ચિમબંગાળ**

પશ્ચિમ બંગાળમાં ભાજપના કાર્યકરની મૂક પત્ની સાથે સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યા બાદ હાહાકાર મચી ગયો છે.

પશ્ચિમ બંગાળમાં ચૂંટણીના પરિણામ આવ્યા તે પછી શરૂ થયેલી હિંસાનો દોર ચાલુ જ છે અને ચોંકાવનારી વાત એ છે કે, મહિલાઓને પણ ટાર્ગેટ કરવામાં આવી રહી છે. મંગળવારે ભાજપ કાર્યકરની મૂક પત્ની પર



રેપ કરવામાં આવ્યા બાદ પીડિતાએ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે બે સગીર વયના લોકોની ધરપકડ કરી છે. આ ઘટના બાદ મમતા બેનરજીની પાર્ટી બેકફૂટ પર છે. ટીએમસીએ કહ્યુ છે કે, અમે પીડિતાની સાથે છે અને આ ઘટનામાં દોષિતોને સજા કરવામાં આવે. દરમિયાન બંગાળમાં ભાજપના વિરોધ પક્ષના નેતા શુવેન્દુ અધિકારીએ કહ્યુ છે કે, મહિલા સીએમના રાજમાં જ રેપને રાજકીય હથિયાર તરીકે વાપરવામાં આવી રહ્યુ છે. પોલીસ અને તંત્ર આ અમાનવીય અપરાધને ઢાંકવા માટે અને આરોપીઓને બચાવવા માટે પ્રયત્ન કરી રહ્યુ છે.

# પ્રધાનપદ ગુમાવનાર હર્ષવર્ધન, જાવડેકર નિશંક, અને સદાનંદ ગૌડાને બંગલો ખાલી કરવા નોટિસ

**નવી દિલ્હી**

કેન્દ્રીય મંત્રીમંડળમાંથી બહાર થયેલા મંત્રીઓને પોતાનો વર્તમાન બંગલો છોડવાનું કહેવામાં આવ્યું છે. તેના બદલામાં તેમને બીજો બંગલો પસંદ કરવાનું કહેવાયું છે. નવા મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને ૨૭ સફદરગંજ રોડવાળો બંગલો ફાળવવામાં આવ્યો છે. આ બંગલામાં હાલમાં ભૂતપૂર્વ શિક્ષણપ્રધાન રમેશ પોખરિયાલ નિશંક રહે છે.

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી ડો. હર્ષવર્ધન, સદાનંદ ગૌડા અને પ્રકાશ જાવડેકરનો બંગલો ખાલી કરવાની નોટિસ



પાઠવવામાં આવી છે. રામવિલાસ પાસવાનના પુત્ર ચિરાગ પાસવાનને પણ બંગલો ખાલી કરવાનું કહેવાયું છે.

કેન્દ્રીય પ્રધાનોને લ્યુટેન ઝોનમાં ટાઈપ-આઠનો બંગલો ફાળવવામાં આવે છે, જે લગભગ ત્રણ એકરમાં તૈયાર શાનદાર આઠ રુમનો હોય છે. બધા જ પ્રકારના સુખસગવડોથી સજ્જ આ બંગલાને કેબિનેટના મંત્રીપદેથી હટતા ખાલી કરવાની જોગવાઈ પણ છે. શહેરી વિકાસ મંત્રાલયનું એસ્ટેટ ડિપાર્ટમેન્ટ તેની જાળવણી કરે છે. જ્યારે આ બંગલાની ફાળવણી સંસદીય આવાસ સમિતિ કરે છે. ડોક્ટર હર્ષવર્ધનના નામે આઠ ૩૦ જાન્યુઆરી માર્ક બંગલો છે. રમેશ પોખરિયાલ નિશંકને ૨૭ સફદરજંગ રોડનો બંગલો મળ્યો છે. આ બંગલો ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન માધવરાવ સિંધિયાને લાંબા સમય સુધી ફાળવાયેલો રહ્યો હતો.

# રાહુલ બાદ હવે કોંગ્રેસનું સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ લોક કરી દેવાયું

**નવી દિલ્હી**

કોંગ્રેસ પાર્ટીએ દાવો કર્યો છે કે તેનું સત્તાવર ટ્વિટર અકાઉન્ટ 'લોક' થઈ ગયું છે. પાર્ટીએ આ સ્થિતિને ડિજિટલ ઈમર્જન્સી ગણાવીને મોદી સરકાર પર વાર કર્યો છે. કોંગ્રેસના સત્તાવાર હેંડલ પહેલા રાહુલ ગાંધી સહિત પાર્ટીના ઘણાં નેતાઓના અકાઉન્ટ 'લોક' થયા હતા. પાર્ટીએ મુંબઈ કોંગ્રેસ, અજય માકન, રણદીપસિંહ સુરજેવાલ, સુષ્મિતા દેવ, મણિકમ ટેગોર અને જિતેન્દ્રસિંહનું અકાઉન્ટ લોક થયાનો દાવો કર્યો. કોંગ્રેસ અકાઉન્ટ 'લોક' થવા પર ટ્વિટરની પ્રતિક્રિયા નથી આવી. પાર્ટીના સોશિયલ મીડિયા હેડે આ બધી કાર્યવાહી સરકારના દબાણ કરવામાં આવી હોવાનું કહ્યું છે. કોંગ્રેસના રોહન ગુપ્તાએ જણાવ્યું છે કે, ટ્વિટર સરકારના દબાણમાં કામ કરે છે. તેણે દેશભરમાં અમારા નતાઓ અને કાર્યકર્તાઓના ૫,૦૦૦ અકાઉન્ટ બ્લોક કર્યા છે. તેમણે સમજવું પડશે કે અમને ટ્વિટર કે સરકાર દબાવી શકતી નથી. ટ્વિટર લોક થયું હોવાની માહિતી કોંગ્રેસ પોતાના ફેસબૂક અકાઉન્ટના માધ્યમથી આપી છે અને અહીં સક્રીનશોટ પણ શેર કર્યો છે. જ્યાં કોંગ્રેસે લખ્યું છે કે, જ્યારે અમારા નેતાઓને જેલમાં બંધ કરવામાં આવ્યા, ટ્વિટર અકાઉન્ટ બંધ કરવાથી શું ખાખ ડરીશું.

# અનંતનાગમાં ભાજપના સરપંચ અને તેમના પત્નીની આતંકીઓ દ્વારા હત્યા

**નવી દિલ્હી**

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના અનંતનાગમાં ભાજપના સરપંચ અને તેની પત્નીની આતંકીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી. ગુલામ રસૂલ ડાર નામના સરપંચ અને ભાજપના જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ પર આતંકીઓએ ગોળીબાર કરી દીધો હતો. જેમાં તેમની પત્ની પણ ઘવાઈ હતી. બન્નેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. પંજાબ પોલીસે સોમવારે જણાવ્યું હતું કે અમૃતસરમાંથી ટિફિન બોક્સ બોમ્બ મળી આવ્યા બાદ પંજાબને હાઈએલર્ટ પર મુકવામાં આવ્યું છે. આ ટિફિન બોક્સ બોમ્બ પાકિસ્તાન દ્વારા ડ્રોન મારફતે ફેકવામાં આવ્યો હતો.

# કુલગામમાં BSF અને આંતકીઓ વચ્ચે અથડામણ, 3 આતંકી ઠાર

**શ્રીનગર**

જમ્મુ-કાશ્મીરમાં એક વાર ફરીથી આતંકીઓએ સેનાને નિશાન બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આતંકવાદીઓએ ગુરૂવારે બીએસએફના કાફલા પર હુમલો કર્યો. આ આતંકી હુમલા બાદ સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ પણ શરૂ થઈ ગઈ છે. ત્રણ આતંકી ફસાયા છે.

આતંકવાદીઓ વિરૂદ્ધ બીએસએફ ઑપરેશન ચલાવી રહ્યા હતા, ત્યારે આતંકીઓએ જવાન પર ફાયરીંગ શરૂ કરી દીધું હતું. બીએસએફના કાફલા પર આ હુમલો દક્ષિણ કાશ્મીરના કુલગામ જિલ્લામાં માલપોરા કાજીગુંડ નજીક હાઈવે પર થયો છે. આ હુમલામાં કોઈ જાનહાનિ થવાની જાણ નથી. હુમલા બાદ સેનાએ આતંકીઓને ઘેરી લીધા અને બંનેની વચ્ચે અથડામણ જારી છે. ત્રણ આતંકીઓના ફસાયા હોવાની વાત સામે આવી રહી છે. કાશ્મીરના આઈજીપી વિજય કુમારે એક ન્યુઝ એજન્સી સાથે હુમલાની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યુ છે કે કુલગામમાં બીએસએફના કાફલા પર આતંકીઓએ હુમલો કર્યો છે. કોઈ જાનહાનિ થઈ નથી. જોકે સેનાએ આતંકવાદીઓએ ઘેરી લીધા હતા.

# બિહારના સિવાનમાં પાંચ વર્ષની બાળકી પર રેપના પ્રયાસ બાદ હત્યા કરાઈ

**નવી દિલ્હી**

સિવાન : બિહારના સિવાનમાં પાંચ વર્ષની બાળકી પર રેપના પ્રયાસ બાદ તેની હત્યા કરી દેવામાં આવી હતી. જેને પગલે સ્થાનિકોનો રોષ પોલીસ પર ભભુક્યો હતો અને ભારે પથ્થરમારો પણ કર્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ સમગ્ર કેસના આરોપી પ્રદીપની ધરપકડ કરી લેવામાં આવી છે. પ્રદીપ આ ગામમાં પોતાના મામાના ઘરે આવ્યો હતો. મળેલી જાણકારી અનુસાર સોમવારે સાંજથી જ આ બાળકી ઘરેથી ગાયબ હતી. પરિવારજનોને શોધખોળ બાદ પણ તેની કોઈ જ જાણકારી ન મળી. બાદમાં પોલીસે શંકાના આધારે આરોપીને પકડી પાડયો હતો.

# ભાલાફેંકમાં ઓલિમ્પિક ગોલ્ડ મેડલ બાદ હવે વૈશ્વિક રેન્કિંગમાં નીરજ બીજા સ્થાને પહોંચ્યો



**નવી દિલ્હી**

ભારત માટે ભાલા ફેંકમાં ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીતીને ઈતિહાસ રચનારા નિરજ ચોપરા માટે બીજી સારી ખબર આવી છે. ભાલા ફેંકના ખેલાડીઓના વૈશ્વિક રેન્કિંગમાં નિરજ ચોપરા બીજા સ્થાને આવી ગયો છે. ટોકિયો ઓલિમ્પિકમાં ગોલ્ડ જિત્યા બાદ બીજા 14 ખેલાડીઓને પાછળ રાખીને નિરજે બીજો ક્રમ મેળવ્યો છે. ટોકિયો ઓલિમ્પિકમાં ભાગ લેતા પહેલા નિરજની વૈશ્વિક રેન્કિંગ 16 હતી. એ પછી નીરજે રેન્કિંગના મામલામાં દુનિયાના ઘણા દિગ્ગજોને પાછળ રાખી દીધા છે. નિરજ હવે વિશ્વ એથ્લેટિક્સ રેન્કિંગમાં 1315 પોઈન્ટ સાથે બીજા સ્થાન છે.

## અમેરિકા ૩૯ ગોલ્ડ સાથે મેડલ ટેલીમાં નંબર વન : ભારતને ૪૮મું સ્થાન મળ્યું

ટોક્યો ઓલિમ્પિકમાં સૌથી વધુ ગોલ્ડ જીતવાની રેસમાં અમેરિકાએ છેક છેલ્લા દિવસે ચીનને પાછળ પાડતાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું હતુ. અમેરિકાએ ૩૯ ગોલ્ડ મેડલની સાથે સાથે ૪૧ સિલ્વર અને 33 બ્રોન્ઝ એમ કુલ ૧૧૩ મેડલ્સ જીત્યા હતા. જ્યારે બીજા ક્રમે રહેલા ચીનને ૩૮ ગોલ્ડ, ૩૨ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝ એમ કુલ ૮૮ મેડલ્સ મળ્યા હતા. ભારતે તેના ઓલિમ્પિક ઈતિહાસનો સર્વશ્રેષ્ઠ દેખાવ કરતાં એક ગોલ્ડ, બે સિલ્વર અને ચાર બ્રોન્ઝ એમ કુલ સાત મેડલ જીત્યા હતા.

## ન્યૂઝિલેન્ડનો ભૂતપૂર્વ ખેલાડી ક્રિસ કેઈન્સનો મૃત્યુ સામે સંઘર્ષ



મેલબોર્નઃ ન્યૂઝીલેન્ડનો ભૂતપૂર્વ ક્રિકેટર ક્રિસ કેઈન્સ હાલમાં ઓસ્ટ્રેલિયાની હોસ્પિટલમાં મૃત્યુ સામે સંઘર્ષ કરી રહ્યો છે. ગત સપ્તાહે ક્રિસ કેઈન્સ એઓર્ટિક ડિસેક્શન નામની ગંભીર મેડિકલ ઈમજરન્સીને કારણે કેનબેરામાં ફસડાઈ પડયો હતો. જ્યાં તેને લાઈફ સપોર્ટ સિસ્ટમ પર રાખવામાં આવ્યો છે. તેની હાલત અત્યંત અત્યંત નાજુક છે અને આગામી દિવસોમાં તેને વધુ સારવાર માટે સીડનીની હોસ્પિટલમાં ખસેડવામાં આવી શકે છે.

એક સમયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં દિગ્ગજ ઓલરાઉન્ડર તરીકેની ઓળખ ધરાવતા કેઈન્સને એઓર્ટિક ડિસેક્શન થયું છે. જેમાં શરીરની ધોરી નસના અંદરના સ્તરને નુકસાન પહોંચે છે. જેના કારણે તે ફાટી જાય છે અને તેના કારણે પરિસ્થિતિ ગંભીર બને છે. ન્યૂઝિલેન્ડ હેરાલ્ડના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, હોસ્પિટલમાં તેના પર કેટલાક ઓપરેશન થઈ ચૂક્યા છે. આમ છતાં તેની સારવાર કરી રહેલા ડોક્ટરોને ધાર્યા પરિણામો મળી રહ્યા નથી.

# ઈંગ્લેન્ડ સામેની બીજી ટેસ્ટમાં ભારતનો સ્કોર 276/3, ટેસ્ટમાં રાહુલની 6ઠ્ઠી સદી

**લોર્ડ્સ**

લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર રમાય રહેલી ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી ટેસ્ટના પહેલા દિવસની ગેમ પૂરી થયા પછી ઈન્ડિયાએ 3 વિકેટના નુકસાને 276 રન કર્યા છે. કે.એલ. રાહુલ 127 રન અને અજિંક્ય રહાણે 1 રન કરી નોટઆઉટ છે. કેપ્ટન વિરાટ કોહલી 42 રન કર્યા બાદ જો રૂટના હાથે ઓલી રોબિન્સનની ઓવરમાં કેચ આઉટ થયો હતો. કોહલી અને રાહુલ વચ્ચે ત્રીજી વિકેટ માટે 117 રનની પાર્ટનરશિપ થઈ હતી. કે.એલ.રાહુલ લોર્ડ્સમાં સદી ફટકારનાર 10મો ભારતીય બેટ્સમેન બન્યો હતો. આ તેની એકંદર છઠ્ઠી ટેસ્ટ સદી છે. રોહિત શર્મા 83 રન બનાવી આઉટ થયો હતો. તેને જેમ્સ એન્ડરસને ક્લીન બોલ્ડ કર્યો હતો. રોહિત અને રાહુલ વચ્ચે પ્રથમ વિકેટ માટે 126 રનની પાર્ટનરશિપ થઈ હતી.



## ભારત અને ઈંગ્લેન્ડે સ્લો ઓવર રેટ બદલ બે પોઈન્ટ ગુમાવ્યા

દુબઈઃ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ શ્રેણીથી વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ના સમયગાળા માટેના ટેસ્ટ ચેમ્પિયનશિપના સર્કલનો પ્રારંભ થયો છે. પ્રથમ ટેસ્ટ મેચ ડ્રો થતાં બંને ટીમોને ૪-૪ પોઈન્ટ મળ્યા હતા. જોકે, સ્લો ઓવરરેટ બદલ મેચ રેફરી ક્રિસ બ્રોડે બંને ટીમોના ૨-૨ પોઈન્ટ કાપી લીધા છે. જેના કારણે પ્રથમ ટેસ્ટના અંતે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના પોઈન્ટ ટેબલમાં બંને ટીમોની પાસે માત્ર ૨-૨ પોઈન્ટ જ વધ્યા છે. મેચ રેફરીએ આઇસીસીના નિયમ અનુસાર બંને ટીમોને મેચ ફીના ૪૦-૪૦ ટકા રકમનો દંડ પણ ફટકાર્યો છે. સ્લો ઓવર રેટ બદલ ટીમોને પોઈન્ટ ગુમાવવા પડે છે, જે આખરે મોટા ફટકા સમાન સાબિત થાય છે. વર્ષ ૨૦૧૯થી ૨૦૨૧ સુધી રમાયેલી ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઓસ્ટ્રેલિયાએ ભારત સામેની બોક્સિંગ ડે ટેસ્ટમાં સ્લો ઓવર રેટ બદલ ચાર પોઈન્ટ ગુમાવ્યા હતા.

## રૂટ ટેસ્ટ બેટ્સમેન રેન્કિંગમાં ચોથા સ્થાને : વિરાટ કોહલી પાંચમા ક્રમે

**દુબઈ**

ઈંગ્લેન્ડના કેપ્ટન રૂટે ભારત સામેની પ્રથમ ટ્રેન્ટ બ્રિજ ટેસ્ટમાં સદી ફટકારવાની સાથે ટેસ્ટ બેટ્સમેન રેન્કિંગમાં ચોથું સ્થાન હાંસલ કરીને કોહલીને પાછળ રાખી દીધો છે. ભારતીય કેપ્ટન કોહલી ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં પહેલા જ બોલે આઉટ થયો હતો. વરસાદના વિઘ્નને કારણે ડ્રોમાં પરિણમેલી ટેસ્ટમાં બીજી ઈનિંગમાં તેને બેટીંગની તક મળી નહતી. આઈસીસી ટેસ્ટ બેટ્સમેન રેન્કિંગમાં કોહલી પાંચમા ક્રમે છે.જ્યારે ન્યૂઝિલેન્ડના કેપ્ટન વિલિયમસને ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. જ્યારે બીજા ક્રમે ઓસ્ટ્રેલિયન બેટ્સમેન સ્ટીવ સ્મિથ છે. ત્રીજા ક્રમે ઓસ્ટ્રેલિયાનો જ માર્કસ લાબુશેન છે. જે પછી ચોથા ક્રમે રૂટ, પાંચમાં ક્રમે કોહલી, છઠ્ઠા ક્રમે રોહિત શર્મા અને સાતમા ક્રમે રિષભ પંતનો સમાવેશ થાય છે. બુમરાહે ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં ૧૧૦ રન આપતાં નવ વિકેટ ઝડપી હતી. જેના કારણે તે ટેસ્ટ બોલર્સમાં ટોપ-૧૦મા પાછો ફર્યો છે. તેને નવમો ક્રમ આપવામાં આવ્યો છે. બુમરાહે આ સાથે સીધી ૧૦ ક્રમની છલાંગ લગાવી હતી. જ્યારે ઈંગ્લેન્ડનો એન્ડરસન એક ક્રમના સુધારા સાથે સાતમા સ્થાને આવી પહોંચ્યો છે. ટેસ્ટ બોલર્સમાં ઓસ્ટ્રેલિયાનો મિચેલ સ્ટાર્ક ટોચ પર છે.

## ક્રિકેટને ૨૦૨૮ના ઓલિમ્પિકમાં સમાવવા માટે ICCના પ્રયાસો

International Cricket Council

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સીલે ફરી એક વખત ક્રિકેટને ઓલિમ્પિકમાં સમાવવાના પ્રયાસો શરૂ કર્યા છે. આઈસીસીએ આ માટે એક ખાસ ઓલિમ્પિક વર્કિંગ ગ્રૂપની રચના કરી છે, જે ક્રિકેટને ઓલિમ્પિકમાં સમાવવા અંગેનો પ્રસ્તાવ તૈયાર કરવાથી માંડીને આગળની કાર્યવાહી હાથ ધરશે. આઈસીસીને આશા છે કે, વર્ષ ૨૦૨૮માં લોસ એંજલસમાં યોજાનારા ઓલિમ્પિકમાં ક્રિકેટનો સમાવેશ કરવામાં આવશે. પ્રત્યેક ઓલિમ્પિકના અંત બાદ આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક કાઉન્સીલ રમતો અંગે સમીક્ષા કરે છે અને વોટિંગના આધારે કેટલીક રમતોની બાદબાકી થાય છે, જ્યારે કેટલીક રમતોને ઓલિમ્પિક સ્પોર્ટસનો દરજ્જો આપવામાં આવે છે. ઈ.સ. ૧૯૦૦માં રમાયેલા ઓલિમ્પિકમાં ક્રિકેટની રમત સામેલ હતી. જેમાં ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સ વચ્ચે મુકાબલો ખેલાયો હતો. આઈસીસી ઈચ્છી રહ્યું છે કે, વર્ષ ૨૦૨૮ના અને ત્યાર બાદના ઓલિમ્પિકમાં નિયમિત રીતે ક્રિકેટનો એક રમત તરીકે સમાવેશ કરવામાં આવે.

Business Women Group
* Networking event for Businesses and Professionals
*Fashion Show and Stalls
*Delicious Appetizer and Dinner
*DJ, Dance and Fun-Prizes to WIN
COVID Protocols to be followed
Celebrating Local Women Entrepreneurs and their contributions to the community
$60 entry
BWG
Saturday, 28 August 2021
5:30 pm onwards
RED ROSE CONVENTION CENTRE
1233 Derry Rd E, Mississauga
ON L5T 1B6

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Personal Tax - File is Free For New Immigrants.
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# તાલિબાનો 90 દિવસમાં કાબુલ પર કબજો કરી લેશે: US

**કાબુલ**

અફઘાનિસ્તાનના નવ પ્રાંત પર કબજો જમાવીને તાલિબાનો હવે દેશના પાટનગર કાબુલની ફરતે પોતાનો ભરડો મજબૂત કરી રહ્યા છે ત્યારે અમેરિકન જાસૂસી સંસ્થાએ ચેતવણી ઉચ્ચારી છે કે, તાલિબાનો કાબૂલની ઘણા નજીક પહોંચી ગયા છે અને ૩૦ દિવસની અંદર પાટનગરને દેશથી વિખૂટું પાડી શકે તથા ૩૦થી ૯૦ દિવસમાં દેશના પાટનગર પર નિયંત્રણ મેળવી લેશે. જેને પરિણામે દેશનો કન્ટ્રોલ ફરીથી ઈસ્લામિસ્ટોના હાથમાં જતો રહેશે. દરમિયાન અફઘાન પ્રમુખે જનરલ વલી મોહમ્મદ અહમદઝઈને હટાવીને તેને સ્થાને સેન્યની કમાન જનરલ હૈબતુલ્લા અલીઝઈને સોંપવામાં આવી છે. કંદહારમાં અફઘાન દળો અને તાલિબાનો વચ્ચેનો જંગ ભીષણ બનતાં એક મહિલા, બાળક અને પોલીસ સહિત ઓછામાં ઓછા ૪૭ લોકોના મોત થયા હોવાના અહેવાલો છે. અફઘાનિસ્તાનમાં તાલિબાની રાજ પરત ફરી રહ્યું છે ત્યારે સૌથી ખરાબ સ્થિતિ મહિલાઓની થઇ રહી છે.

## અફઘાન આર્મીની એર સ્ટ્રાઈક, 439થી તાલિબાનીઓનો ખાતમો



અફઘાન સેનાએ બાલ્ખ પ્રાંતના મઝારમાં તાલિબાન પર હવાઈ હુમલો કર્યો છે જેમાં ઓછામાં ઓછા 18 તાલિબાન આતંકવાદીઓ માર્યા ગયા છે. જ્યારે સેના દ્વારા અત્યાર સુધીમાં કુલ 439 આતંકવાદીઓને ઠાર કરવામાં આવ્યા છે. આ દરમિયાન ઘણા સૈનિકો ઘાયલ પણ થયા છે. ક્રિકેટર રાશિદ ખાને પણ પોતાના ટ્વિટર એકાઉન્ટથી મદદની વિનંતી કરી છે. દુનિયાએ આ મુશ્કેલ સમયમાં અફઘાનને ટેકો આપવો જોઈએ.

**ભારતથી ભેટમાં આપેલા Mi-24 હેલિકોપ્ટર પર કબ્જો :** અફઘાનિસ્તાનમાં તાલિબાને અફઘાન વાયુસેનાના એમઆઇ-24 એટેક હેલિકોપ્ટરને પોતાના કબ્જામાં લઇ લીધુ છે. આ હેલિકોપ્ટરને ભારતે દોસ્તીની ભેટ સ્વરૂપે અફઘાનિસ્તાનને સોંપ્યુ હતું. આ હેલિકોપ્ટર પાસે તાલિબાનીઓની હાજરીનો એક વીડિયો પણ વાયરલ થઇ રહ્યો છે. એક જાણકારી અનુસાર તાલિબાનના કબ્જામાં આવેલ આ હેલિકોપ્ટર ખુબ જ ખરાબ સ્થિતિમાં છે. અફઘાન વાયુસેનાએ હેલિકોપ્ટર છોડતા સમયે તેમાથી એન્જીન અને બાકી જરૂરી ઉપકરણો નિકાળી લીધા હતા. આવામાં આ હેલિકોપ્ટર ઉડાણ ભરી શક્તુ નથી.

**તાલિબાનીઓના ડરથી અફઘાન વાયુસેનાના પાયલોટ્સ નોકરી છોડી રહ્યા છે :** તાલિબાન સામેના જંગમાં અફઘાનિસ્તાન સરકારને એક પછી એક ઝાટકા વાગી રહ્યા છે. તાલિબાનોને રોકવા માટે અફઘાનિસ્તાન સરકાર પોતાની એરફોર્સનો મહત્તમ ઉપયોગ કરવા માંગી રહી છે પણ એરફોર્સના લડાકુ વિમાનોની ખખડધજ હાલત તેમજ એરફોર્સના પાયલોટ્સને તાલિબાની આતંકીઓ નિશાન બનાવી રહ્યા હોવાથી પાયલોટો નોકરી છોડી રહ્યા છે.

# મધ્ય માલીમાં આતંકવાદીઓ દ્વારા 51 નિર્દોષની ઘાતકી હત્યા

**બામાકો**

નાઈજરની સરહદ પાસે આવેલા મધ્ય માલીમાં પોતાને જેહાદી તરીકે ઓળખાવનારા આતંકવાદીઓએ હુમલો કરી 51 લોકોને મોતને ઘાટ ઉતારી દીધા હતાં. મધ્ય માલીમાં આતંકવાદીઓએ ત્રણ ક્ષેત્રોમાં હુમલા કરી ઓછામાં ઓછા 51 લોકોના મારી નાખ્યા હતાં. અસોંગો જિલ્લા અધિકારી દ્વારા ગાઓ ક્ષેત્રના રાજ્યપાલને મોકલવામાં આવેલા પત્ર અનુસાર સાંજે 6 વાગ્યાની આસપાસ ઓટાગોના, કરો અને દેઉતેગુએફ શહેરો પર એક સાથે હુમલા કરવામાં આવ્યા હતાં. પત્રમાં જણાવવામાં આવ્યું હતું કે ઘરોમાં તોડફોડ કરવામાં આવી, જમીન પર આગ લગાવવામાં આવી અને પશુઓના જથ્થાને આતંકવાદીઓ પોતાની સાથે લઈ ગયા હતાં. આ હુમલામાં ઓછામાં ઓછા 51 નિર્દોષ લોકોના મોત થયા છે અને અનેક લોકો ઘાયલ થયા છે. આતંકવાદી હુમલાની જવાબદારી કોઈ પણ સંગઠને લીધી નથી. ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં માલી સેના, ફ્રાંસીસી અને યુરોપિયન સેના અને સંયુક્ત રાષ્ટ્ર સૈનિક ઈસ્લામિક સ્ટેટ અને અલ કાયદાથી જોડાયેલા આતંકવાદીઓ સામે ઝઝૂમી રહ્યાં છે.

# અમેરિકામાં એક જ અઠવાડિયામાં 94 હજાર બાળકોને કોરોનાનો ચેપ લાગ્યો

## કેનેડાએ ભારતથી આવતી સીધી ફલાઇટ પરનો પ્રતિબંધ 21 સપ્ટેમ્બર સુધી લંબાવ્યો

**વોશિંગ્ટન**

અમેરિકામાં ત્રણ દિવસથી રોજના સરેરાશ એક લાખ કેસો નોંધાઈ રહ્યા છે અને તેમાં પણ પંદર ટકા કેસો બાળકોમાં નોંધાઈ રહ્યા હોવાથી સરકારની ચિંતામાં વધારો થયો છે. અમેરિન એકેડમી ઓફ પિડિયાટ્રિક્સ-એએપી-ના એક સંશોધનમાં જણાયું છે કે છેલ્લા એક અઠવાડિયામાં 94,000 બાળકોને કોરોનાના ચેપની સારવાર આપવામાં આવી હતી.

જો કે, હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થનારા બાળકોની સંખ્યા બે ટકા કરતાં પણ ઓછી છે અને મરણાંક તો સાવ ઓછો છે.એએપી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે પાંચ ઓગસ્ટ સુધીમાં કોરોના મહામારીમાં કુલ 43 લાખ બાળકોને કોરોનાનો ચેપ લાગ્યો હતો. હાલ બાર વર્ષથી વધારે વયના 60 ટકા બાળકોને કોરોનાની રસીના બંને ડોઝ અને 70 ટકા બાળકોને કોરોનાની રસીનો એક ડોઝ અપાઈ ચૂક્યો છે. અમેરિકામાં ફાઈઝર કંપનીની રસી બાર વર્ષ કરતા વધારે વયના બાળકોને આપવા માટે મંજૂરી મળી ચૂકી છે. સેન્ટર ફોર ડિસિઝ કન્ટ્રોલના આંકડાઓ અનુસાર હાલ પાંચથી પંદર વર્ષના કિશોરો કોરોનાનો ભોગ વધારે બની રહ્યા છે. દરમ્યાન લુસિઆના, ફલોરિડા અને અરકાન્સાસમાં કોરોના મહામારીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. અરકાન્સાસમાં સૌથી વધારે મોત થયા છે.

# બાંગ્લાદેશમાં ચાર મંદિર, હિંદુઓના 100 ઘરો-દુકાનોમાં તોડફોડ : 10ની ધરપકડ

## મંદિરે જઇ રહેલા હિંદુઓને મસ્જિદના ઇમામે ભજન કિર્તન ગાતા અટકાવતા વિવાદ વકર્યો

**ઢાકા**

પાકિસ્તાન બાદ હવે બાંગ્લાદેશમાં હિંદુ મંદિરો પર હુમલાનું પ્રમાણ વધ્યું છે. બાંગ્લાદેશના ખુલના જિલ્લામાં ન માત્ર મંદિરોમાં તોડફોડ કરવામાં આવી સાથે સાથે હિંદુઓના 100થી પણ વધુ ઘરો અને દુકાનોમાં પણ ભારે તોડફોડ કરાઈ હતી. જેને પગલે પોલીસે દસ લોકોની ધરપકડ કરી છે અને સુરક્ષા વધારી દીધી છે.



શુક્રવારે રાત્રે અહીંના શૈલી ગામમાં હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જે બાદ મુસ્લિમોનું ટોળુ હિંદુઓના મંદિર અને મકાનો પર તુટી પડયું હતું. સૌથી પહેલા અહીંના શૈલી મહાસ્મશાન મંદિરને નિશાન બનાવવામાં આવ્યું હતું. જ્યાં મંદિરમાં રાખવામાં આવેલી મુરતીઓને તોડી નખાઈ હતી. બાદમાં અહીંના હરી મંદિર, દુર્ગા મંદિર, ગોવિંદા મંદિરમાં પણ ભારે તોડફોડ કરી હતી. અહીં છ દુકાનો અને 100 જેટલા મકાનોમાં પણ તોડફોડ કરી હતી જે બધા જ હિંદુઓના છે. એક જ દિવસમાં ચાર જેટલા મંદિરોમાં તોડફોડ કરી હતી. સમગ્ર વિસ્તારમાં પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે. અહીંથી હિંદુઓ કિર્તન ભજન કરતા કરતા મંદિર તરફ જઈ રહ્યા હતા.

# ગુજરાતી સમાજ દ્વારા આગામી 12 સપ્ટેમ્બરે વોલ્કઅથોનનું આયોજન

**ઓન્ટેરિયો**

જીએસએસએમ- ગુજરાતી સમાજ દ્વારા ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશનના ઉદઘાટન નિમિતે વોલ્કઅથોન કાર્યક્રમનું આયોજન 12મી સપ્ટેમ્બરે કરાયું છે. આ કાર્યક્રમ મિસિસાગા વેલીપાર્ક, ૧૨૭૫ મિસિસાગાવેલી બુલેવર્ડ, ખાતે યોજાશે. જે લોકોને તેમાં ભાગ લેવો હોય તેમણે https://www.trilliumgiving/gssmwalk ઉપર ઓનલાઈન નોંધણી કરવું આવશ્યક છે. જીએસએસએમનો ધ્યેય ૧૫૦૦૦ ડોલરનું ભંડોળ એકત્ર કરીને ટ્રિલિમ હેલ્થ પાર્ટનર્સની ત્રણ સંસ્થા, ક્રેડિટ વેલી હોસ્પિટલ, મિસિસાગા હોસ્પિટલ અને ક્વીન્સ વે હેલ્થ સેન્ટરની જરૂરિયાતને પૂર્તી કરવા મદદ કરવાનો છે. નોંધણી ફી અંગે જીએસએસએમએ અપીલ કરી છે કે, $ ૨૫ અથવા તેનાથી વધુ કિંમત ટ્રિલિયમ હેલ્થ પાર્ટનર્સ ફાઉન્ડેશનને દાન આપીને તમે નોંધણી કરાવી શકો છો. નોંધણી કરાવનારાઓને "ગુડી બેગ" પણ પ્રાપ્ત થશે.

સપ્ટેમ્બર ૧૨, ૨૦૨૧ના સવારે ૮.૩૦ વાગ્યે નોંધણી શરૂ થશે અને વોલ્કથોન સવારે ૯.૩૦ વાગ્યે, સાઈટ B, મિસિસાગા વેલીપાર્કથી શરૂ થશે.

# ગૂગલના વર્ક ફ્રોમ હોમ કરનાર કર્મીના પગારમાં ૨૫%ના ઘટાડાની શક્યતા

**ન્યૂયોર્ક**

ગૂગલના કર્મચારીઓ માટે નિરાશાજનક સમાચાર છે. ઘરેથી કામ કરતા કર્મચારીઓના પગારમાં ઘટાડો થઈ શકે છે. જો ગૂગલના કર્મચારીઓ કાયમ માટે ઘરેથી કામ કરવાનો વિકલ્પ પસંદ કરે છે તો તેમના પગારમાં ઘટાડો થઈ શકે છે. સિલિકોન વેલીમાં ઓફિસ આવીને કામ કરતા કર્મચારીઓ અને ઘરેથી કામ કરતા કર્મચારીઓ માટે વિભિન્ન પ્રકારના પ્રયોગો ચાલી રહ્યાં છે. અગાઉ પણ આવા પ્રયોગો થયા હતાં. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર જો કોઈ કર્મચારી સ્ટેનફોર્ડમાં પોતાના ઘરેથી કામ કરે છે તો તેમને ઓફિસ આવીને કામ કરનારા કર્મચારીઓની સરખામણીમાં ૧૫ ટકા ઓછો પગાર મળશે.

# ગ્લોબલ વોર્મિંગ વોર્નિંગ : ધરતીનું સરેરાશ તાપમાન 1.5 ડિગ્રી વધશે

**જીનીવા**

યુએનની ઈન્ટરગવર્નમેન્ટ પેનલે છટ્ઠો એસેસમેન્ટ રીપોર્ટ આપ્યો હતો. એ રીપોર્ટ દુનિયા માટે ખૂબ જ ચિંતાજનક છે. ગ્લોબલ વોર્મિંગની છેલ્લી વોર્નિંગ જેવા એ અહેવાલમાં કહેવાયું હતું કે પૃથ્વીનું તાપમાન અગાઉની ધારણાં કરતાં તીવ્ર ઝડપે 1.5 ડિગ્રી જેટલું વધી જશે. અગાઉ આઠ વર્ષ પહેલાં ઈન્ટરગવર્નમેન્ટ પેનલ ફોર ક્લાઈમેટ ચેન્જે આપ્યો હતો. રીપોર્ટમાં કહેવાયું હતું કે માનવજાતે જ પૃથ્વીનું નિકંદન કાઢ્યું છે.

યુએનની ક્લાઈમેટ પેનલે રીપોર્ટ આપ્યો છે એ પ્રમાણે પૃથ્વીનું તાપમાન 21મી સદીના અંત સુધીમાં 1.5 કે 2 ડિગ્રી વધવાનો અંદાજ હતો, પરંતુ હવે એ તાપમાન આગામી દોઢ- બે દશકામાં જ વધી જશે. 2015માં પેરિસ સંધિ થઈ તે વખતે 200 દેશોના નેતાઓએ એવી સમજૂતી પર હસ્તાક્ષર કર્યા હતા કે ઔદ્યોગિક વિકાસ પહેલાં પૃથ્વીનું જે સરેરાશ તાપમાન હતું, એમાં 1.5 ડિગ્રીથી વધારો ન થાય તે માટે પ્રયાસો કરાશે. કારણ કે, તે પહેલાં જ 20મી સદીમાં પૃથ્વીનું સરેરાશ તાપમાન 1.1 ડિગ્રી જેટલું વધ્યાનું નોંધાયું હતું.

# કોરોના વાયરસના સંકટ વચ્ચે આફ્રિકામાં 'મારબર્ગ' વાયરસ દેખાતાં દહેશત

**કેપટાઉન**

દુનિયામાં કોરોના વાયરસનુ સંકટ હજી ખતમ થયુ નથી ત્યાં વધુ એક ખતરનાક વાયરસે દેખા દીધી છે. પશ્ચિમી આફ્રિકન દેશ ગીનીમાં ઘાતક મારબર્ગ વાયરસનો પહેલો કેસ સામે આવ્યો છે. એ પછી અહીંના લોકોમાં દહેશનો માહોલ છે. આ વાયરસની હાજરીનુ વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઈઝેશને પણ સમર્થન કર્યુ છે. આ વાયરસ જાનવરો થકી માણસોમાં ફેલાતો હોય છે. મારબર્ગ વાયરસના કાણે ગીની નામના આ દેશમાં બે ઓગસ્ટ એક વ્યક્તિનુ મોત થયુ છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનનુ કહેવુ છે કે, આ વાયપરસ ચામાચિડિયાથી ફેલાય છે અને તેના કારણે મોતની ટકાવારી 88 ટકા સુધી રહે છે.

BUY-SELL-LEASE

Residential / Commercial / Investments / Preconstruction / Assignment Sale / Lease
In Toronto GTA & Surroundings Cities ( Ontario)

Leading in Pre- Construction! Platinum Access to Builders

Congratulations

Residential I Commercial & Leading in PRE-CONSTRUCTION

416 258 JANI (5264)
www.pranayjani.com

BUY I SELL I INVEST
Pranay Jani
Real Estate Broker



Call Toh Karna Hi Hoga!

♦ Town Home ♦ Detached Home ♦ Luxury Home ♦ Condominium

Upgrade / Investment / Vacation Properties or Downsize

Take Advantage of

- Rising Immigration Numbers
- Rising Rental Market
- Rising Housing Market Demand
- Rising Student Rental



Pranay Jani

Real Estate Broker

416-258-5264

www.pranayjani.com

HOT MARKET
LOW/STABLE INTERST RATE

Google Customer Reviews ★★★★★

Call Toh Karna Hi Hoga!

HOMELIFE HIGHER STANDARDS

G1 Realty INC. Brokerage
T 905-793-7797 F. 905-593-2619

2260, Bovaird Dr. E, Unit 202, Brampton ON L6R 3J5

# Dr. Salim Kapadia DDS
## Dental Centre

*Your Perfect Smile...* 2020 readers' choice Awards PLATINUM *Is Our Greatest Satisfaction!*



### SERVICES

- Smile Makeover
- Laser Teeth Whitening
- Dental Implants - Start to Finish
- Single Visit Root Canal
- Re-treatment of Failing Root Canal
- Surgical Wisdom Teeth Extraction
- Scaling & Root Planing
- White Tooth Colored Filling
- Implant Retained Dentures
- Complete & Partial Dentures
- Lumineers & Veneers
- Crown & Bridges(Zirconia & E.max)

1825 Markham Rd, Suite 102
Scarborough, ON M1B 4Z9
drsalimkapadiadental.com

**416-321-3268**



**MOTEL for SALE**

# NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com
Website: https://niraj-pancholi.c21.ca/

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty& Experience
Outstanding Achievement Award of Excellence: every year since 2011 to 2021 ...
Among TOP 75 PRODUCER IN CANADA &CENTURION PRODUCER AWARDS and many more ...

**Selling BUSINESS, COMMERCIAL & RESIDENTIAL PROPERTIES since 2011**
**Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings**



## MOTEL KING : Specializing in Selling Motels: LIST & SELL with confidence

| | |
|---|---|
| **18 Room Motel Near Pembroke - SOLD**<br>1.5 hrs from Ottawa / 4 hrs from GTA | **13 Room Motel Near Ottawa - $950,000**<br>Within the city, 3 rooms with full kitchenette<br>Low operating costs. All amenities near by |
| **42 Room Motel Near Timmins - $1,300,000**<br>On Hwy 11, Within the city, indoor corridor | **27 Room Motel in Thunder Bay - $1,999,000**<br>**60 Room Motel in Thunder Bay - $2,000,000** |
| **Small to Mid-Size Motels in Northern Ontario**<br>Price: $1,300,000 to $2,500,000 | **35+ Room Motel Near Sault Ste. Marie - $2,200,000**<br>VTB available, 40% down payment require from buyer |
| **Other 15 to 40 Room motels coming up for sale**<br>Price: $1M to $4.5M Buyers to have 40%-50% down payment | **Recently SOLD Motels Near**<br>Welland, London, Sarnia, North Nay, Cochrane, Sudbury, Pembroke |

**Motel Job or Working Partner opportunity**

**@ Experienced Motel Operator:** to run motel in northern Ontario, English & computer knowledge require. Good salary.
**@ Working Partner:**willing to invest minimum $200K, offering 25% to 50% partnership + management salary to run the motel in north

**SERIOUS BUYERS: you must need about 35% down payment & to sign buyer representation agreement. Call for personal meeting to see motel's financial & to discuss mortgage options. Private finance available.**

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph.: 905-366-8100